ઓક્ટોબર-૨૦૨૨
વર્ષ : ૧૫
અંક : ૦૪
મુલ્ય : રૂા. ૨૦/-

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)







દુર્ગ ઘટકને આંગણે મહાસભાની આકસ્મીક સહાયતા સમિતિ અંતર્ગત ઓનલાઈન સમુહ ભાગવત કથાના પ્રારંભ વેળાએ પોથીયાત્રામાં ઉપસ્થિત મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા સાથે સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર એવં પોથી પૂજન કરતા મહાસભા તથા છત્તીસગઢના પદાધિકારીશ્રીઓ દશ્યમાન થાય છે.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વાર્ષિક અધિવેશન - ગોંદિયા (મહારાષ્ટ્ર)
## તા. 30, 3૧ ડિસેમ્બર-૨૦૨૨, ૧ જાન્યુઆરી-૨૦૨૩ શુક્ર, શનિ, રવિવાર

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2020-2022
Posted at S.O. BHUJ on 2nd of Every Month.







Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Late Karmsinh Madhavji Tank
(Sinogra)

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| विद्यादान महादान || || परम पूज्य श्री गंगा मैया ध्रुव स्मृति || || सा विद्या या विमुक्तये ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

**આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ સહ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.**



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



સહ વીર્યં કરવાવહૈ

વર્ષ : ૧૫ અંક : ૦૪ ઓક્ટોબર-૨૦૨૨

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિયાર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિયાર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિયાર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


દુઃખ અને સુખમાં એટલો ફરક છે કે જ્યારે આપણે દુઃખ વહેંચીએ છીએ ત્યારે તે ઓછું થતું જાય છે. જ્યારે સુખ વહેંચીએ છીએ ત્યારે તે વધતું જાય છે. આજકાલ પરિવારોમાં એકબીજાની મનોભાવનાને ન જાણવાને કારણે જીવનમાં અશાંતિ, હતાશા અને નિરસતા જણાય છે જેને લઇને લોકો ડિપ્રેશનમાં જીવે છે અને આત્મહત્યા જેવો માર્ગ અપનાવે છે.

કોઇ પ્રત્યે 'સહાનુભૂતિ' દર્શાવવી અને 'સમાનુભૂતિ' પ્રગટ કરવી એ બન્નેમાં અંતર છે. 'સહાનુભૂતિ'નો અર્થ છે ''હું સમજું છું, તમને કેવું લાગી રહ્યું છે.'' અને 'સમાનુભૂતિ'નો અર્થ છે ''તમને જેવું લાગી રહ્યું છે એવું મને પણ લાગે છે.'' બીજાઓ ઉપર કરવામાં આવેલ અને પોતાની સાથે કરવામાં આવેલ અનુચિત વ્યવહારને આપણે અલગ અલગ દૃષ્ટિકોણથી જોઇએ છીએ. કોઇ સારા વ્યક્તિનો એક અત્યંત મહત્વપૂર્ણ ગુણ બીજાની અનુભૂતિઓને સમજવાનો છે. જેમાં આ ગુણ હોય છે તે સ્વયંને પૂછે છે કે, ''મને ત્યારે કેવું લાગે, જ્યારે બીજા કોઇ મારી સાથે આવો વ્યવહાર કરે ?''

વિદેશોમાં પાળવા માટે વિવિધ પ્રકારના પ્રાણીઓની દુકાનો હોય છે. એક છોકરો પાળવા માટે એક ગલુડિયું ખરીદવા દુકાન ઉપર ગયો. ત્યાં ચાર સુંદર ગલુડિયાં એક સાથે રમી રહ્યા હતાં. એક ગલુડિયાની કિંમત ૫૦ ડૉલર હતી. બાળકની નજર દૂર એક ખૂણામાં બેઠેલા ગલુડિયા પર પડી. બાળકે દુકાનદારને જાણવા ખાતર પૂછ્યું કે, ''ભાઇ સાહેબ, પેલું ખૂણામાં બેઠેલું ગલુડિયું વેંચાઉ છે ?'' દુકાનદારે હા પાડી પરંતુ જણાવ્યું કે તે વિકલાંગ છે એટલે હું વેંચતો નથી. બાળકે વધુ જાણવા માટે પૂછ્યું કે એમાં શું ખોટ છે ? ત્યારે દુકાનદારે જણાવ્યું કે, તે પાછળનાં બન્ને પગે અપંગ છે. બાળકે પૂછ્યું તમે એને કેમ સાચવશો ? દુકાનદારે કહ્યું કે, એને સાચવવો મને પોષાય નહીં એટલે જેમ બને તેમ વહેલી તકે એને છુટકારો આપી દઇશ. આ સાંભળી બાળકના હૃદયમાં સહાનુભૂતિની લહેર દોડી ગઇ. તેણે દુકાનદારને કહ્યું કે, શું હું તેની સાથે થોડીવાર રમી શકું ? દુકાનદારે હા પાડી. બાળકે દોડી જઇને ગલુડિયાને ઉપાડી લીધું અને પ્યારથી પુચકારવા લાગી ગયો. ગલુડિયું આનંદિત થઇ ઉઠ્યું અને બાળકને વહાલથી ચાટવા લાગ્યું. બાળકને તે ખૂબ ગમી ગયું. તેને ખરીદવાનો વિચાર કર્યો. દુકાનદારને વાત કરી. તેણે સલાહ આપી કે તારે ખરીદવું જ હોય તો સારૂં ગલુડિયું ખરીદ. આ અપંગ શા માટે ? બાળકે કોઇ જવાબ ન આપ્યો. માત્ર જમણા પગની પેન્ટ ઉંચી કરી પગમાં લગાવેલી બ્રેસ એ દુકાનદારને દેખાડી. દુકાનદાર સમજી ગયો. બાળકની સહાનુભૂતિ જોઇ એ ગલુડિયું તેને ફ્રીમાં આપી દીધું.

સહાનુભૂતિ એ મનની મૂલ્યનિષ્ઠ ભાવના છે. પરંતુ એનાથી વધુ મહત્વપૂર્ણ છે તેની અનુભૂતિ કરવી. પરિવારમાં કે સમાજમાં જ્યારે આપણે એકબીજાની મનોભાવનાની અનુભૂતિ કરશું તો આપણાં સંબંધો અને સંગઠન વધુ ગાઢ બનતા જશે.

**(સ્વ. ભરતભાઇ વાઢેરના લેખોમાંથી સાદર...)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

**મહાસભા વેબસાઇટ**
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com Visit us on at : www.setusamajsandesh.org*



ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા





પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા

'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,

પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35

Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર

પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1

અંજાર (કચ્છ) 370 110

Mob. 09978790488





**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**

**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**

**NAGPUR Office :** "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. **Mob. 937312642** **ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**


## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની આકસ્મીક સહાયતા સમિતિ અંતર્ગત **ઓનલાઈન સમુહ ભાગવત કથા**નું ભવ્ય આયોજન દુર્ગ ઘટકના પ્રમુખ **શ્રી નારાણભાઈ રાઠોડ** અને રાયપુર ઘટકના પ્રમુખ **શ્રી ભરતભાઈ ચાવડા**ના પ્રભાર હેઠળ તા. ૧૮/૯/૨૨ થી ૨૫/૯/૨૨ દરમ્યાન યોજાઈ રહ્યું છે. આ આયોજનમાં લગભગ ૩૦૦ પિતૃઓના મોક્ષાર્થે ઘેર ઘેર પોથી બેસાડવામાં આવેલ છે અને સમાજબાંધવો ખુબજ હર્ષોલ્લાસ સાથે ભાગવત ભગવાનના દરેક પ્રસંગો ખુબજ આનંદપૂર્વક ઉજવી રહ્યા છે તે જોઈ ખુબજ આનંદ થાય છે. આવા સામાજીક કાર્યો સમાજમાં નવી ઉર્જાનો સંચાર કરવાનું કાર્ય કરી રહ્યા છે. સમાજબાંધવોમાં સમાજ સંગઠનની ભાવનાને વધુ વેગ મળી રહ્યો છે. સમિતિના પ્રભારી **શ્રી વિનોદભાઈ ખોડિયાર** તેમજ ભાગવતજી આયોજના બન્ને પ્રભારીશ્રીઓ તથા દુર્ગ ઘટકના કાર્યકર્તાઓ અને ભાગવત ભગવાનજીના પાવન પ્રસંગોમાં સહભાગી થનાર સૌ સમાજબાંધવોને ખુબ ખુબ ધન્યવાદ પાઠવું છું.

મિત્રો, માદરે વતન કચ્છમાં આવેલ વિવિધ અવટંકોના **કુળદેવી માતાજીના મંદિરોના જીર્ણોદ્ધાર**નું કાર્ય ખુબજ સારી રીતે અને પ્રભારી **શ્રી લાધુરામભાઈ જીવરામભાઈ રાઠોડ** અને તેમની સમિતિના પ્રયાસોથી આઠ મંદિરનું કાર્ય પૂર્ણ થયેલ છે. દાતા પરિવાર વતી મહાસભાના ઉપપ્રમુખ **શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ** દ્વારા સાત મંદિર અને **'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી** દ્વારા એક મંદિરની આર્થિક સેવા પ્રાપ્ત થયેલ છે. મહાસભા વતી બન્ને પરિવારનો આભાર વ્યક્ત કરું છું. આ સિવાય ધાણેટી મધ્યે સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર અને અન્ય અવટંકોના ગોઠીભાઈઓ દ્વારા આપણા પૂર્વજોના પાળીયાઓને રક્ષીત કરવા સારા પ્રયાસો કરવામાં આવેલ છે. આ અંક આપના હાથમાં આવશે ત્યારે નવરાત્રીનો પ્રારંભ થઈ ચૂક્યો હશે અને નવનિર્મિત્ત મંદિરોની સોંપણી ગોઠી ભાઈઓને સોંપી આપવામાં આવી ગઈ હશે.

હજુ રેહામાં ત્રણ મંદિર તથા અન્ય બે-ત્રણ મંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય બાકી રહેશે તે દિવાળી બાદ તુરંત હાથ પર લઈ પુરૂં કરવામાં આવશે. આ કાર્ય બાદ મંદિરોના રખરખાવ માટે પણ વ્યવસ્થિત આયોજન ગોઠવવામાં આવશે. જેમાં સમાજના દરેક વ્યક્તિઓના સાથ-સહકારની આવશ્યકતા રહેશે અને મને સંપૂર્ણ વિશ્વાસ છે કે સમાજબંધુઓ આપણી ઓળખ સમા આ કુળદેવી માતાજીના મંદિરો અને આપણા સમાજના ધાર્મિક સ્થાનોની જાળવણી માટે સહકાર આપશે જતેમાં શંકાને સ્થાન નથી. સમાજમાં દરેક વ્યક્તિ પછી તે

ગરીબ હોય કે તવંગર જો તેઓ પોતાની ક્ષમતા અનુસાર સહયોગી બની રહે તો કોઇ કાર્ય અટકતા નથી. જરૂર છે માત્ર સમજપૂર્વકના આયોજનની અને તેને લાંબાગાળા સુધી ચલાવવાની મહાસભાની હાલની ટીમમાં મારા સાથી મિત્રો ખુબજ સહકાર આપી રહ્યા છે. દરેક સમિતિના પ્રભારી અને તેની પૂરી ટીમ ખુબજ અંતરના ભાવથી અને વ્યવસ્થિત આયોજનથી સમાજબંધુઓને મદદરૂપ થવા અને સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરવા હંમેશા તત્પર રહે છે તેનો ખુબજ આનંદ છે. **''વિના સહકાર નહીં ઉદ્ધાર''**ના સુત્રને સાર્થક કરનાર મારા સૌ હોદ્દેદાર મિત્રોને અને તેમની ટીમને ખુબ ખુબ ધન્યાદ આપું છું.

મહાસભાનું વાર્ષિક અધિવેશન – સામાન્ય સભા તેમજ કારોબારી સભાનું આયોજન **ગોંદિયા ઘટક**ના યજમાનપણા હેઠળ અને **વિદર્ભ પ્રાદેશિક સમિતિ**ના આતિથ્યમાં તા. ૩૦,૩૧ ડિસે. ૨૦૨૨ અને ૧ જાન્યુઆરી ૨૦૨૩ના ત્રણ દિવસ દરમ્યાન આયોજીત થવા જઇ રહ્યું છે. મહાસભાના સર્વે કાર્યવાહક સભ્યો, આદ. સલાહકાર સભ્યો, માનદ્ સભ્યો, સર્વે હોદ્દેદારો અને વિશેષ આમંત્રીત સભ્યોને ખાસ હાજરી આપવા અનિવાર્યપણે ઉપસ્થિત રહેવા અને સામાજીક પ્રશ્નોના નિરાકરણમાં તેમજ સમાજ સંગઠનને વધુ મજબુત બનાવવા પોતાનું યોગદાન આપવા મહાસભા વતી હાર્દિક આમંત્રણ પાઠવું છું.

મિત્રો, મહાસભાની કાર્યવાહક બેઠક અને સામાન્ય સભામાં જે કંઇ પણ નિર્ણય લેવાય, જે કંઇ કાર્યવાહી થાય તેના પર અમલવારી કરવાની જવાબદારી મહાસભાના હોદ્દેદારો અને વહીવટી પાંખની બની રહે છે. પ્રમુખ તરીકે મારી અને મહામંત્રીશ્રીની એ ફરજ બની રહે છે કે કારોબારી અને સામાન્ય સભાએ જે પણ આદેશ આપેલ હોય તેનો અમલ કરવો અને હું અને મારા હોદ્દેદારો આ ફરજ સુપેરે નિભાવી રહ્યા છીએ. આપણે સભાઓમાં હાજર ન રહીએ અથવા ચર્ચામાં ભાગ ન લઇએ અને ત્યાર બાદ સમાજના લોકો વચ્ચે અમે કહીએ કે આ નિર્ણય બરોબર નથી તો આમાં આપણી જ નિષ્ક્રિયતા છતી થાય છે. માટે ફરી ફરીને સર્વે કાર્યવાહક સભ્યોને અનિવાર્યપણે ઉપસ્થિત રહેવા આહવાન કરું છું.

આપણા સમાજ માટે ખુબજ અગત્યનું અને દરેક ઘટક, યુવા મંડળ, મહિલા મંડળ, યુવા મહામંડળ, મહિલા મહામંડળ, સર્વે હોદ્દેદારોને એક સુત્રમાં જોડવાનું કાર્ય એટલે **''પરિચય પુસ્તિકા''**. મહાસભાના ઉપપ્રમુખ **શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - રાજકોટ**ના પ્રભાર હેઠળ આ કાર્ય થઇ રહ્યું છે. તેઓશ્રી દ્વારા એક વોટ્સએપ ગ્રુપ પણ બનાવેલ છે. આપ સૌ મિત્રો દ્વારા સમયસર માહિતિ મોકલવામાં આવશે તો જ આ કાર્ય સારી રીતે અને કોઇપણ ક્ષતિ વગર પૂર્ણ થઇ શકશે. લગભગ એક હજાર જેટલા ફોટોગ્રાફ અને એટલા જ સરનામા દ્વારા અરસ-પરસ કનેક્ટીવીટી વધારવાના આ પ્રયાસમાં ઘટકથી લઇને મહાસભા સુધીના સૌ હોદ્દેદારો જેમ બને તેમ જલ્દીથી જલ્દી પોતાની માહિતિ મોકલાવી આપે તેવો વિનમ્ર અનુરોધ કરું છું. સાથે સાથે પરિચય પુસ્તિકાના પ્રકાશન ખર્ચને પહોંચી વળવા આર્થિક સહયોગ રૂપે પોતાના બિઝનેશ અથવા પરિવારની જાહેર ખબર આપવા અને ભારતભરમાં ૧૨૭ ઘટકોમાં આ પુસ્તિકા દ્વારા આપ સૌની માહિતિ સચવાઇ રહે તે માટે સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે.

**– યોગેશભાઇ મગનભાઇ ચાવડા – પ્રમુખશ્રી મહાસભા**

ભુજ મધ્યે શરૂ થયેલી...



# કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ને

## મહાસભા દ્વારા રૂા. ૫,૦૦,૦૦૦/- નું દાન અપાયું...





મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના શુભ સંકલ્પથી શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડીકલ ટ્રસ્ટ સંચાલિત **''કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ''**ના નિર્માણમાં આપણા સમાજ તરફથી રૂા. પાંચ લાખનું દાન જાહેર કરવામાં આવેલ. જેમાં નિમ્નદર્શિત દાતાશ્રીઓએ પોતાનું દાન નોંધાવેલ હતું.

**રૂા. ૧,૫૧,૦૦૦/-**
**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા**
**'સંજીવની' સમિતિ**
**હ.શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા**
**પ્રભારી તથા વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી**



**રૂા. ૧,૦૦,૦૦૦/-**
**શ્રીમતી નયનાબેન રમેશભાઇ ચૌહાણ**
**ગાંધીધામ**

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ - માધાપર ઘટક - હ. સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી - પ્રમુખ |
| રૂા. ૨૫,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ - અંજાર ઘટક - હ. શ્રી બલરામભાઇ જેઠવા - પ્રમુખ |
| રૂા. ૨૧,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગાંધીધામ ઘટક - હ. શ્રી મનોજભાઇ વેગડ - પ્રમુખ |
| રૂા. ૨૧,૦૦૦/- | શ્રી કુશલકુમાર બિપીનભાઇ સોલંકી - અંજાર |
| રૂા. ૧૫,૦૦૦/- | ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સર્વાજનિક ટ્રસ્ટ - હ. શ્રી મનોજભાઇ વેગડ - પ્રમુખ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રીમતી મીનાબેન યોગેશભાઇ ચાવડા - નાગપુર |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ભુજ ઘટક, હ. શ્રી વિનોદભાઇ ચૌહાણ - પ્રમુખ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મંડળ - ભુજ, હ. શ્રીમતી અમિતાબેન સોલંકી - પ્રમુખ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી જીતેન્દ્રભાઇ દેવરામભાઇ વરૂ - ભુજ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ - કુકમા ઘટક, હ. શ્રી હરગોવિંદભાઇ ચૌહાણ - પ્રમુખ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રીમતી મધુકાન્તાબેન દયારામભાઇ વેગડ - ભુજ |
| રૂા. ૧૦,૦૦૦/- | શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામ |
| રૂા. ૫,૧૦૦/- | શ્રી કમલેશભાઇ મુળજીભાઇ પરમાર - માધાપર |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી બાબુલાલભાઇ સામજીભાઇ ચૌહાણ - માધાપર |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી હેમરાજભાઇ હરીલાલભાઇ ચૌહાણ - ભુજ |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી વેલજીભાઇ નાનજીભાઇ ચૌહાણ - ભુજ |
| રૂા. ૪,૦૦૦/- | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રેહા ઘટક - હ. શ્રી ભવાનભાઇ વેગડ - પ્રમુખ |
| રૂા. ૨,૫૦૦/- | શ્રી લીલાધરભાઇ ભનુભાઇ પરમાર - અંજાર |
| રૂા. ૨,૫૦૦/- | શ્રીમતી દયાબેન નાનજીભાઇ ચૌહાણ - ભુજ |
| રૂા. ૨,૫૦૦/- | શ્રી અનિલભાઇ મનજીભાઇ ચૌહાણ - ભુજ |
| રૂા. ૨,૧૦૦/- | શ્રી દિલીપભાઇ ગાંગજીભાઇ ચૌહાણ - ભુજ |
| રૂા. ૨,૧૦૦/- | શ્રી કિશોરભાઇ દેવજીભાઇ ચૌહાણ - માધાપર |
| રૂા. ૨,૦૦૦/- | શ્રી પાર્થ નિરજભાઇ ચાવડા - ભુજ |
| રૂા. ૧૦૦૦/- | શ્રીમતી પૂર્ણિમાબેન જયેશભાઇ સોલંકી - ભુજ |

ઉપરોક્ત દાન-દાતાશ્રીઓનો મહાસભા વતિથી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે. હોસ્પિટલ ફંડના દાનની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- નો ચેક મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા તથા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના હસ્તે અંજાર અધિવેશન તા. ૫/૬/૨૦૨૨ના રોજ સંસ્થાના ટ્રસ્ટીઓને નિમંત્રિત કરી અર્પણ કરવામાં આવેલ છે.

**વિનોદ લીલાધર ચૌહાણ**
**(ઉપપ્રમુખ તથા પ્રભારી હોસ્પિટલ ફંડ)**



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## મહાસભાના મંચથી


**પ્રમુખશ્રી મહાસભા**

*શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા*
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642


સહ વીર્યં કરવાવહૈ


**વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા**

*શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર*
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વિદર્ભ પ્રાદેશિક સહકારીત

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય ગોંદિયા ઘટક આયોજીત

**વાર્ષિક અધિવેશન – ગોંદિયા, તા. ૩૦,૩૧ ડીસે. ૨૦૨૨, ૦૧ જાન્યુઆરી–૨૦૨૩**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન **વિદર્ભ પ્રાદેશિક સમિતિ** અંતર્ગત આવતા **ગોંદિયા ઘટક**ના સ્નેહમય આમંત્રણથી **તા. ૩૦,૩૧ ડીસેમ્બર–૨૦૨૨ અને તા. ૧ જાન્યુઆરી–૨૦૨૩**ના ત્રણ દિવસ દરમ્યાન આયોજીત કરવામાં આવશે. મહાસભાના સૌ હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, અખિલ ભારતીય યુવા મહામંડળ, અખિલ ભારતીય મહિલા મહામંડળના સભ્યો અને સમસ્ત સમાજબાંધવોને સમાજસેવાના આ પાવન પ્રસંગે ઉપસ્થિત રહેવા અને સેવાયજ્ઞમાં પોતાનું યથોચિત યોગદાન આપવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

### ત્રિદિવસીય આયોજનની સમયસારીણી

**તા. ૨૯/૧૨/૨૦૨૨, ગુરૂવાર**

| | |
|---|---|
| સાંજે ૫.૦૦ કલાકે | : આગમન, રજીસ્ટ્રેશન |
| રાત્રે ૮.૦૦ કલાકે | : ભોજન-વિશ્રામ |

**તા. ૩૦/૧૨/૨૦૨૨, શુક્રવાર**

| | |
|---|---|
| સવારે ૭.૦૦ થી ૮.૩૦ | : ચા-નાસ્તો |
| સવારે ૯.૦૦ કલાકે | : શોભાયાત્રા |
| સવારે ૧૦.૦૦ કલાકે | : ગોંદિયા ઘટક દ્વારા ઉદ્‌ઘાટન સમારોહ |
| બપોરે ૧.૦૦ થી ૨.૩૦ | : ભોજન – વિશ્રામ |
| બપોરે ૩.૩૦ થી ૭.૩૦ | : મહાસભાની કાર્યવાહક સમિતિની સભા |
| સાંજે ૫.૩૦ થી ૭.૩૦ | : અ.ભા. મહિલા મહામંડળની કાર્યવાહક સમિતિની સભા |
| સાંજે ૫.૩૦ થી ૭.૩૦ | : અ.ભા. યુવા મહામંડળની કાર્યવાહક સમિતિની સભા |
| રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ | : રાત્રી ભોજન |
| રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦ | : ગોંદિયા ઘટક દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. ૩૧/૧૨/૨૦૨૨, શનિવાર**

| | |
|---|---|
| સવારે ૭.૩૦ થી ૯.૩૦ | : ચા-નાસ્તો |
| સવારે ૯.૩૦ કલાકથી | : મહાસભાની કાર્યવાહક સમિતિની સભા |
| સવારે ૧૦.૦૦ થી ૧.૩૦ | : અ.ભા. મહિલા મહામંડળની સામાન્ય સભા |
| બપોરે ૧.૩૦ થી ૨.૩૦ | : ભોજન-વિશ્રામ |
| બપોરે ૩.૩૦ થી ૭.૩૦ | : મહાસભાની કાર્યવાહક સમિતિની સભા |
| સાંજે ૪.૦૦ થી ૭.૩૦ | : અ.ભા. યુવા મહામંડળની સામાન્ય સભા |
| રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ | : રાત્રી ભોજન |
| રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦ | : સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. ૦૧/૦૧/૨૦૨૩, રવિવાર**

| | |
|---|---|
| સવારે ૭.૩૦ થી ૯.૦૦ | : ચા-નાસ્તો |
| સવારે ૯.૦૦ થી ૧.૩૦ | : મહાસભાની બંધારણીય સામાન્ય સભા |
| બપોરે ૧.૦૦ થી ૨.૩૦ | : ભોજન-વિશ્રામ |
| બપોરે ૩.૩૦ થી ૬.૩૦ | : મહાસભાની સામાન્ય સભા, ઉપસંસહાર, આભારદર્શન, પુર્ણાહુતિ |

### ગોંદિયામાં આવેલ હોટલ અને ભાવપત્રક

**હોટલ ગ્રેન્ડ સીતા** (સમાજ ભવનથી ૨કી.મી.દુર)

**Executive Rooms** 3000/- including extra bed (perday)
**Permium Rooms** 4000/- including extra bed (perday)
Manager Mo. +91-79-84853641, Hotel Mobile : 7841081501
**Contact :** Sh. Vinay M. Parmar - Mo. 8999982872

**શ્રી હોટલ શિવમ - ગોંદિયા** (સમાજ ભવનથી ૧.૫કી.મી.દુર)

**Saver** AC Room 2 person - 1200/-
**Dometory** Non AC - 3 person - Rs. 1000/-
**Contact** Manager Mo. +91-9767568310
Pankaj Palan : 9422831212, **Contact :** Sailesh J. Tank - 99420619899

**હોટલ પેસિફીક** (સમાજ ભવનથી ૫મી.નો રસ્તો)

**Executive Room** (D) 2200, (S) 2100, E.P. : 700 per day
**Deluxe Room** (D) 1900, (S) 1800, E.P. : 600 per day
**Semi Deluxe Room** (D) 1700, (S) 1600, E.P. : 500 per day
**Standard Room** (D) 1500, (S) 1400, E.P. : 400 per day
Chawda Complex, Rail Toly, Gondia- 441614 (MH)
Ph. No. 07182-252806, 8830850497, 9834805963
**Contact :** St. Sanjay S. Parmar - 9923422857

**શ્રી રામદેવરા** (જ્યાં કાર્યકારીણીની મીટીંગ થશે.)

**Non AC** Double Bed 1000/-
Extra Bed No. Charge.
**Contact :** Kamleshbhai H. Rathod
Mo. 9404075510
Mitesh K. Parmar
Mo. 8830083899

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

**વાર્ષિક અધિવેશન - ગોંદિયા (મહારાષ્ટ્ર)**

## મહાસભાની કાર્યવાહક સમિતિની સભાની સુચના – આમંત્રણ

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ **મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક વિદર્ભ પ્રાદેશિક સમિતિ** અંતર્ગત આવતા **ગોંદિયા** ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે **મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના અધ્યક્ષ સ્થાને** આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**દિનાંક :** ૩૦/૧૨/૨૦૨૨, શુક્રવાર, **સમય :** બપોરે ૩.૩૦ થી ૭.૩૦

**દિનાંક :** ૩૧/૧૨/૨૦૨૨, શનિવાર, **સમય :** સવારે ૧૦ થી ૧.૩૦, બપોરે ૩.૩૦ થી ૭.૩૦

**સ્થળ :** મંદિર રામદેવરાનો હોલ, રેલટોલી, ગોંદિયા (મહારાષ્ટ્ર)

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન

★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી

★ મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાનું ઉદ્‌બોધન

★ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન

★ મહાસભાના સલાહકર પ્રમુખશ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન

★ કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ : ગત વર્ષના ઓડિટેડ હિસાબો,
બજેટ અને ઓડીટરની નિયુક્તિ બાબતે ચર્ચા-વિચારણા અને બહાલી

★ પ્રાદેશિક સમિતિના અહેવાલો

★ વિવિધ સમિતિના અહેવાલો

★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય

★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત

★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત ગાયન

**નોંધ :** ઉપરોક્ત સભામાં વિચારણાર્થે કાર્યવાહક સભ્યશ્રીઓ તથા પ્રતિનિધિઓ દ્વારા મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો) તા. ૧૫/૧૨/૨૦૨૨ સુધી મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના કાર્યાલયના સરનામે** મોકલાવવાના રહેશે. નિયત તારીખ બાદ મળેલ સુચનો પર સમય હશે તો જ ચર્ચા-વિચારણા કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - મહામંત્રીશ્રી મહાસભા
શોપ નં. ૪, બાલાજી ચેમ્બર્સ-૨, હોટલ પાયલ નીચે, પો. અંજાર (કચ્છ-ગુજરાત) ૩૭૦૧૧૦. મો. ૯૯૭૮૭૯૦૪૮૮

**વિનિત : શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા)**
**મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

**વાર્ષિક અધિવેશન - ગોંદિયા (મહારાષ્ટ્ર)**

## મહાસભાની વાર્ષિક સામાન્ય સભા સુચના – આમંત્રણ

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ, સર્વ ઘટક પ્રતિનિધિઓ, મહાસભાની બંને પાંખો શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ એવં શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.યુવા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ **મહાસભાની વાર્ષિક સામાન્ય સભા વિદર્ભ પ્રાદેશિક સમિતિ** અંતર્ગત આવતા **ગોંદિયા** ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે **મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના અધ્યક્ષ સ્થાને** આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**દિનાંક : ૦૧/૦૧/૨૦૨૨, રવિવાર, સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦, બપોરે ૩.૩૦ થી ૫.૦૦**

**સ્થળ : શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન, રેલટોલી, ગોંદિયા (મહારાષ્ટ્ર)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાનું ઉદ્‌બોધન
★ સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન
★ મહાસભાના સલાહકર પ્રમુખશ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન
★ કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ : ગત વર્ષના ઓડિટેડ હિસાબો, બજેટ અને ઓડીટરની નિયુક્તિ બાબતે ચર્ચા-વિચારણા અને બહાલી
★ મહાસભાની કાર્યવાહક સમિતિની સભામાં પ્રતિનિધિશ્રીઓ અને કાર્યવાહક સભ્યો દ્વારા આવેલ સુઝાવો પર કારોબારી સભાના નિર્ણયની રજુઆત અને બહાલી.
★ મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલ
★ મહાસભાના મહામંત્રીશ્રીઓના અહેવાલ
★ મહાસભાના મંત્રીશ્રીઓના અહેવાલ
★ મહાસભાના સહમંત્રીશ્રીઓના અહેવાલ
★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજેભાઇ સોલંકીનો અહેવાલ
★ અ.ભા. યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણનો અહેવાલ
★ વિભાગીય પ્રમુખશ્રીઓના અહેવાલ
★ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચન
★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત
★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત ગાયન

**વિનિત : શ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા)**

**મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

॥ ૐ શાંતિ ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૪'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની')

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસસભાની મહત્વાકાંક્ષી યોજના 'સંજીવની'ના સંકલ્પધારી પરિવારોની અતુલ્ય સમાજ સેવાને નમન... વંદન... અભિનંદન...

આપણી રાષ્ટ્રિય મહાસભાની **'સંજીવની'** યોજના હેઠળ પ્રતિમાસ રૂા. ૧,૫૦,૦૦૦થી વધુની આર્થિક મેડીકલ સહાય ચૂકવી સમાજના તદ્દન નિઃસહાય બંધુઓને તત્કાલ મેડીકલ મદદ આપતી 'સંજીવની' યોજનાની સફળતાનું રહસ્ય જ એ છે કે સમાજના સક્ષમ સમાજબંધુઓની સંવેદનાઓને જાગૃત કરી... **મારા સમાજમાં, મારો સમાજબંધુ... ક્યારે પણ મેડીકલ સારવાર માટે આર્થિક અભાવ ન અનુભવે... લાચારી ન અનુભવે...** એટલા જ માટે મહાસભાએ પણ સમસ્ત સમાજને ''કાઉન્ટર ગેરેન્ટી'' આપતા, 'સંજીવની' મારફતે રૂા. ૧ લાખના ખર્ચ સામે રૂા. ૧૦ હજાર, રૂા. ૨ લાખના ખર્ચ સામે રૂા. ૨૦ હજાર, રૂા. ૩ લાખના ખર્ચ સામે રૂા. ૩૦ હજાર 'સંજીવની' આવેદનપત્ર પૂર્ણ રીતે ભરી, અંજાર કાર્યાલયને મળતા જ ન્યૂનતમ ૩ દિવસ અને અધિકતમ ૭ દિવસમાં આવેદકને નિરધારીત રકમ બેન્ક એકાઉન્ટમાં મળીને જ રહે છે. પાછલા ૧૧ વર્ષથી સફળતાપૂર્વક ચાલતી 'સંજીવની'માં સતત સહયોગ આપતા સમાજપ્રેમી બંધુઓની સંવેદના સમાજ પ્રત્યે દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી રહે છે.

ઐતિહાસિક અંજાર મધ્યે મહાસભાનું સ્વર્ણ જયંતિ અધિવેશન દરમ્યાન **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી**ની પ્રેરણા પ્રેરણા એવં મહાસભા ઉપપ્રમુખ **શ્રી સુનિલભાઇ ચાવડા - હૈદ્રાબાદ**ની આગેવાનીમાં સમાજપ્રેમી શ્રેષ્ઠીઓએ માનવતાને મહેકાવી દીધી. સમાજપ્રેમી શ્રેષ્ઠીઓનો અપૂર્વ, અતુલ્ય, અનમોલ સહકાર સાંપડતા જ... એક નવી યોજના **''સંજીવની સંકલ્પધારી પરિવાર''**ને તુરંત અમલથી કાર્યાન્વીત કરવામાં આવી. **આ 'સંજીવની સંકલ્પધારી પરિવાર' યોજના હેઠળ સમાજપ્રેમી પરિવાર, 'સંજીવની'માં પ્રતિમાસ એક નિશ્ચિત રકમનો સહયોગ આપવાનો સંકલ્પ જાહેર કરે છે.** આપણા સમાજના પ્રથમ પંક્તિના આંતરરાષ્ટ્રિય ઉદ્યોગપતિ, ''આઇસ્ક્રીમવાલે અંકલ'' શ્રી સુનિલભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'સંજીવની'માં સહયોગ આપવાની જાહેરાત થતાં જ એવા જ એક મોટા ગજાના ઉદ્યોગપતિ, ચંદિયા નિવાસી હાલ મુન્દ્રા, મુંબઇ મધ્યે વિરાટ વ્યવસાયીક એકમો ધરાવતા **શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા** (માનદ્ સભ્યશ્રી મહાસભા) પરિવાર પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ સંજીવનીમાં સહયોગી થવાનો સંકલ્પ જાહેર કરેલ છે. આપણી રાષ્ટ્રિય મહાસભાના પૂર્વ પ્રમુખ **શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા - અંજાર (મહાત્માજી) પરિવાર** પણ પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ 'સંજીવની'માં સહયોગી થવાનો સંકલ્પ જાહેર કરેલ છે. આદ. મહાત્માજીની સમાજસેવાની ઉજ્જવળ ગાથામાં એક ઓર આયામ જોડાયેલ છે. જેમના યશસ્વી કાર્યકાળમાં 'સંજીવની'નું સર્જન થયું. શરૂઆતના કપરાકાળમાં ધાર્યા મુજબ તથા જરૂરત મુજબ આર્થિક સહયોગ ન મળતો ત્યારે તત્કાલીન મહાસભા પ્રમુખશ્રી **સ્વ. મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા - રાયપુર** સ્વખર્ચે 'સંજીવની'ને જીવંત રાખેલ. આ પરમ આદરણીય વડીલ શ્રી મણીલાલભાઇ ચાવડા આજ આપણી વચ્ચે નથી પરંતુ સ્વ. મણીભાઇના સુપુત્રોએ સ્વ. પિતાશ્રીની પુણ્ય સ્મૃતિમાં 'સંજીવની'માં પ્રતિમાસ રૂા. ૫૦૦૦ નો સહયોગ આપવાનો સંકલ્પ જાહેર કરી સદ્ગત પિતાશ્રીને સાચા અર્થમાં સાર્થક શ્રદ્ધાંજલી આપેલ છે. સ્વ. મણીલાલભાઇના સુપુત્ર ચિ. મનિષભાઇ સમાજ ઉત્કર્ષની યાત્રા આજ રીતે તન, મન, ધન, સમયથી નિભાવશે એજ સ્વ. મણીભાઇને સાચી શ્રદ્ધાંજલી. ગુજરાત રાજ્યની આર્થિક રાજધાની, સમસ્ત ભારત વર્ષમાં સર્વશ્રેષ્ઠ મહાનગરમાં ગણના પામતું શહેર એટલે સૂરત. સૂરત મધ્યે દક્ષિણ ગુજરાતથી મુંબઇ-મહારાષ્ટ્ર સુધી **આંતરરાષ્ટ્રીય વ્યાપારની આંટીઘુંટીના પ્રથમ પંક્તિના નિષ્ણાંત સી.એ.**

**શ્રી મુકુન્દભાઇ પરસોત્તમભાઇ ચૌહાણ** પણ 'સંજીવની' યોજનાથી અત્યંત પ્રભાવીત થઇ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'સંજીવની'માં સહયોગ આપવાનો સંકલ્પ જાહેર કરેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે જયપુર નિવાસી **સમાજ મામાશ્રી શિવલાલભાઇ કરસનભાઇ ચાવડા કે જે સ્વયં 'સંજીવની'માં સત્ર અંતે રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરવાનો શુભ સંકલ્પ લીધેલ છે** તેઓશ્રીના શ્રી મુકુન્દભાઇ ભાણેજ થાય છે. સમસ્ત સમાજ માટે સદૈવ પ્રેરણા સ્ત્રોત એવા શ્રી શિવલાલમામાની અદશ્ય સમાજસેવા અનુકરણીય બનેલ છે. આપણા સમાજ માટે ગૌરવ સ્વરૂપ એક એવા જ ઉભરતા યુવા **સી.એ. શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા – કલ્યાણ** વ્યવસાયે સી.એ. છે સાથે સાથે કલ્યાણ યુવા મંડળના પ્રમુખશ્રીની જવાબદારી સુપેરે નિભાવે છે. સામાજીક્તા જેના રગે-રગમાં વહે છે એવા સી.એ. શ્રી જીગ્નેશભાઇ જેઠવા આપબળે સી.એ. જેવી ઉચ્ચ ડીગ્રી મેળવી, સમસ્ત કલ્યાણ, થાણા-મુંબઇ-પૂના ક્ષેત્રમાં ખુબજ નાનીવયે મોટું ગજુ કરેલ છે. શ્રી જીગ્નેશભાઇ જેઠવાએ પણ 'સંજીવની'ની સાર્થકતા અનુભવી અને પોતાની પરસેવાની કમાણીમાંથી પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'સંજીવની'માં સહયોગી થવાનો સંકલ્પ જાહેર કરી સમાજના સમસ્ત યુવાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

સમાજપ્રેમી શ્રેષ્ઠીઓ 'સંજીવની'માં સહયોગી થવાના આ નવા રસ્તા શોધી લ્યછે છે. જયપુર (રાજ.)ના પ્રથમ પંક્તિના સર્જન એવા **આપણા સમાજનું ગૌરવ એવા ડૉ. કાંતિલાલભાઇ પુરૂષોત્તમભાઇ ચાવડાસર (એમ.એસ.)** શરૂઆતથી જ 'સંજીવની પ્રેમી' રહ્યા છે. સ્વયંના ઘરે આવતા પ્રસંગોપાત 'સંજીવની' સહયોગી બનતા રહેતા ડૉ. ચાવડા સાહેબે પણ સત્રના અંત સુધી રૂા. ૨,૦૦,૦૦૦ નો સહયોગ પૂર્ણ કરવાનો સકંલ્પ જાહેર કરેલ છે. આવા જ ક્રમમાં મહાસભા સ્થાપક સભ્ય એવં **મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર પરિવાર – રાઉરકેલાએ** પણ 'સંજીવની' યોજનાથી અતિ પ્રભાવિત થઇ પ્રસંગોપાત 'સંજીવની'માં સહયોગ આપતા જ રહે છે. શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર સાહેબે પણ આ સત્રને અંતે 'સંજીવની'માં કુલ સહયોગ રૂા. ૨,૦૦,૦૦૦ સુધી કરી આપવાનો સંકલ્પ જાહેર કરેલ છે.

મિત્રો, સમાજ ઉત્કર્ષ માટે અપાતો સહયોગ ક્યારેય નાનો કે મોટો નથી હોતો. યથાશક્તિ-યથા ઇચ્છા સમાજ ઉત્કર્ષની કોઇપણ યોજનાઓ માટે સહાયરૂપ બનવું એજ સ્વર્ણિમ સમાજ રચના માટે આવશ્યક, અનિવાર્ય, અગ્રતાક્રમનું છે. આ લેખના અંતે પ્રસિદ્ધ 'સંજીવની સંકલ્પધારી પરિવાર'ની યાદીમાં પ્રતિમાસ ૫૦૦૦, ૨૦૦૦, ૧૫૦૦, ૧૦૦૦, ૫૦૦નો આર્થિક સહયોગ આપતા સમાજશ્રેષ્ઠીઓની યાદી પ્રત્યેક અંકમાં માનભેર પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ સર્વે સમાજપ્રેમી સમાજબંધુઓ પણ 'સંજીવની' સાથે જોડાવવાના રોચક કિસ્સા આગામી અંકોમાં જરૂરથી માણશું. **આપ પણ ઘેરબેઠા પુણ્યશાળી બનવા સમાજ ઉત્કર્ષના અશ્વમેઘ યજ્ઞમાં આહુતી આપવા ઇચ્છો તો 'સંજીવની' સદાય આપનું સ્વાગત કરે છે.** આપના નાના-મોટા આર્થિક સહયોગથી આપણા સમાજના વંચિત-પિડીત-જરૂરીયાતમંદ પરિવારોમાં મોંઘીદાટ મેડીકલ સારવાર માટે ફુલની પાંખડી સ્વરૂપે સહાયરૂપ થઇએ લાભાર્થી સમાજબંધુના જીવનમાં આશાનું કિરણ પ્રગટાવીએ... જય સમાજ...

**– વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા – અંજાર વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા, વિશેષ પ્રભારી – 'સંજીવની'**

**'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)**

| | |
|---|---|
| ૬૦,૦૦૦ | 'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ પરિવાર (માધાપર) ધનબાદ, લંડન (પ્રતિમાસ રૂા.૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી પરિવાર) |
| ૧૨,૦૦૦ | શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંકલ્પધારી દાતાશ્રી) |
| ૧૨,૦૦૦ | 'સંજીવની સરતાજ' શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ – વિશાખાપટ્ટનમ (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સંજીવની સંકલ્પધારી દાતાશ્રી) |
| ૧૧૦૦૦ | 'સંજીવની સરતાજ' શ્રી એવં શ્રીમતી કવિતાબેન (ડૉ.) કાંતિલાલભાઇ ચાવડા (એમ.એસ.) – જયપુર (રાજ.) (લગ્નોત્સવ વર્ષગાંઠની ખુશાલી ભેટ) |
| ૧૧૦૦૦ | સંજીવની સરતાજ શ્રીમતી મીનાબેન યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા – નાગપુર (પ્રમુખશ્રી મહાસભા, સુપુત્ર ચિ. રોનક સંગ ચિ. લક્ષીકાના શુભ વેવિશાળ પ્રસંગે ખુશાલી ભેટ) |
| ૬૦૦૦ | શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ હિરજીભાઇ ટાંક – અંજાર (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સંજીવની સંકલ્પધારી સ્નેહીદાતાશ્રી) |
| ૫૦૦૦ | શ્રીમતી હસ્મિતાબેન (ડૉ.) દેવેન્દ્રભાઇ પરમાર – ભુજ (સુપુત્ર ડૉ.નીલના શુભ લગ્નોત્સવ નિમિત્તે ખુશાલી ભેટ) |
| ૫૦૦૦ | શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક – અંજાર (માનદ્ સભ્યશ્રી મહાસભા, પૂર્વ નગરપતિ અંજાર નગર સેવા સદન) (લગ્નોત્સવની ૫૦મી વર્ષગાંઠ ઉજવણી ખુશાલી ભેટ) |
| ૨૫૦૦ | શ્રી રમેશચંદ્ર રણછોડભાઇ ચૌહાણ – અંજાર (મંત્રીશ્રી ક.પ્રા. સમિતિ, શાળાકીય સેવાની નિવૃત્તિ સમયની સપ્રેમ ભેંટ) |
| ૨૫૦૦ | શ્રી કિરીટભાઇ રમણીકલાલભાઇ ચૌહાણ – ધનબાદ (ઝોનલ પ્રમુખશ્રી મહાસભા, જન્મદિન ખુશાલી ભેટ) |

| | |
|---|---|
| ૨૫૦૦ | શ્રી પરેશભાઇ લીલાધરભાઇ પરમાર – અંજાર (પૂર્વ પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, મહામંત્રીશ્રી અંજાર ઘટક) (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૨૧૦૦ | શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ – રાઉરકેલા (ચેરમેન-પૂર્વઝોન 'સંજીવની') (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૨૧૦૦ | શ્રી તેજેન્દ્રભાઇ રસિકલાલભાઇ ચાવડા (સિનુગ્રા) પૂના (સ્વ. પિતાશ્રી રસિકલાલભાઇ રતિલાલભાઇ ચાવડાની પુણ્ય સ્મૃતિ ભેટ) |
| ૨૧૦૦ | શ્રી જયસિંહભાઇ અમૃતલાલભાઇ પરમાર – ભુજ (કા.વા.સભ્યશ્રી મહાસભા) (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૨૦૦૦ | માતૃશ્રી મીનાબેન અશોકભાઇ ધારશીભાઇ ટાંક – નાગપુર (પ્રતિમાસ રૂા. ૨૦૦૦/- 'સંજીવની સંકલ્પધારી' સુપુત્ર ચિ. રાઘવકુમાર-નાગપુર) |
| ૨૦૦૦ | શ્રીમતી પાર્વતીબેન જયંતિલાલભાઇ જેઠવા – કલ્યાણ (હ. પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના સંજીવની સંકલ્પધારી શ્રી જીગ્નેશ જેઠવા – કલ્યાણ) |
| ૧૫૦૦ | શ્રીમતી પ્રતિમાબેન મહેન્દ્રભાઇ પરબતભાઇ પરમાર – ગાંધીધામ, અનુક્રમે પ્રમુખશ્રી ગાંધીધામ મહિલા મંડળ, મેનેજીંગ ટ્રસ્ટી-ગાંધીધામ સમાજ ટ્રસ્ટ) (સુપુત્રી ડૉ. લિપ્સાએ પી.એચ.ડી એજ્યુકેશનમાં ડૉક્ટરેટની પદવી મેળવવાની ખુશાલી ભેટ) |
| ૧૧૦૦ | શ્રી યોગેશભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર – હૈદ્રાબાદ (ઝોનલ પ્રમુખશ્રી મહાસભા, સાઉથ ઝોન ચેરમેન 'સંજીવની') (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧૧૦૦ | શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવા – અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક, કેળવણી મંડળ, ચેરમેનશ્રી શિક્ષણ સમિતિ-અંજાર નગર સેવા સદન) (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧૦૦૦ | શ્રી જુગલભાઇ જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.) (સંજીવની સંકલ્પધારી-પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના સહયોગીદાતાશ્રી) |
| ૧૧૦૦ | શ્રી ભગવાનજીભાઇ માધવજીભાઇ રાઠોડ – અંજાર (મંત્રીશ્રી મહાસભા, એડવોકેટ એન્ડ નોટરી-ગુજરાત હાઇકોર્ટ) (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧૧૦૦ | શ્રીમતી નિતાબેન ભરતભાઇ રાઠોડ – વડોદરા (મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજીત ''લર્ન એન્ડ અર્ન'' પ્રોજેક્ટ અંતર્ગત સફળાપૂર્વક આયોજીત વેબીનારના શુલ્કને 'સંજીવની'ને સાદર અર્પણ... સૅલ્યુટ) |
| ૧૦૦૦ | શ્રી વ્રજેશભાઇ દયારામભાઇ ચૌહાણ – સાબરમતી (અમદાવાદ) |

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન
શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર – માધાપર
'સંજીવની સરતાજ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર – હૈદ્રાબાદ
'સંજીવની સરતાજ' શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર – મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર – અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર – રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર – સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર – કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/–ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર – અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા – પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા – પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર – અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ – અંજાર-કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ – લાતુર
(પ્રભારી : મહિલા ઉત્કર્ષ સમિતિ – મહાસભા)
પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર – હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર
સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર – અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ – આદીપુર (એન્જી.બી.જે. ચૌહાણ એસોસીએટ્સ – આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર – પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ – જબલપુર (પૂર્વઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી હંસરાજભાઇ જીવરામભાઇ પરમાર – આદીપુર
શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ – વડોદરા
(પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, પ.ઝોનલ ચેરમેન 'સંજીવની')
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર – વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર – અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર – શહડોલ
(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક – નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર – કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ – વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર – ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર – અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર – અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર – મુંબઇ
શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર – કુકમા
શ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર પરિવાર – રાયપુર
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ – ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ – સાઉદીઅરેબીયા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક – અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા – જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક – અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ – આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૪

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**





શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in


**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... મહાસભાના આદરણીય પ્રમુખ **શ્રી યોગેશભાઇ ચાવડા**ના માર્ગદર્શન હેઠળ કાર્યરત અભિલાષા સમિતિને શિક્ષણ સહાય મેળવવા માટેની અરજીઓ પ્રાપ્ત થઇ રહી છે અને આ અરજીઓની ચકાસણી કરી મંજુર કરવામાં આવેલ સહાયની રકમ જે-તે આવેદક છાત્રના બેન્ક એકાઉન્ટમાં જમા કરવામાં આવેલ છે. આ ભગીરથ કાર્યમાં જોડાયેલ અને આર્થિક અનુદાન આપનાર તમામ દાનદાતાશ્રીઓનો આ કોલમના માધ્યમથી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

દાનદાતાશ્રીઓના ક્રમમાં આપણે સાભાર નોંધ લઇએ તો **સમાજરત્ન શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી** તરફથી તેમના સંકલ્પ રૂપે પ્રતિમાસ આ સમિતિને રૂા. ૫૦૦૦/-નું દાન પ્રાપ્ત થાય છે. ૪ વર્ષના આ સમયગાળામાં માસિક દાન ઉપરાંત પારિવારિક શુભ પ્રસંગોએ મળલ ખુશાલીદાન સહિત અંદાજે રૂા. ૪ લાખ જેટલું માતબર દાન આ સમિતિને પ્રાપ્ત થયેલ છે. સેવાના ક્ષેત્રે તેમના તરફથી મળતા અનુદાનોની આ તો માત્ર એક આછેરી ઝલક છે. માસ સપ્ટેમ્બર-૨૦૨૨ના અનુદાન પેટે તેઓશ્રી તરફથી રૂા. ૫૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. આપની ઉદારતા અને અનુકંપા બદલ ખુબ ખુબ આભાર... અભિલાષા સમિતિ આપને પ્રણામ કરે છે.




દાનદાતાશ્રીઓની નવી યાદીમાં ગત વર્ષથી પ્રતિમાસ રૂા. ૫૦૦/-નું દાન આપનાર **આદીપુરના સમાજસેવી દાતાશ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા** તરફથી ચાલુ વર્ષના રૂા. ૬૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ છે. સંઘર્ષભરી સ્થિતિમાં ઉચ્ચ અભ્યાસ કરીને ઇફકોના અધિકારી તરીકે સેવારત તેઓશ્રી હાલે નિવૃત્ત છે અને સમાજસેવાને સમર્પિત છે. આ યાદીમાં અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ અને આપણા સમાજના પ્રતિભા સંપન્નહ નારી **શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર** તરફથી સ્વ. કિશોરભાઇ કોન્ટ્રાકટરની પુણ્યતિથિ (જન્માષ્ટમી) પ્રસંગે રૂા. ૨૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. તેવી રીતે સિનુગ્રા નિવાસી શિક્ષણ પ્રેમી દાતા **શ્રી નૌતમભાઇ દેવરામભાઇ વાઢેર** અભિલાષા સમિતિના સેવાકાર્યથી પ્રભાવીત થયા અને તેમના તરફથી પણ રૂા. ૫૦૦૦નું દાન પ્રાપ્ત થયેલ છે. આ ક્રમમાં આપણા સમાજની ખુબજ જુની શિક્ષણ સંસ્થા વિદ્યોતેજક મંડળ - કુકમાના પ્રમુખ **શ્રી અનિલભાઇ ધનજીભાઇ ચૌહાણ** તરફથી તેમના જન્મદિન (તા. ૨૧/૮/૨૦૨૨) અવસરે રૂા. ૧૧૦૦/-નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે તેમજ પોતાની લાડકી દિકરી **ડૉ. લિપ્સાબેન** એ ખુબજ લગન અને પરિશ્રમ કરી ડૉક્ટરેટની ડિગ્રી મેળવી તેની ખુશીમાં ગાંધીધામ ઘટકના સમાજસેવી દંપતિ **શ્રીમતી પ્રતિમાબેન** (પ્રમુખશ્રી ગાંધીધામ મહિલા મંડળ) અને **શ્રી મહેન્દ્રભાઇ પરમાર** (મંત્રીશ્રી ગાંધીધામ ટ્રસ્ટ) તરફથી પણ રૂા. ૧૫૦૦ નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. તમામ દાતાશ્રીઓનો આ કોલમના માધ્યમથી હાર્દિક આભાર માનવામાં આવે છે. જય સમાજ...

વિનોદ લીલાધર ચૌહાણ - ઉપપ્રમુખ અને પ્રભારી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# પરિચય પુસ્તિકા

સહ વીર્યં કરવાવહૈ

**સંકલન... સંગઠન... સમૃદ્ધિ...**

**પ્રભારી : શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ**



માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા દ્વારા પરિચય પુસ્તિકા નું કાર્ય ખૂબ જ પૂરજોશથી ફેર ચાલી રહ્યું છે. આપણા સૌના પ્રેરણા સ્તોત્ર એવા શ્રી યોગેશભાઈ ચાવડાની આગેવાની હેઠળ અને પરિચય પુસ્તિકાના સલાહકાર મંડળ અને તેમની કર્મઠ ટીમને કારણે કાર્ય ખૂબ જ સારી રીતે થઈ રહ્યું છે. ભારતભરમાં વસતા આપણા સમાજ બંધુઓને સંપર્ક કરવા માટે ૧૨૭ ઘટકના પ્રમુખશ્રી, મહિલા મંડળ અને યુવા મંડળના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓની સંપૂર્ણ માહિતી સાથે મહાસભાની, અખિલ ભારતીય યુવા મહામંડળ, અખિલ ભારતીય મહિલા મહામંડળની સમગ્ર ટીમ ઉપરાંત આપણી ૧૬ પ્રાદેશિક સમિતિ, ઝોનલ અને મહાસભાની દરેક સમિતિની માહિતી ઉપરાંત આપણા ભારત ભરના સમાજ ભવનઓની યાદી સાથે તેમની ઉપલબ્ધ સુવિધાઓની પણ માહિતી આપવામાં આવશે. આમ ગાગરમાં સાગર જેટલી માહિતી ઉપરાંત દરેકના વ્યવસાયની પણ વિગત હોવાથી આપણા સમાજબંધુઓ સાથે નેટવર્કિંગ કરી તેમની સાથે જોડાવાનો અમૂલ્ય લાભ મળશે. **આવી ભવ્ય માહિતી સભર પરિચય પુસ્તીકા કમ બિઝનેસ ડિરેક્ટરી** નું વિમોચન આગામી મહાસભાના વાર્ષિક અધિવેશન ગોંદીયા મુકામે કરવાનું હોય સર્વ સમાજ બંધુઓને મહાસભાના આ કાર્યમાં સાથ સહકાર આપવા નમ્ર વિનંતી કરવામાં આવે છે. **દરેક ઘટકને આપેલા ફોર્મેટમાં માહિતી ભરીને આપના પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રીને મોકલી આપવા વિનંતી છે.** સર્વે મહાનુભાવોને વિનંતી કે તેઓ તેમના **વ્યવસાયની કોલમમાં ફક્ત નોકરી બિઝનેસ કે ઘરકામને બદલે થોડી વિગતવાર માહિતી આપવા વિનંતી છે,** જેથી લોકોને પૂરી જાણકારી મળે આપના તાજેતરના ફોટા પણ અચૂક જોડવાથી આપની માહિતી સાથે નવા ફોટા મૂકી શકાય. આમ, ઉપરોક્ત પરિચય પુસ્તિકામાં દરેક સમાજબંધુઓને પોતાના વ્યવસાય પ્રતિષ્ઠાનની જાહેરાત આપી ભારતભરના લોકો સાથે જોડાવાનો અચૂક લાભ લેવો જોઈએ. વળી જાહેરાતના દર ખૂબ જ વ્યાજબી હોય દરેક લોકો પોતાની માહિતી આપી શકે તેવા હોય સર્વ સમાજબંધુઓને યથા યોગ્ય સહકાર આપવા નમ્ર અપીલ કરવામાં આવે છે. સમગ્ર પરિચય પુસ્તિકા આર્ટ ગ્લોસી કલર પેપરમાં છાપવાની હોય આપની માહિતી ખુબ જ સારી રીતે આપી શકાશે તો આજે જ આપને **જાહેરાતની સીડીઆર ફાઈલ** chauhanpg@gmail.com પર મોકલી આપશો. જેથી તેનું તુરંત પ્રૂફ મોકલી શકાય. **ફુલ પેજ જાહેરાતની સાઈઝ 7.5" * 4.5"** છે, તો તે પ્રમાણે જાહેરાત બનાવવા વિનંતી છે. તો, મિત્રો કોઈપણ **વધુ જાણકારી માટે આપ પરિચય પુસ્તિકાની ટીમનો સંપર્ક કરી શકો છો.**

**ખાસ નોંધ :** આપની જાહેરાતનો અનુદાન આપ મહાસભાના નીચેના એકાઉન્ટમાં જમા કરાવી આપને આવેલ બેંકનો મેસેજ કે સ્લીપનો ફોટો અમોને મોકલી આપવા વિનંતી છે, જેથી તેની યોગ્ય નોંધ લઇ શકાય.

**Shri K.G.K. Samaj Mahasabha - State Bank of India - Katcheri Branch ( Raipur )**
**Ac. No. 30646325251 - IFSC CODE : SBIN 0003314**

સહકારની અપેક્ષા સહ...

**: સંપર્ક સૂત્રો :**

**પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ – રાજકોટ ઉપપ્રમુખ શ્રી મહાસભા મો. ૯૪૨૬૬ ૩૫ ૧૪૨**

**: સલાહકાર મંડળ :**

**શ્રી વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા – અંજાર – વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મહાસભા. મો. ૯૮૨૫૧ ૬૩૨૮૮**
**શ્રી વિનોદભાઈ મોહનભાઈ ખોડિયાર – અંજાર – વરિષ્ઠ મહામંત્રી શ્રી મહાસભા. મો. ૯૪૦૮૨ ૪૪૬૪૪**
**શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢીયાર – અંજાર – મહામંત્રી શ્રી મહાસભા. મો. ૯૯૭૮૭ ૯૦૪૮૮**

**: સભ્યશ્રીઓ :**

**શ્રી હેમંતભાઈ હરિરામભાઇ ગોહિલ – રાયપુર – ઉપપ્રમુખ શ્રી મહાસભા. મો.૯૮૨૭૯ ૩૬૭૪૮**
**શ્રી કિરીટભાઈ રમણીક લાલભાઈ ચૌહાણ – ધનબાદ – ઝોનલ પ્રમુખ શ્રી મહાસભા. મો. ૯૪૩૧૧ ૨૦૫૪૩**
**શ્રી યોગેશભાઈ પરસોત્તમભાઈ પરમાર – હૈદરાબાદ – ઝોનલ પ્રમુખશ્રી મહાસભા. મો.૯૩૯૧૧ ૪૪૭૪૯**

# ‘સેતુ સમાજ સંદેશ’ ખાસ સુચના

**‘સેતુ સમાજ સંદેશ’નો અંક દર મહિનાની ૨જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે.**

‘સેતુ સમાજ સંદેશ’ નો અંક ન મળવાની ફરીયાદ આવતા મહિનાની ૧લી તારીખ બાદ કરવાની રહેશે. એટલે કે જે સમાજબંધુઓને એપ્રિલ’૨૦૨૨નો અંક ન મળ્યો હોય તેમણે અંક ન મળવાની ફરીયાદ તા. ૦૧/૦૫/૨૦૨૨ પછી કરવાની રહેશે. પોસ્ટીંગની અનિયમીતતાને કારણે અંક વહેલો-મોડો મળી શકે છે. તેથી સર્વે સમાજબંધુઓને વિનમ્ર વિનંતી છે કે આ બાબતે અમોને આપનો સંપૂર્ણ સહકાર આપશો. **અંક ન મળવાની ફરીયાદ માટે ફોન-કોલ કરવાની જરૂરત નથી.** આપે માત્ર **વોટ્સએપ** દ્વારા અથવા તો **ટેક્સ મેસેજમાં આપના ગ્રાહક નંબર, આપનું પુરૂં એડ્રેસ અને જે માસનો અંક નથી મળ્યો તેની વિગતો અને આપનો કોન્ટેક્ટ નંબર નીચે દર્શાવેલ મોબાઈલ નંબર પર મોકલી આપશો.** જેથી આપને અંક મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે. અંક ન મળવા બાબતે ફોન કરવો આવશ્યક નથી.

## ।। દિવાળી વિશેષાંક ।।

મહાસભાની સમિતિઓ, ઘટકો, મહિલા મંડળો એવં યુવા મંડળો તેમજ સર્વે સન્માનનીય સમાજબંધુઓને વિશેષ જણાવવાનું કે, આગામી નવેમ્બર’૨૦૨૨નો ‘સેતુ સમાજ સંદેશ’નો અંક “દિવાળી વિશેષાંક” રૂપે પ્રકાશીત થશે. આ અંકમાં દિવાળીના તહેવારને અનુલક્ષીને વિશેષ લેખો, નિબંધ, કવિતાઓ, દિવાળીની શુભેચ્છા જાહેરાતો તેમજ રેગ્યુલર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળના સમાચારો, મહાસભાની સમિતિના અહેવાલો વગેરે પ્રકાશીત કરવા માંગતા હોય તેઓએ સુવાચ્ય અક્ષરોમાં અંતિમ તા. ૦૫/૧૦/૨૦૨૨ સુધી ઈ-મેલ : setusamaj@gmail.com દ્વારા મોકલી આપવા નમ્ર વિનંતી છે.

નોંધ : ક્યા લેખો, નિબંધ, કવિતાઓને સેતુ સમાજ સંદેશમાં સ્થાન આપવું તેનો નિર્ણય ‘સેતુ સમાજ સંદેશ ટીમ’ પાસે અબાધીત રહેશે.

**વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર - માનદ્ તંત્રીશ્રી**
મો. ૯૪૦૮૨૪૪૬૪૪

**હિતેશ ભોગીલાલ ચૌહાણ - અધ્યક્ષ સેતુ સમાજ સંદેશ**
મો. ૯૯૦૯૦૬૯૦૫૭

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ-અંજાર

સહ વીર્યં કરવાવહૈ

**૫૦મો સુવર્ણ વસંતપંચમી સમુહ લગ્નોત્સવનું આયોજન, તા. ૨૬/૦૧/૨૦૨૩, ગુરૂવાર**


શ્રી બલરામભાઈ ટી. જેઠવા
પ્રમુખશ્રી અંજાર ઘટક


શ્રી ગિરીશભાઈ એમ. પરમાર
અધ્યક્ષશ્રી
સમુહ લગ્ન સમિતિ


શ્રી પ્રતિકભાઈ ડી. ટાંક
ઉપાધ્યક્ષશ્રી
સમુહ લગ્ન સમિતિ


‘સમાજરત્ન’
શ્રી વિનોદભાઈ પી. સોલંકી
તમામ કન્યા પક્ષના દાતાશ્રી


સ્વ. શ્રી હેમરાજભાઈ
ડી. ચૌહાણ (ચૌહાણજર્દા)
તમામ કન્યાના પાનેતરના દાતાશ્રી


બ્ર.કુ. શ્રી બાબુભાઈ
એ. પરમાર
કુમકુમ પત્રિકાના દાતાશ્રી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર ઘટક દ્વારા **વસંતપંચમીના શુભ દિવસે ૫૦માં સમુહ લગ્નોત્સવ નું આયોજન** તા. ૨૬/૦૧/૨૦૨૩, ગુરૂવારના રોજ નક્કી કરવામાં આવેલ છે. સમાજના કોઈપણ ભાઈ-બહેનોને ભાગ લેવાની ઈચ્છા હોય તેમને સમાજભવન-અંજાર મધ્યેથી નિયત ફોર્મ મેળવી વિગતવાર ભરીને **તા. ૧૦/૧૨/૨૦૨૨, શનિવાર** સુધી પરત કરી આપવા વિનંતી કરવામાં આવે છે. ભાગ લીધેલ સમાજના ભાઈ-બહેનોના **વાલીઓની મીટીંગ તા. ૨૫/૧૨/૨૦૨૨, રવિવાર, બપોરે ૩.૦૦ કલાકે શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન-અંજાર** મધ્યે રાખવામાં આવેલ છે. જેમાં કંકોત્રી વિતરણ તેમજ કન્યા પક્ષોને પાનેતરનું વિતરણ કરવામાં આવશે.

**:: વધુ વિગત માટે સંપર્ક ::**

શ્રી બલરામભાઈ ટી. જેઠવા
(પ્રમુખશ્રી, અંજાર ઘટક)
મો. ૯૮૯૮૩૭૦૩૫૯

શ્રી ગિરીશભાઈ એમ. પરમાર
(અધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સમિતિ-અંજાર
મો. ૯૯૨૫૩૧૮૬૨૬

શ્રી પ્રતિકભાઈ ડી. ટાંક
(ઉપાધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સમિતિ-અંજાર)
મો. ૮૧૨૮૯૪૮૮૮૪

:: સમાજ ભવન કાર્યાલય ::
ફોન નં. (૦૨૮૩૬) ૨૪૬૫૧૧



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઈ રાઠોડ - જાલના**
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

## Resin Art

જીવનમાં આપણા કલાનું છે મુખ્ય સ્થાન,
એના વગર જીવન છે નિરસ અને બેજાન,
કલા આપે છે દિલને સુકુન, ચહેરા પર મુસ્કાન,
બહેનો 'Learn & Earn' કરી આત્મનિર્ભર બની,
પરિવારને સમાજની પ્રગતિમાં આપે છે અમુલ્ય યોગદાન !




માતૃ સંસ્થા રાષ્ટ્રિય મહાસભચાની મહિલા ઉત્કર્ષ સમિતિના 'Learn & Earn' નો ૨૦મો પ્રોજેક્ટ આંધપ્રાદેશિકના વિશાખાપટ્ટનમ ઘટકના વિજીયાનગરમના **શ્રીમતી સોનલબેન રાજેશભાઇ વરૂ** દ્વારા ૨ ઑગષ્ટના સફળતાપૂર્વક લેવામાં આવેલ. શ્રીમતી સોનલબેન રાજેશભાઇ વરૂએ ગં.સ્વ. તારાબેન કાંતિલાલભાઇ વરૂના પુત્રવધુ અને શ્રીમતી કમલાબેન પુરૂષોત્તમભાઇ ચૌહાણ-જબલપુરના પુત્રી છે. તેઓએ એમ.કોમ., ટેક્સટાઇલ્સ ડીઝાઇનીંગ ડીપ્લોમા કર્યું છે.

સોનલબેનને બાળપણથી પેન્ટીંગ્સ અને હેન્ડીક્રાફ્ટ્સની વસ્તુઓ બનાવવામાં ખુબજ રૂચી છે. કોઇપણ ચીજને કેવી રીતે સુંદર રૂપ આપી આકર્ષક બનાવવું એનો ખાસ શોખ છે. પેન્ટીંગ્સની હર ફિલ્ડમાં (ઑઇલ પેન્ટીંગ, ફેબ્રીક પેન્ટીંગ, પોસ્ટર પેન્ટીંગ, ગ્લાસ પેન્ટીંગ, એક્રેલીક પેન્ટીંગ, ક્લે પેન્ટીંગ, ફ્રી હેન્ડ પેન્ટીંગ, પેન્સીલ શેડીંગ વગેરે) એક્સપર્ટ છે અને Tye n Dye સ્ક્રીન પેન્ટીંગ, બ્લોક પેન્ટીંગમાં પણ કુશળ છે. રંગોલીને તો એટલું ફાઇન વર્ક આપે છે કે જાણે ફાઇન પેન્ટીંગ હોય. કલાને પ્રોફેશન બનાવ્યું અને ત્યાર બાદ જેઠાણી શ્રીમતી મીનલબેન ભુપેન્દ્રભાઇ વરૂ સાથે મળને પાછલા ૨૨ વર્ષથી 'કલાનિધિ'



નામે આર્ટ ક્રાફ્ટ એન્ડ કુકીંગ ઇન્સ્ટીટ્યુટ ચલાવે છે. ઓનલાઇન ક્લાસીસ પણ સફળતાપૂર્વક ચલાવે છે અને ઓર્ડર પણ પુરા કરે છે અને કમ્પીટીશન્સમાં જજમેન્ટ માટે પણ જાય છે. વિજીયાનગરમમાં સારૂં નામ મેળવ્યું અને વિશાખાપટ્ટનમ ઘટકથી પણ સન્માન મળેલ છે. સોનલબેન વરૂનો મહિલા ઉત્કર્ષ સમિતિનો 'Learn & Earn' નો ૨૦મો પ્રોજેક્ટ ફેસબુક પેજથી લાઇવ રેસીન આર્ટનો હતો. જેમાં રેઝીનના બારામાં ડીટેલથી ખુબજ સારી જાણકારી આપી જુદી જુદી ઘણી આઇટમ્સ શિખવાડી જેમાં મુખ્ય હતી (૧) ડેકોરેટીવ ટ્રે એનડ કોસ્ટર્સ (૨) થ્રી-ડી ફોટોફ્રેમ (૩) મુફીન સ્ટેન્ડ (૪) ટ્રેડીશનલ રાખીસ (૫) બ્યુટીફુલ ચોપીંગ બોર્ડ.

આ બધીજ આઇટમ્સમાં રેસીનનું અલગ પ્રકારથી ઉપયોગ બતાવવામાં આવ્યું હતું. જેમકે ડેકોરેટીવ ટ્રેમાં ડ્રાય ફ્લાવર્સથી ડેકોરેટ કરી ઉપરથી રેસીન નાખ્યું હતું. ફોટોફ્રેમમાં ફોટો નાખીને




ટ્રાન્સપેરેન્ટ થ્રી-ડી વ્યુ આપ્યું હતું. રેસીન રાખડી કલરફુલ અને જુદી જુદી રીતે બનાવેલી હતી. મફીન સ્ટેન્ડ પણ ખુબજ સુંદર અને ઉપયોગી આઇટમ હતી. સાથે બે ટાઇપથી કોસ્ટર્સ બતાડ્યા અને ચોપીંગ બોર્ડને પણ ડેકોરેટીવ કરી શકાય છે એ જોવા-શીખવા મળ્યું. સાથે સાથે રેસીનથી જ્વેલરી, બુકમાર્ક, લોકેટ, કીચેન, પેપરવેટ, શુભલાભ, ઘડીયાળ બનાવી શકાય છે એની જાણકારી આપી હતી.

રેસીનની બનેલી ચીજની ખાસીયત એ છે કે આ ઓછા સમયમાં ઓછી લાગતે અને ઓછી મહેનતે તૈયાર થાય છે અને આજના ટ્રેન્ડ પ્રમાણે યુનિક પણ છે. ને બન્યા પછી એની કિંમત ઘણી વધી જાય છે જેથી બહેનોને કમાણી કરવા માટે રેસીનમાં સારો સ્કોપ છે. મરેજે સીઝનમાં અને ફેસ્ટીવ સીઝનમાં કોર્પોરેટ ગીફ્ટ તરીકે અને પાર્ટીસમાં રીટર્ન ગીફ્ટ તરીકે પણ રેસીનની આઇટમ્સ તૈયારી કરી શકાય છે. ઘરબેઠે કમાણી કરી શકાય છે અને આ બધી આઇટમને ઓનલાઇન સેલીંગ કરી શકાય છે. બહેનો થોડીક મહેનત કરે તો ઘણીજ કમાણી છે.

સોનલબેન કહે છે મહિલા ઉત્કર્ષ સમિતિ આપણી બહેનો માટે નિત્ય નવા-નવા પ્રોજેક્ટ લાવી રહ્યું છે. સમાજની બહેનોમાં ઉત્સા વધ્યો છે અને બધા હર મહીને નવા પ્રોજેક્ટની રાહ જુએ છે. આ બધા વર્કશોપ મહિલા ઉત્કર્ષ સમિતિના ફેસબુક પેજમાં કાયમ રહે છે. જે બહેનો કારણવશ લાઇવ ના જોઇ શક્યા હોય તે ક્યારે પણ જોઇ એનો લાભ લઇ શકે છે. મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રોજેક્ટસ 'Learn & Earn' ના નામને સાર્થક કરે છે. આજે માર્કેટ યા બહારમાં આ બધીજ વસ્તુઓ શીખવા માટે હજારો રૂપીયાની ફીસ અને સમય દેવો પડે છે જ્યારે આપણે ઘર બેઠા ફ્રીમાં બધું જ ખુબજ સારી રીતે શીખવા મળે છે જે ખુબજ માર્ગદર્શી અને ઉપયોગી થઇ રહે છે બધા માટે અને આત્મનિર્ભર બની સ્વાવલંબનની દીશામાં આગળ વધતા જાય છે. અધ્યક્ષા મીતાબેન જે 'Learn & Earn' કાર્યક્રમ ચલાવી રહ્યા છે અખિલ ભારતીય સ્તરે બધી બહેનો માટે ખુબજ લાભકારી, હિતકારી છે. આપણા સમાજની બહેનોમાં જે છુપાયેલું ટેલેન્ટ હતું એને રાષ્ટ્રીય સ્તરનો મંચ મળે છે અને એમના ટેલેન્ટનો લાભ અખિલ ભારતીય સ્તર અને વિદેશોમાં વસતી આપણા સમાજની બહેનોને પણ મળી રહે છે. મહિલા ઉત્કર્ષ સમિતિના આ સુંદર પ્રયાસને વંદન છે... નમન છે...

નારી છે સમાજની ઉન્નતિનો મુખ્ય આધાર
મહિલા ઉત્કર્ષ સમિતિ હર મહીને લાવે છે
નિત્ય નવા પ્રોજેક્ટનો ઉપહાર.
'Learn & Earn' શરૂ કરી બહેનોની કલાને,
આપ્યો છે રૂપ સાકાર.
ઘર ગૃહસ્થી સાથે કરી રહ્યા છો,
સમાજ વિકાસના કાર્યો અપાર.
મીતાબેન હૃદયથી કરું છું,
તમોને શત શત નમન બારબાર.
બહેનોમાં ઉત્સાહ જગાવી,
કરો છો નારી જાગૃતિનાને સંચાર !

મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ સોનલબે જેવા સર્વક્ષેત્રમાં નિષ્ણાંત, બહુલક્ષી ટેલેન્ટ ધરાવતા, મહેનતુ, લાગણીશીલ, પ્રેમાળ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સૅલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી અભિનંદન આપી તેમના ઉજ્જ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે.... અસ્તુ...

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મેરેજ બ્યુરો સમિતિ



શ્રીમતી જ્યોતિબેન રાઠોડ – જાલના પ્રભારી

### ઓનલાઇન સગપણ સંમેલન
### તા. ૧૦-૧૧ સપ્ટેમ્બર-૨૦૨૨

જય સમાજ.... રામ રામ... આજની સંવેદનશીલ સમસ્યાના ઉકેલ માટે તા. ૧૦ અને ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૨ના શુભ દિવસે ૩ મીટીંગો કરી યોજનાબદ્ધ રીતે ઓનલાઇન સગપણ સંમેલનનું આયોજન કરવામાં આવેલ હતું. મધ્યાહન ૩ થી ૫ આપણા મહાસભાના કેજીકેવન એપમાં રજીસ્ટર કરેલ પાત્રોનું સગપણ સંમેલન લેવામાં આવેલ. અમારા મેરેજ બ્યુરો ટીમ, ટેકનીકલ ટીમ તથા એન્કર્સ દ્વારા બન્ને દિવસ સફળ આયોજન થયું. સાથે સોનામાં સુગંધ હોય એમ વાલીઓ તથા પાત્રોનો પ્રતિસાદ પણ બહુ સારો હતો. આ સંમેલન માટે અમને મહાસભાના પ્રમુખશ્રી આદ. યોગેશભાઇ તથા અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેનની શુભેચ્છા મળેલ.

આ વખતે બન્ને દિવસ ઓનલાઇન સંમેલનમાં વધુ સંખ્યામાં દિકરીઓએ સારી રીતે ભાગ લીધેલ હતો. મહાસભાએ આશીર્વાદ રૂપે આપેલ સિસ્કો વેબેક્સનું આનાથી રૂડું શું ઉપયોગ થઇ શકે કે વાલીઓ તથા તેમના સંતાન પાત્રોને ઘરબેઠા એકપણ રૂપીયો ખર્ચો ન કરતા આટલા બધા એમને અનુકુલ પડે એવા પાત્રોનો પરિચય થયો. જાગ્રુત વાલીઓએ પાત્રોના રજીસ્ટર નંબર નોંધ કરીને હવે સંપર્કસાથીઓની મદદથી આગળ વધે છે. આપણા સમાજમાં કેટલા ટેલેન્ટેડ દિકરા-દીકરીઓ છે બસ વાલીઓ અને પાત્રોને વિનંતી કે થોડું બાંધછોડ કરી, થોડી અપેક્ષાઓ ઓછી કરીને નવા દષ્ટીકોણથી નિહાળશો તો જે પાત્રો તમે પસંદ કરશો તે તમને અને તમારા પરિવાર માટે યોગ્ય જ નિવડશે. આપણે પણ પરફેક્ટ નથી અને કોઇપણ દિકરા-દિકરી રૂપરંગ, શિક્ષણ, આર્થિક રીતે, પેકેજ યા સંસ્કારની દષ્ટીથી ૧૦૦ ટકા પરફેક્ટ નથી હોતું. બસ જે પણ પુત્રવધુ આવે કે આપણે જે દિકરીને સાસેર મોકલી હોય તે એકબીજાને જેવા છે તેવા પ્રેમથી સ્વીકારી લે તો આપોઆપ પરફેક્ટ જોડી થઇ જાય.

બસ એટલું જ સમજાઇ જાય કે રૂપ-રંગ તો ચાર દિવસની ચાંદની છે... બસ સંસ્કાર જોવે તો જીવનભર પ્રફુલ્લીત થઇ જાય. આપણે ઇશ્વરથી એકજ પ્રાર્થના કરીએ અમે લોકો નિમિત્તહ બનીએ પ્રત્યેકને સમયસર એમની યોગ્યતા પ્રમાણે મનપસંદ જીવનસાથી મળી જાય એવા શુભ આશીર્વાદ આપો કે તે જીવનસાથી જીવનભર સાથ નિભાવે.

લાઇફ તો સિર્ફ એડજસ્ટમેન્ટ... એડજસ્ટમેન્ટ અને એડજસ્ટમેન્ટ જ છે. પ્રેમના તાંતણેથી બંધાઇ, સંસ્કારોથી વણાઇ એકબીજાને હૃદયથી સ્વીકારી લે તો લાઇફ જીંગાલાલા છે. ઇસીજીની જેમ ઉંચનીચ તો જીવનમાં ચાલ્યા જ કરે. પણ એમાંથી સુખરૂપે પસાર થઇ જાય તો નારિયલ, સગપણ-વિવાહ પછી વિચ્છેદ કે છુટાછેડા ન થાય. આજે નજીવા કારણથી છુટાછેડા થાય છે એ બહુ મોટી સંવેદનશીલ સમસ્યા છે. સહનશક્તિનો અભાવ અને વધુ પડતી અપેક્ષાઓ સંબંધોમાં સહુથી શ્રેષ્ઠ ગૃહસ્થાશ્રમ સફળ નથી થતું. ૩૦ વર્ષની ઉંમર પછી વિવાહ નથી થતાં સમજોતા થાય છે. વિચારોમાં પણ પરિપક્વતા આવી જાય છે. યૌવન ઢળતું જાય છે. આ વિવાહમાં વિલંબ વૈજ્ઞાનિક દષ્ટિએ સંતાન ઉત્પત્તી-વંશવેલા વધવા માટે પણ હાનિકારક છે.

આજે નોકરી, પેકેજ, કેરિયર, વિદેશમાં વસવાના ચક્કરમાં સંતાનની પ્લાનીંગ કરે છે - થવા નથી દેતા એ એક મોટી વિટંબણા છે. મોટા શહેર, મોટા પેકેજ, સ્વયંના ઘર, સંયુક્ત કુટુંબ વગેરેની અપેક્ષાઓ વિવાહને સંસ્કાર નહીં પણ વ્યાપાર કરી દીધી છે. આ તો આપણે ભાગ્યશાળી છીએ કે આપણા સમાજમાં દહેજપ્રથા નથી. માટે પાત્રો તથા વાલીઓથી નમ્ર વિનંતી છે કે ખાનદાન, પરિવાર તથા સંસ્કારી પાત્રો પસંદ કરશો તો તમે પણ સુખી થશો અને દિકરા-વહુ, દિકરી-જમાઇ સુખી વૈવાહીક જીવન માણશે. આ આધુનિક વિચારોની પરાકાષ્ઠા તો ત્યારે થાય છે આટલા યોગ્ય પાત્રો હોવા છતાં વાલીઓ અને પાત્રોને એમ કહેતા સાંભળ્યા છે કે, ‘‘આપણા સમાજમાં મારા દિકરા-દિકરીને લાયક પાત્રો નથી...!!!’’. આ આધુનિક્તા, વિવેક, મર્યાદાની અને અપેક્ષાઓની પરાકાષ્ઠા છે. અસ્તુ...

આપણા સમાજમાં એકથી એક ચડીયાતા મોટા પેકેજવાળા દિકરા-દિકરીઓ છે, મોટા ઉદ્યોગપતિઓ છે તમે આપણા કેજીકેવન એપના મેરેજબ્યુરોમાં તમારા પાત્રોનું રજીસ્ટ્રન કરો અને તમને અનુકુળ યોગ્ય પાત્ર જરૂર મળશે. અંતમાં અમારી પુરી ટીમને ધન્યવાદ સાથે આભાર...

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## માધાપર ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા ૭૬મા ઉજવણીમાં ''ઘર ઘર તિરંગા હર ઘર તિરંગા'' અંતર્ગત સમાજના દરેક ઘર પર તિરંગો લહેરાય તે માટે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોતમભાઈ સોલંકી તરફથી નિ:શુલ્ક ૧૦૦૦ (એક હજાર) તિરંગાનું વિતરણ કરવામાં આવેલ હતું.





સ્વતંત્રતા દિનની ઉજવણી 'સમાજરત્ન' અને માધાપર ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની ઉપસ્થિતિમાં સમાજ ભવનના પ્રાંગણમાં કરવામાં આવેલ. સૌપ્રથમ પધારેલ સમાજના મહાનુભાવો દ્વારા ભારતમાતાને હારારોપણ તેમજ દિપ પ્રાગટ્ય કરી ઘટકના સહમંત્રી શ્રી કમલેશભાઇ મુળજીભાઇ પરમારના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો. ત્યાર બાદ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ પ્રાસંગીક પ્રવચન કરેલ



અને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા સંચાલિત બાલમંદિરના બાળકોએ કાર્યક્રમ રજુ કરેલ. દેશના શહીદ થયેલ વીર સપૂતોના બલિદાનને યાદ કરી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં મોબાઇલની ફ્લશ લાઇટમાં ભારત માતાની આરતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઘટકના સલાહકાર પ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, કચ્છ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તેમજ કારોબારી સભ્યો અને સમાજના ઘણા લોકો ઉપસ્થિત રહેલ હતા તેમનો મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે આભાર વ્યક્ત કરેલ હતો. આઝાદી કા અમૃત મહોત્સવની

માધાપર ઘટક દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષ સ્થાને સમાજ ભવનમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી અને મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી. સમાજના કે.જી.થી ધોરણ ૧૨ અને ઉચ્ચ અભ્યાસ કરતા કુલ ૨૨૫ વિદ્યાર્થીઓ જે વર્ષ ૨૦૨૧-૨૨માં ઉત્તિર્ણ થયેલ દરેક ધોરણમાં ૧ થી ૫ નંબર તેમજ અન્ય તમામને આશ્વાસન ઇનામ આપવામાં આવેલ હતા. હાલમાં જ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરનો પ્રતિષ્ઠિત 'હલધર' એવોર્ડ મેળવનાર મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ભવ્ય સન્માન કરવામાં આવેલ હતું અને વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરનાર રાધિકા ટાંક, દિયા ચૌહાણ, હિમધી ચૌહાણ, ક્રિશીવ સોલંકી અને નરેન્દ્ર વાઘેલાને સન્માન પત્ર અને પ્રતિક ભેટ આપવામાં આવી હતી. દાતાઓ તરફથી કુલ ૭૫૦૦૦ના ઇનામો આપવામાં આવેલ હતા. વિદ્યાર્થીઓએ શિક્ષણ તેમજ અન્ય વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઇ સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન આપવામાં

આવેલ. આ કાર્યક્રમમાં ઘટક ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ, કચ્છ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી અમિતભાઇ ચૌહાણ, શ્રી કાન્તીભાઇ ચૌહાણ, શ્રી પિયુષભાઇ ટાંક ત્રણેય પાંખનો કારોબારી સભ્યો અલ્પાહારના દાતા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી અને ઉપસ્થિત તમામનો શ્રી મહેન્દ્રભાઇ વરૂએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

## આદીપુર ઘટક

તા. ૧૩-૦૮-૨૦૨૨, શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાક આદીપુર સમાજ ભવન મધ્યે સિનિયર સીટીઝન ક્લબ ગાંધીધામના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમાર સાથે ક્લબના આદિપુરના સભ્યો સાથે એક મીટીંગ મળેલ હતી. જેમાં આગામી પ્રવૃત્તિઓ વિષે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આદીપુર સમાજ ભવનની છત ઉપર પેરાપેટ વોલ/રેલીંગ બનાવવાનો અંદાજીત ખર્ચ રૂા. ૫૦,૦૦૦ થાય તેમ છે તે ખર્ચના ભાગરૂપે આદીપુર ઘટકના સભ્ય શ્રી રાજેન્દ્રભાઇ ખેતશીભાઇ પરમાર તરફથી રૂા. ૫૦૦૦ તથા સિનીયર સીટીઝન ક્લબ ગાંધીધામના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમાર તરફથી રૂા. ૫૦૦૦ દાન રૂપે મળેલ છે.

ભારતના ૭૬માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે તા. ૧૫ ઓગષ્ટ-૨૦૨૨ના રોજ સવારે ૯ વાગે આદીપુર સમાજ ભવન મધ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. યુવા મંડળના પ્રમુખ શ્રી જીગરભાઇ બી. ગોહિલ સાથે યુવા મંડળના હોદ્દેદારો દ્વારા ફરકાવવામાં આવેલ. ઉપરોક્ત ધ્વજવંદનના કાર્યક્રમમાં આદીપુર ઘટકના સર્વે સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.






ગણેશ ચતુર્થી પ્રસંગે સમાજ ભવનમાં તા. ૩૧-૦૮-૨૦૨૨ બુધવારના સવારે ૧૦ વાગે ગણેશ સ્થાપન તથા પૂજા આરતી તેમજ સાંજે ૬ વાગે પૂજા-આરતી, ત્યાર બાદ બીજા દિવસે તા. ૧-૯-૨૨ના સવારે પૂજા-આરતી અને ગણેશ વિસર્જનનો પ્રોગ્રામ રાખવામાં આવેલ. ઉપરોક્ત કાર્યક્રમમાં આદીપુર ઘટકના સર્વે સમાજબંધુઓ હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા.

અ.ભા.યુવા મહામંડળ દ્વારા વૃક્ષારોપણ પર્વ-૨૦૨૨ ઉજવવા બાબતે આદીપુર ઘટકના કેટલાય સભ્યોએ પોતાના ઘર અથવા ઘરની આસપાસ વૃક્ષારોપણ કરી પર્યાવરણની સુરક્ષા કરવાની શપથ લઇ તેમનું યોગદાન આપેલ હતું.

## રાઉરકેલા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટક દ્વારા ગત તા. ૨૧-૦૮-૨૦૨૨, રવિવારના ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમારના પ્રમુખપણા હેઠળ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રાઉરકેલાથી ૬૫ કી.મી. દુર આવેલ દેવગાંવ




(બનઇગઢ) સ્થીત બાનેશ્વર મંદિરે દર્શનાર્થે એક યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. બાનેશ્વર મંદિરે જવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. કોવિડ-૧૯ મહામારીના બે વર્ષ બાદ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું એટલે ઘટકના સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લઇ આ આયોજનને સફળ બનાવેલ હતું. બાનેશ્વરધામમાં સભ્યો માટે સવારનો નાસ્તો અને બપોરના મહાભોગની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. મહાદેવજીના દર્શન અને અભિષેક, મહિલા મંડળ દ્વારા રમત-ગમત અને સન્માન સમારોહ આજના કાર્યક્રમના મુખ્ય આકર્ષણ હતા. બાનેશ્વરધામમાં આયોજીત સન્માન સમારોહનું સંચાલન રાઉરકેલા ઘટક પ્રવક્તા તેમજ મહાસભા મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંક દ્વારા કરવામાં આવેલ હતું.

ઘટક પ્રમુખની સાથે ઘટકના ધર્મપ્રેમી અને ઉદારદિલ દાતા પરિવારના સભ્ય આદ. શ્રી મુકુન્દભાઇ નારાયણભાઇ ચૌહાણ, શ્રીમતી પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાણ, શ્રી દિપકભાઇ મુકુન્દભાઇ ચૌહાણએ સન્માન સમારોહના મંચની શોભા વધારેલ હતી. સન્માન સમારોહ દરમ્યાન રાઉરકેલા ઘટક પ્રમુખશ્રી દ્વારા આદ. શ્રી મુકુન્દભાઇ નારાયણભાઇ ચૌહાણ તથા આદ. શ્રીમતી પ્રભાબેન મુકુન્દભાઇ ચૌહાનું સાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું. આજના આહ કાર્યક્રમને સફળ બનાવવા આર્થિક સહયોગ આપનાર શ્રી મુકુન્દભાઇ ચૌહાણ, શ્રી રાજેશભાઇ પરમાર, શ્રી નિતિનભાઇ વરૂ, શ્રી પ્રદીપભાઇ ચૌહાણ, શ્રી રમાકાન્તભાઇ ટાંક, શ્રી સાહિલભાઇ ટાંક, શ્રી દિનેશભાઇ પરમાર, ગં.સ્વ. કાન્તાબેન વરૂ, શ્રી અનુજભાઇ પરમાર, ગં.સ્વ. ઇન્દીરાબેન ચાવડા, શ્રી કિશોરભાઇ રાઠોડ તથા શ્રી રાજેશભાઇ ચાવડાનું તથા અન્ય સહયોગ આપનનાર સર્વેનો ઘટક પ્રમુખશ્રી દ્વારા આભાર માનવામાં આવ્યો હતો. સન્માન સમારોહ બાદ ઉપસ્થિત સર્વેએ મહિલા મંડળ દ્વારા આયોજીત રમત-ગમત અને હાઉજીની મજા માણેલ હતી. રમત-ગમતના વિજેતાઓને ઘટક તરફથી પ્રોત્સાહીત કરવામાં આવેલ. બપોરના મહાપ્રસાદ લઇ સર્વે મુકુન્દભાઇ ચૌહાણના બગીચે ગયા હતા. સાંજે સર્વે હર્ષોલ્લાસ સાથે પરત રાઉરકેલા આવેલ હતા.

## હાજાપર ઘટક

ભૂતકાળમાં આપણા પૂર્વજો-વડીલો આપણા સમાજ માટે અને માનવહીત માટે ઐતિહાસિક ત્રણ મંદિરો, સ્કુલ, કલાત્મક ચબૂતરો, કન્યાશાળા-દવાખાના, બે તળાવો, ઇન્જીનિયરીંગનો બેનમૂન અમુનારૂપી પાંચ કમાનનો પુલ વગેરે માનવ ઉપયોગી વિરાસતો નિઃસ્વાર્થભાવે દરિયાદિલથી બનાવી ગયા હતા. નવનિર્વાચીત હાજાપર ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવના નેતૃત્વમાં તાત્કાલીક હાજાપર ઘટક અને હાજાપર સમાજ ભવનની મીટીંગ બોલાવી હાજાપર વિરાસત જાળવણી વિષે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી અને હાજાપર વિરાસત જાળવણી ફંડ અભિયાનનો નિર્ણય લેવાયો. સાથે સાથે નવા ત્રણ સમાજસેવાભાવી અને કાબેલીયત ધરાવતા હાજાપર પ્રેમીને પદ આપી, તેમની સેવા-માર્ગદર્શન લેવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રસંગને અનુરૂપ હાજાપર ભવનના મુખ્યદાતાશ્રી અને ઘટરના મુખ્ય સલાહકાર શ્રી વલમજીભાઇ વાઘેલા, ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ પરમાર, મંત્રી શ્રી

ઈશ્વરલાલભાઇ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, હાજાપર મહિલા મંડળમાં પ્રમુખ શ્રીમતી કોકીલાબેન જગદીશ પરમાર, મંત્રી શ્રી પ્રતિમાબેન કિશોર વરૂ, યુવા મંડળના પ્રમુખશ્રી રાજુભાઇ પરમાર દ્વારા જરૂરી માર્ગદર્શન અને સુચનો મેળવ્યા બાદ કાર્યની શરૂઆત કરવામાં આવી છે.

વિશેષ હાજાપર કોર કમીટી નિર્ણય મુજબ હાજાપરરત્ન સમા શ્રી નાનજીભાઇ ગોવિંદજીભાઇ ટાંકના પૌત્ર હાલ જમશેદપુર નિવાસી શ્રી દિપકભાઇ રતિલાલભાઇ ટાંકને ''હાજાપર વિરાસત જાળવણી ફંડ''ના પ્રમુખ બનાવવામાં આવેલ છે. જેઓ હાલ મહાસભાના સિંગભુમ પ્રાદેશિક પ્રમુખ તરીકે ઉચ્ચતમ સેવા આપી રહ્યા છે. તે પ્રમાણે આ જ પરિવારના આદરણીય શ્રી રવિન્દ્રભાઇ ગોવર્ધનભાઇ ટાંકને હાજાપર સમાજભવનના વરીષ્ઠ સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. જેમણે જમશેદપુર ઘટકના પ્રમુખ તરીકે ૧૨ વર્ષ સેવા આપેલ છે. તેમના જ સત્ર દરમ્યાન મહાસભાના પ્રમુખ શ્રી મણીલાલભાઇ ચાવડાના નેતૃત્વમાં જમશેદપુર ઘટકે સફળતમ અર્ધવાકિ સંમેલનનું આયોજન કરી મહાસભા તથા જમશેદપુર ઘટક દ્વારા સમાજબંધુઓની વાહ વાહ મેળવી હતી તે જ રીતે ઓછુ બોલી વધુ સમાજસેવા, માનવસેવા અને વિશેષ ધર્મપ્રેમી સર્વગુણ સંપન્ન એવા મૂળ હાજાપર અને હાલ રાયપુર રહેતા મહેન્દ્રભાઇ નારાયણભાઇ યાદવને હાજાપર સમાજભવનના ઉપપ્રમુખ તરીકે સર્વસંમતિથી બનાવવામાં આવેલ છે. અત્યંત જરૂરી ૩ અલગ અલગ પદની નિયુક્તિ થતાં હાજાપર સમાજભવનની કોર કમીટી તથા અન્ય મહાનુભાવોએ તાડીઓના ગડગડાટ દ્વારા નવનિર્વાચીત મહાનુભાવોનું સન્માન આપેલ હતું. ત્રણેય મહાનુભાવાને હૃદયપૂર્વક અભિનંદન.. સૌ પ્રથમ આપણા વડીલો નિર્મિત હાજાપર વિરાસત જાળવણી ફંડ રૂપે હાજાપર રાધાકૃષ્ણ-ઠાકર મંદિરની શરૂઆત કરવામાં આવેલ છે. હાલ આપણા વડીલોએ બનાવેલા ચાંદીના દરવાજા, ચાંદીનું સિંહાસન તથા અન્ય કિંમતી અન્ય વસ્તુની સુરક્ષારૂપે ઘણી કચાસ જણાતા, મંદિરનાં પ્રવેશદ્વારમાં સુરક્ષારૂપે લોખંડની ગ્રીલ અને દરવાજાનું કાર્ય અને પુરાતન કુવાની જાળવણી પૂર્ણ થયેલ છે. સાથે સાથે ફ્લોરીંગમાં મકરાણા મારબલની પોલીશીંગ તથા જરૂરી ઇલેકટ્રીકનું કાર્ય પણ પુરૂ થઇ ગયેલ છે. અત્યંત જરૂરી મંદિર ઘુમટનું વરસાદી પાણીનું લીકેજનું કાર્ય ચાલુ છે. ત્યાર બાદ કન્યાશાળા, તળાવો તથા પુલના કાર્યની શરૂઆત કરવાની છે.

હાજાપરના આ સર્વે કાર્યો માટે અલગથી હાજાપર વિરાસત જાળવણી ફંડ અંદાજે ચારથી પાંચ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. ગત વર્ષ હાજાપર કમીટી દ્વારા વાર્ષિક સભ્ય ફી રૂપે ૨૦૦ આજીવન સભ્યરૂપે ૧૫૦૦ બાકી સ્વેચ્છારૂપે આપેલ અલગ અલગ ૧૫,૦૦૦, ૧૦,૦૦૦, ૫,૦૦૦ અને ૧,૦૦૦ જમા કરવામાં આવેલ હતા. હાજાપરવાસીઓ સારો પ્રતિસાદ મળતા હાલ હાજાપર વિરાસત જાળવણી ફંડ ૧,૭૦,૦૦૦ જમા થયેલ હતા. તેના ફળસ્વરૂપે આ કાર્ય ચાલુ કરવામાં આવેલ છે. સર્વે દાતાશ્રીઓનો આભાર. કચ્છ અથવા કચ્છ બહાર વસતા સંપૂર્ણ ભારતવર્ષના હાજાપર ગામના સર્વે પરિવારોને આ અહેવાલ સાથે વિનંતી કરવામાં આવે છે કે હાજાપર વિરાસત જાળવણી ફંડમાં યોગદાન આપી કર્મઠ હાજાપર કમીટીના અટલ નિર્ણયને સહકાર આપશો. સમય અનુસાર દાતાશ્રીના નામ સેતુ સમાજ સંદેશમાં જાહેર કરવામ) આવશે. સાથે સાથે કાર્ય અને ખર્ચ પણ પ્રદર્શીત થતો રહેશે. યોગદાન આપવા માટે સંપર્ક ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવ – મો. ૯૮૨૧૮૪૦૧૫૯, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર – મો. ૭૦૧૬૩૨૪૨૫૦.


Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

## રેહા ઘટક

શ્રદ્ધાપૂર્વક ઉત્થાપન કરીને ગણપતિબાપાને વાજતે-ગાજતે વિદાય આપવામાં આવેલ હતી. બપોરે સમુહ ફાળો કરીને ઘટકના સમાજબાંધવોનો મહાપ્રસાદ રાખવામાં આવેલ હતો.




રેહા ઘટક, યુવા મંડળ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે ગણેશ મહોત્સવનું આયોજન ધામધૂમથી કરવામાં આવેલ હતું. યુવા અગ્રણી શ્રી કિશોરભાઇ પુરૂષોત્તમભાઇ પરમારના નિવાસ સ્થાનેથી ગણપતિ પૂજન કરીને ભજન મંડળીના તાલે ધામધૂમથી શોભાયાત્રા કાઢી ચૌહાણ પરિવારના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે ગણપતિબાપાની પધરામણી કરવામાં આવેલ હતી. જ્યાં રોજ ગણેશવંદના, ભક્તિ ગીતો અને રાસગરબા કરી ઉત્સવ મનાવવામાં આવેલ હતો. પાંચમા દિવસે ઘટક પ્રમુખ શ્રી ભવાનભાઇ વેગડએ કાર્યકર્તાઓની ટીમને અભિનંદન પાઠવેલ હતા.

મૂર્તિના દાતા તરીકે શ્રી કિરીટભાઇ પુરૂષોત્તમભાઇ પરમારે સેવા આપી હતી. માતાજીના ભુવા શ્રી અમરશીભાઇ ભીમજી ચૌહાણે આશીર્વાદ આપેલ હતા. યુવા મંડળના પ્રમુખ રી દિલીપ લાલજી ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મંજુલાબેન મોહનભાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી હતી.

## જબલપુર ઘટક

ચુંટાયેલ હતા. નગર નિગમમાં આપણા સમાજને પ્રતિનિધિત્વ મળ્યું એ જબલપુર ઘટક માટે ગૌરવની વાત છે. આ શુભ અવસરે નગર નિગમના મહાપૌર રૂપે શ્રી જગત બહાદુરસિંહ




જબલપુર ઘટક દ્વારા તા. ૨૮-૦૮-૨૦૨૨, રવિવારના દિવસે સમાજ ભવનમાં એક સમ્માન સમારોહનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં આપણા સમાજના અને અન્નુ અને જબલપુરથી નરસિંહ વોર્ડના પાર્ષદ રૂપે શ્રીમતી ડિમ્પલબેન નિતેશભાઇ ટાંકને સન્માન આપવા આ કાર્યક્રમ આયોજીત કર્યો હતો.





જબલપુર ઘટકના શ્રી ડિમ્પલબેન નિતેશભાઇ ટાંક અને જબલપુર નગર નિગમના પદ ઉપર શ્રી જગતબહાદુરસિંહ અન્નુ

કાર્યક્રમની શરૂઆતમાં ઘટકની નાની બાળાઓ દ્વારા સૌનું સામૈયું કરી સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ બંને

પ્રતિનિધિઓ ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ ખીમજીભાઇ રાઠોડ, મહિલા મંડળ પ્રમુખ જયશ્રબીને મુકેશભાઇ ચાવડા, યુવા મંડળ પ્રમુખ સંકેતભાઇ સુધીરભાઇ રાઠોડ સાથે મંચ પર વિરાજમાન થયા તથા સમ્માનના રૂપે ઘટકની કુ. આધ્યા વિજયભાઇ પરમાર અને કુ. હીર ભુપેન્દ્રભાઇ જેઠવા દ્વારા એક સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવેલ હતું. આ સ્વાગત ગીત બદલ મહાપૌરના પત્નીએ બંને બાલિકાઓને પુરસ્કાર આપેલ હતું. ત્યાર બાદ ઘટકના હોદ્દેદારો શ્રી કિરિટભાઇ રાઠોડ, શ્રી નરેશભાઇ રાઠોડ, શ્રી લલીતભાઇ પરમાર, શ્રી પ્રકાશભાઇ ટાંક, શ્રી શશીકાન્તભાઇ ચૌહાણ, શ્રી રાકેશભાઇ પરમાર, શ્રી ચેતનભાઇ જેઠવા, મહિલા મંડળના હોદ્દેદાર શ્રીમતી જયશ્રીબેન ચાવડા, શ્રીમતી તૃપ્તીબેન રાઠોડ, શ્રીમતી ચેતનાબેન રાઠોડ, ગં.સ્વ. ચંચલબેન યાદવ, શ્રીમતી રૂપલબેન પરમાર, શ્રીમતી યોગીતાબેન ટાંક, ગં.સ્વ. પારૂલબેન ચૌહાણ, શ્રીમતી રેખાબેન પરમાર અને યુવા મંડળના તમામ હોદ્દેદાર શ્રી સંકેતભાઇ રાઠોડ, શ્રી હેતુલભાઇ જેઠવા, શ્રી હર્ષિતભાઇ ખોડિયાર, શ્રી ચિરાગભાઇ ચૌહાણ, કુ. વિનલ પરમાર, શ્રી ભુપેશભાઇ ચૌહાણ દ્વારા બંને પ્રતિનિધિઓનું સ્વાગત પુષ્પહાર એવં પુષ્પગુચ્છ ભેટ આપીને કરેલ હતું. આ ઉપરાંત જબલપુર ઘટકના વરીષ્ઠ સદસ્યો શ્રી દામોદરભાઇ ડાયાભાઇ ચૌહાણ, ગં.સ્વ. નીમુબેન શાંતિલાલ સોલંકી, સમાજના વર્તમાન બિલ્ડીંગ કમીટીના સદસ્યો, મહાકૌશલ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દીપીકાબેન નટવરલાલ રાઠોડ, સમાજન મહિલા મંડળની ભજન મંળી દ્વારા તેમજ પણ બંને પ્રતિનિધિઓનું સન્માન કરવામાં આવેલ. વરીષ્ઠ સદસ્ય ગં.સ્વ. ભાગેરથીબેન હરિલાલ પરમારે બંને પ્રતિનિધિઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

બંને પ્રતિનિધિઓએ સન્માનના પ્રત્યુત્તરમાં જબલપુર ઘટકને જરૂર પડે દરેક કામમાં મદદરૂપ થવા આશ્વાસન આપેલ હતું. ઉપરોક્ત સન્માન સમારોહ બાદ સમાજ ભવનમાં સ્વલ્પાહારનું આયોજન રાખવામાં આવેલ હતું. સન્માન સમારોહને સફળ બનાવવા જબલપુર ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળે સારો સહયોગ આપેલ તથા સમ્માન સમારોહનું મંચ સંચાલન ઘટક મંત્રી શ્રી પ્રકાશભાઇ નટવરભાઇ ટાંક તરફથી સારી રીતે કરવામાં આવેલ હતું.


## ધનબાદ ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ ધનબાદ દ્વારા શ્રી રામદેવપીર જન્મોત્સવનો ૩૭મો વર્ષ ધામધૂમથી ઉજવવામાં આવેલ. શ્રી રામદેવપીરબાપાની શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. ઘણા વર્ષો બાદ બાપાનો પ્રસાદ પંગતમાં બેસાડી જમાડવામાં આવેલ. આપણા ધનબાદ ઘટકના સહમંત્રી સહ બાપાના જન્મોત્સવના સંયોજક શ્રી લક્ષ્મીકાન્તભાઇ ચાવડાનો સુઝાવ આવેલ એનો પુરી તરહ અમલ પણ કરવામાં આવેલ. મહાપ્રસાદ બપોરે ૧૪૦૦ થી ૧૫૦૦ ભક્તજનોએ પંગમાં બેસી લીધેલ અને સંયોજકશ્રીની ટીમ પુરી તરહ સફળ રહી. આયોજનમાં મહિલા મંડળ અને યુવા મંડળે ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ અને બાપાનો જન્મોત્સવ યાદગાર બનાવ્યો હતો. ઘટકના માજી પ્રમુખ શ્રી કિશોરભાઇ પરમાર અને પ્રકાશભાઇ ચાવડા દ્વારા પણ પૂર્ણ સહકાર આપવામાં આવેલ.

શ્રીમતી કવિતાબેન કુમાર જેઠવા છેલ્લા ત્રણ વર્ષથી ધનબાદ ઘટકમાં યોગ શિબિર ચલાવે છે એ પણ પૂર્ણ નિ:શુલ્ક. યોગ શિબિરમાં લગભગ ૪૦ થી ૫૦ લોકો રોજે જોડાય છે. એમના દ્વારા યુ.એસ.એ.માં પણ ઓનલાઇન નવ મહિના યોગા શિખવાડી રહ્યા હતા. શ્રીમતી કવિતાબેન જેઠવા યોગાની ડીગ્રી ગ્રહણ કરેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે. ઘટક દ્વારા કવિતાબેન જેઠવાને આ નેક કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવવામાં આવેલ.



# ગોંદિયા ઘટક

શ્રી કચ્છ શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું વાર્ષિક અધિવેશન તા ૩૦,૩૧. ડિસેમ્બર ૨૦૨૨ અને ૧ જાન્યુઆરી ૨૦૨૩નના ગોંદિયા ખાતે આયોજિત થઈ રહિયું છે. તેની તૈયારી માટે તા.૧૧ સપ્ટેમ્બર (રવિવાર)ના ગોંદિયા સમાજ ભવન માં શ્રી ગોદિયા ઘટકના સર્વે પદાધિકારી, કાર્યકારિણી યુવા મંડળ પ્રમુખ શ્રી રવિભાઈ જયંતીભાઈ પરમાર સાથે તેમના સાથી તેમજ મહિલા મંડળ પ્રમુખ નિર્મળાબેન જયંતીભાઈ વેગડ એમની સાથે તેમના સાથી બહેનો અને શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિના સદસ્યોની સભા લેવા માં આવી હતી,આ સભા માં શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમારની વિશેષ ઉપસ્થિતિ રહી.નસર્વ પ્રથમ ગોંદિયા માં ૭ સપ્ટેમ્બરના સફળતાની સાથે સંપ્પન થયેલ આનંદમેળાની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી, ત્યારબાદ ૨૦૨૨ના નવરાત્ર ઉત્સવ સારામાં સારી રીતે સમાજ માં કેવી રીતે ઉજવીયે તેની રૂપરેખા તૈયાર કરવામાં આવી.





દિવાળીના સ્નેહ મિલન સમારોહ તા.૨૫ ઓક્ટોબર સવારે ૧૦:૦૦વાગે કરવામાં આવશે તેમ ઉપસ્થિત સર્વે સદસ્યો ની સહમતી સાથે નક્કી કરવામાં આવ્યું તથા સાથે સરસ્વતી સન્માનના આયોજન વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી ત્યાર પછી સભામાં અધિવેશનનું આયોજન સારી રીતે થાય તે માટે વિભિન્ન સમિતિઓ બનાવાવમાં આવી. સભામાં ગોંદિયા સમાજ પ્રમુખ શ્રી દેવેન્દ્ર ભાઈ રથીન્દ્રભાઈ રાઠોડ, શ્રી જીતેન્દ્ર ભાઈ રણજીત ભાઈ પરમાર (બાલાઘાટ), શ્રી ચુનીલાલ ભાઈ કલ્યાણજીભાઇ ચૌહાણ, (સલાહકાર મંડળ અધ્યક્ષ), શ્રી હિંમતલાલ ભાઈ ભવાનજી ભાઈ રાઠોડ(વરિષ્ઠ સભ્ય) એ સલાહ સૂચન આપી સભા નું માર્ગદર્શન કર્યું.

આ અધિવેશન માં થનાર ખર્ચ માટે સમાજના સદસ્યો દ્વારા સ્વેચ્છા ભેટ આપવાની ઘોષણા કરવામાં આવી. જે નીચે મુજબ છે. (૧)શ્રી શૈલેષભાઈ જીવરામભાઈ ટાંક (ગોંદિયા) ૫૧૦૦, (૨) શ્રી જીતેન્દ્રભાઈ રણજીત ભાઈ પરમાર(બાલાઘાટ )૨૧૦૦૦, (૩) શ્રી દેવેન્દ્રભાઈ રથીન્દ્રભાઇ રાઠોડ(ગોંદિયા) ૧૫,૧૦૦, (૪) શ્રી હિંમત લાલભાઈ ભવાનજીભાઈ રાઠોડ (ગોંદિયા) ૨૫,૦૦૦, (૫)શ્રી અમૃતલાલભાઈ કેશવજીભાઇ ટાંક (નવેગાવ બાંધ ) ૧૫,૧૦૦, (૬) છાયાબેન શામજીભાઈ રાઠોડ ૫,૧૦૦ (ગોંદિયા), (૭)ગોંદિયા સમાજ મહિલા મંડલના સદ્સ્યો દ્વારા (વ્યક્તિગત) ૨૧,૧૧૧, (૮) અનુપ કિશોરભાઇ પરમાર - ૧૧૧૧. અત્યાર સુધી આવેલ સ્વેચ્છા ભેંટ આપનાર સદસ્યોનું બહુમાન કરવા આવ્યુ. જે સદસ્ય સમાજના આ પુનિત કાર્ય માટે સ્વેચ્છા ભેટ લખાવવા ઇચ્છતા હોય તે શ્રી વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઇ પરમાર (બાલાઘાટ) મો. ૯૬૪૪૯૯૫૨૭૫, ગોંદિયા સમાજ પ્રમુખનશ્રી દેવેન્દ્રભાઈ રથિન્દ્રભાઈ રાઠોડ ને મો. ૯૬૬૫૯૬૬૦૧૮ પર સંપર્ક કરી સકે છે. તા.૭ (રવિવાર) ના શ્રી ગુર્જર ક્ષત્રિય સમાજ ગોંદિયા ઘટક અંતર્ગત યુવા મંડળ તથા મહિલા મંડળ દવારા સગપણ યોગ્ય કુમારકુમારીકાઓને મુક્ત સર્વેક્ષણની તક આપતો ભવ આનંદ મેળા નું આયોજન કરવામાં આવ્યું આનંદમેળા નું ઉદઘાટન મહાસભાના આદરણીય પ્રમુખશ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાએ રીબીન કાપી શ્રી વિદર્ભ પ્રાદેશિક સમિતિના અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર ની અધ્યક્ષતામાં કર્યું ,જેમાં લગભગ ૪૦ જેટલા કુમાર- કુમારીકાઓ એ ભાગ લીધો આનંદ મેળામાં વિભિન્ન પ્રકારના નાસ્તા અને રમત-ગમતના સ્ટોલ રાખવામાં આવ્યા હતા,અંત માં ઈનામી લક્કી ડ્રો કાઢવામાં આવ્યું ભાગ્યશાળી વિજેતા ઓ ને ઈનામ આપી સમાન કરવામાં આવ્યું.આ આનંદમેળા ની સફળતા માટે યુવામંડળ પ્રમુખ શ્રી રવિભાઈ જયંતી ભાઈ પરમાર અને મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન જયંતીભાઈ વેગડ અને તેમના સર્વે પદાધિકારી , કાર્યકારીણી ભાઈ બહેનો યે પ્રયાસ કર્યો,આયોજન ની સફળતા માટે મહાસભા ના આદ,પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડા તથા શ્રી વી.પ્રા.સમિતિ ના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ પરમારે યુવામંડળ તથા મહિલા મંડળ ને શુભેચ્છા પાઠવી હતી.




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 | Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740 | Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## પરિચય પુસ્તિકા સમિતિ

૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ
મો. ૯૪૨૬૬ ૩૫૧૪૨ mail : chauhanpg@gmail.com

સહ વિર્યં કરવાવહૈ

પ્રેરણા સ્ત્રોત આદરણીય
**શ્રી યોગેશભાઈ ચાવડા**
પ્રમુખશ્રી મહાસભા

પરિચય પુસ્તિકા પ્રભારીશ્રી
**શ્રી પરેશભાઈ ચૌહાણ, રાજકોટ**
ઉપપ્રમુખશ્રી મહાસભા
m. 94266 35142

સલાહકાર મંડળ
**શ્રી વિનોદભાઈ જેઠવા, અંજાર**
વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા
m. 98251 63288

**શ્રી વિનોદભાઈ ખોડીયાર, અંજાર**
વરિષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
m. 94082 44644

**શ્રી વિનોદભાઈ પઢીયાર, અંજાર**
મહામંત્રીશ્રી મહાસભા
m. 99787 90488

સભ્યશ્રીઓ
**શ્રી હેમંતભાઈ ગોહિલ, રાયપુર**
ઉપપ્રમુખશ્રી મહાસભા
m. 98279 36748

**શ્રી કિરીટભાઈ ચૌહાણ, ધનબાદ**
ઝોનલ પ્રમુખશ્રી મહાસભા
m. 94311 20543

**શ્રી યોગેશભાઈ પરમાર, હૈદ્રાબાદ**
ઝોનલ પ્રમુખશ્રી મહાસભા
m. 93911 44749

માનનીય શ્રી,

સવિનય સાથ જણાવવાનું કે મહાસભા દ્વારા આપણા સમગ્ર ભારતભરમાં વડલાની માફક પથરાયેલા ઘટકની સંપૂર્ણ માહિતી સાથે મહાસભા, યુવા મહામંડળ, મહિલા મહામંડળની સમગ્ર ટીમની માહિતી સાથે મહાસભાની વિવિધ સમિતિઓ, ઝોનલ તથા પ્રાદેશિક સમિતિની માહિતી ધરાવતી એક મહાસભાના દસ્તાવેજી પુરાવા સમાન પરિચય પુસ્તિકાનું પ્રકાશન ડિસેમ્બર-૨૨ના રોજ ગોંદિયા મુકામે મહાસભાના વાર્ષીક અધિવેશન દરમિયાન કરવામાં આવનાર છે.

આ પરિચય પુસ્તિકામાં સમાજના દરેક હોદ્દેદારોની વ્યવસાયિક માહિતી પણ આપવામાં આવનાર હોય આ પુસ્તકનો ઉપયોગ આપ એક બિઝનેસ ડિરેક્ટરી તરીકે ઉપયોગ કરી આપણા સમાજ બાંધવો સાથે નેટવર્કિંગ કરવાની અમૂલ્ય તક મળશે.

### :: જાહેરાતના દર ::

| | |
|---|---|
| ટાઈટલ પેજ ફ્રન્ટ મુખપૃષ્ઠ (સ્ટ્રીપ) | રૂા. ૨૫,૦૦૦/- |
| ટાઈટલ બેક પેજ | રૂા. ૨૫,૦૦૦/- |
| ટાઈટલ બેક પેજ | રૂા. ૧૫,૦૦૦/- |
| ટાઈટલ ફ્રન્ટ ઈનર | રૂા. ૧૫,૦૦૦/- |
| ફુલ પેજ કલર એડ | રૂા. ૫,૦૦૦/- |
| ૧/૨ પેજ કલર એડ | રૂા. ૩,૦૦૦/- |
| સૌજન્ય સ્ટ્રીપ (કલર) | રૂા. ૧,૦૦૦/- |

નોંધ : આપની જાહેરાત ફૂલપેજ માટે (૭.૫''પહોળાઈ × ૪.૫''લંબાઈ) ની સાઈઝમાં cdr ફોર્મેટમાં મોકલી આપવા વિનંતી છે.
પરિચય પુસ્તિકા માટેની આપની માહીતી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીમાં મોકલી આપશો.

આપની જાહેરાતની રકમ મહાસભાના નીચે મુજબ જણાવેલ એકાઉન્ટમાં જમા કરાવી આપને આવેલ બેંકનો મેસેજ અમને મોકલી આપવા વિનંતી

Shri K.G.K. Samaj Mahasabha
State Bank of India - Katcheri Branch ( Raipur )
IFSC CODE : SBIN 0003314
A/c. No. 30646325251

**પરિચય પુસ્તિકાની સંપૂર્ણ માહીતી આર્ટપેપર મલ્ટીકલર પ્રિન્ટમાં પ્રકાશીત કરવામાં આવશે**

તો આ પુસ્તિકામાં આપના વ્યવસાયની માહિતી-જાહેરાત આપી ભારતભરના લોકો સાથે જોડાવાનો મોકો ચૂકશો નહીં. જાહેરાતના દર ખૂબ જ વ્યાજબી રાખેલા છે. દરેક લોકો પોતાની જાહેરાત આપી શકે તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. તો આજે જ આપની જાહેરાત માટે પરિચય પુસ્તિકાની ટીમનો સંપર્ક કરવા વિનંતી છે.

**આપના સાથ સહકારની અપેક્ષા સહ...**

લી.
**શ્રી પરેશભાઈ ચૌહાણ**
ઉપપ્રમુખશ્રી મહાસભા
પરિચય પુસ્તિકા પ્રભારીશ્રી
**રાજકોટ**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા ઘટક આયોજીત

# સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ





કથાના મુખ્ય વક્તા
સુપ્રસિદ્ધ કથાકાર પ.પૂ. શ્રી રામેશ્વરબાપુ હરિયાણી (અમદાવાદ)

## ૧૫૧ પોથી



**સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ**

## પોથી શુલ્ક રૂા. ૨૧,૦૦૦/-

**કથા પ્રારંભ :** કારતક સુદ દશમ, તા. ૦૩/૧૧/૨૦૨૨, ગુરૂવાર **કથા વિરામ :** કારતક વદ એકમ, તા. ૦૯/૧૧/૨૦૨૨, બુધવાર

**નારાયણ યજ્ઞ :** કારતક વદ બીજ, તા. ૧૦/૧૧/૨૦૨૨, ગુરૂવાર

**કથા શ્રવણ સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક, બપોરે : ૩.૩૦ થી ૬.૦૦ કલાક**

**પોથી નોંધાવનાર યજમાનશ્રીને દૈનિક સ્વતંત્ર બ્રાહ્મણ દ્વારા પોથી પૂજન તથા તથા દર ચાર પોથીએ સ્વતંત્ર નારાયણ યજ્ઞમાં બેસવાનો લાભ મળશે.**

### :: સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના શુભેચ્છકશ્રીઓ ::



**શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
માધાપર
ઉપપ્રમુખશ્રી મહાસભા
રાષ્ટ્રીય સ્તરે કેન્દ્ર સરકાર દ્વારા
હલધર એવોર્ડ વિજેતા



**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
માધાપર
પ્રમુખશ્રી કન્યા છાત્રાલય-કુકમા
પ્રમુખશ્રી માધાપર ઘટક
રાષ્ટ્રીયકક્ષાએ ચાઈનાક્લેનું વધારે વેચાણ કરનાર



**શ્રી મનોજભાઈ દુર્ગાલાલભાઈ વેગડ**
ગાંધીધામ
ઉપપ્રમુખશ્રી મહાસભા
ડીઝલ કીંગ
વિશ્વભરમાં ડીઝલનું વધારે વેચાણ કરનાર

### :: પોથી નોંધાવવા માટે સંપર્ક સુત્રો ::

**શ્રી ખુશાલભાઈ મુળજીભાઈ ટાંક**
મો. નં. ૯૪૨૮૮૧૧૩૬૯

**શ્રી રવિલાલભાઈ હરજીભાઈ ચૌહાણ**
મો. ૯૬૮૭૨૫૩૧૬૮

**શ્રી રતિલાલભાઈ જેરામભાઈ ચૌહાણ**
૯૪૦૯૦૩૯૯૨૮

### :: સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંગેની વધુ માહિતિ માટેના સંપર્ક સુત્રો ::

શ્રી શૈલેષભાઈ પ્રાગજીભાઈ રાઠોડ
કન્વીનર
મો. ૯૪૨૮૮૧૮૬૨૨

શ્રી હરગોવિંદભાઈ હેમરાજભાઈ ચૌહાણ
પ્રમુખશ્રી કુકમા ઘટક
મો. ૯૮૨૫૫૧૪૩૫૧

શ્રીમતી શોભનાબેન જયપ્રકાશભાઈ ટાંક
પ્રમુખશ્રી કુકમા મહિલા મંડળ
મો. ૭૯૮૪૯૪૫૦૦૭

શ્રી ઉત્તમભાઈ શીવલાલભાઈ રાઠોડ
પ્રમુખશ્રી કુકમા યુવા મંડળ
મો. ૯૦૯૯૦૦૪૪૭૪

શ્રી અનિલભાઈ દેવશીભાઈ યાદવ
મંત્રીશ્રી કુકમા ઘટક
મો. ૭૫૭૪૦૬૭૨૯૯

**ખાસ નોંધ : કથા દરમ્યાન રામ જન્મોત્સવ,, કૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ તેમજ મુખ્ય યજમાનનો લાભ જાહેર ચડાખડીથી આપવામાં આવશે.**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સેવા સમાજ ટ્રસ્ટ
## વડોદરા ઘટક

### વર્ષ ૨૦૨૨-૨૦૨૫ માટે સર્વાનુમતે નવી વરાયેલી કારોબારી સમિતિ



શ્રી પ્રભુલાલભાઈ ભવાનજીભાઈ રાઠોડ
પ્રમુખશ્રી



શ્રી કુમારભાઈ શરદભાઈ ચૌહાણ
ઉપ પ્રમુખશ્રી



શ્રી તૃષારભાઈ મોહનભાઈ ચૌહાણ
મંત્રીશ્રી



શ્રી જગદીશભાઈ પરસોત્તમભાઈ વરૂ
સલાહકાર પ્રમુખશ્રી



શ્રી દિલીપભાઈ કેશવજીભાઈ ટાંક
સહમંત્રીશ્રી



શ્રી અમૃતલાલ અરજણભાઈ ટાંક
ખજાનચીશ્રી



શ્રી દિનેશભાઈ મૂળજીભાઈ પરમાર
આં.ઑડિટરશ્રી



ડૉ. જયંતકુમાર દયારામભાઈ પરમાર
કારોબારી સભ્યશ્રી



શ્રી અશ્વિનભાઈ પ્રતાપભાઈ સોલંકી
કારોબારી સભ્યશ્રી



શ્રી જયંતભાઈ વલમજીભાઈ સોલંકી
કારોબારી સભ્યશ્રી



શ્રી હરિભાઈ મોરારભાઈ પરમાર
કારોબારી સભ્યશ્રી



શ્રી દિનેશભાઈ અમરશીભાઈ ચૌહાણ
કારોબારી સભ્યશ્રી



શ્રી ચંદ્રકાન્તભાઈ હીરજીભાઈ ચાવડા
કારોબારી સભ્યશ્રી



શ્રી કમલભાઈ પરસોત્તમભાઈ વરૂ
કારોબારી સભ્યશ્રી



શ્રી ચંદનભાઈ હેમરાજભાઈ રાઠોડ
કારોબારી સભ્યશ્રી

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા
## સામાન્ય સભા તથા વિદ્યાર્થીની સન્માન સમારોહની તસવીરી ઝલક...



# સમાજ ગૌરવ – હાર્દિક અભિનંદન




**જ્યોતિબેન જીતેન્દ્રભાઈ ટાંક**
**મંગરા વાડી વિસ્તાર, મુન્દ્રા (કચ્છ)**

**www.theamazingindians.com**

આપશ્રીએ પતિ જીતેન્દ્રભાઈ દયારામભાઈ ટાંકના દુઃખદ અવસાન બાદ પરિવાર પર આવી પડેલ જવાબદારીને નિભાવવાની સાથે આત્મનિર્ભરતાનું સાચું ઉદાહરણ આપતા કૃષિ ક્ષેત્રે મોટી સફળતા પ્રાપ્ત કરી **ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડના વરદ હસ્તે ''અમેઝીંગ ઇન્ડીયન્સ ફુડ મેનેજમેન્ટ એન્ડ ન્યુટ્રીશીયન્સ''** કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત કરવા ખૂબ ખૂબ અભિનંદન... આપની આ સિદ્ધિથી સમસ્ત સમાજ તથા પરિવારજનો ગૌરવ અનુભવે છે. ભવિષ્યમાં આપ ખૂબ પ્રગતિ કરો એજ અભિલાષા સહ શુભકામના...

**:: શુભેચ્છક પરિવારજનો ::**

**ગં.સ્વ. મંજુલાબેન દયારામભાઈ ટાંક** - સાસુ-સસરા
**સ્વ. વેલુબેન જીવરામભાઈ સોલંકી** - માતા-પિતા
**ગં.સ્વ. અનસુયાબેન દેવજીભાઈ ટાંક** - મોટા સાસુ-સસરા
**ક્રિષ્નાબેન બલરામભાઈ ટાંક** - જેઠાણી-જેઠ
**હંસાબેન રાજારામભાઈ ટાંક** - જેઠાણી-જેઠ
**હર્ષાબેન દિનેશભાઈ ટાંક** - નણંદ-નણદોયા
**મમતાબેન બાલમુકુન્દભાઈ રાઠોડ** - નણંદ-નણદોયા
**દિવ્યાબેન મહાદેવભાઈ ચૌહાણ** - નણંદ-નણદોયા
**ઉર્મિલાબેન ધીરજભાઈ સોલંકી** - ભાભી-ભાઈ
**અનિતાબેન વસંતભાઈ સોલંકી** - ભાભી-ભાઈ
**પ્રિયાબેન મનનભાઈ ટાંક** - જેઠાણી-જેઠ
**મનિષાબેન ક્ષિતિજભાઈ ટાંક** - જેઠાણી-જેઠ
**મીતાબેન જગદીશભાઈ ચાવડા** - નણંદ-નણદોયા
**દિવ્યાબેન મનિષભાઈ પરમાર** - નણંદ-નણદોયા
**હિમાન્શુ જીતેન્દ્રભાઈ ટાંક** - પુત્ર

**દયારામભાઈ નારણભાઈ ટાંક પરિવાર** - મુન્દ્રા  **દેવજીભાઈ નારણભાઈ ટાંક પરિવાર** - સિનુગ્રા
**જીવરામભાઈ પોપટલાલ સોલંકી પરિવાર** - અંજાર

# સોલંકી પરિવાર તરફથી હાર્દિક અભિનંદન

## વિદેશગમન - હાર્દિક શુભેચ્છા



### કુ. ઉર્જા ચંદ્રકાન્ત સોલંકી (B.E.-I.T.)

### આદીપુર (કચ્છ)

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા અને વડીલોના આશીર્વાદથી મૂળ કુંભારીઆના હાલ આદીપુર (કચ્છ) નિવાસી, રીટાયર્ડ લેક્ચરર અને આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતિલાલ સોલંકી અને શ્રીમતી ચેતના ચંદ્રકાન્ત સોલંકીની પુત્રી કુ. ઉર્જા સોલંકી FACEBOOK કંપનીમાં 'સોફટવેર ઇન્જીનિયર'ની પોસ્ટમાં જોબ માટે સિલેક્ટ થઇ છે અને Zurich City (Switzerland) માં પોસ્ટીંગ મળેલ છે. તેણી જુલાઇ-૨૦૨૨થી FACEBOOK કંપનીમાં Zurich City (Switzerland) ઓફીસમાં કાર્યરત છે.

આ અગાઉ તેણીએ TCS - Chennai અને Trivendrum અને Deloitte Consulting USI LLP - Hyderabad-Job કરેલ છે. સમગ્ર સમાજ અને કુટુંબનું ગૌરવ વધારવા બદલ કુ. ઉર્જા સોલંકીને ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં ઉતરોત્તર પ્રગતિની શુભકામના સહ આશીર્વાદ....

**:: શુભેચ્છક પરિવારજનો ::**

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | સ્વ. દિવ્યપ્રભાબેન, સ્વ. જયંતિલાલ રતનજી સોલંકી |
| મમ્મી-પપ્પા | : | શ્રીમતી ચેતના, ચંદ્રકાન્ત જયંતિલાલ સોલંકી (Mo. 9428080448, 6351189039) |
| મોટા મમ્મી, મોટા પપ્પા | : | શ્રીમતી જયશ્રીબેન, વિનયકાન્ત જયંતિલાલ સોલંકી<br>(ગૌરવ સ્ટુડીઓ, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) (Mo. 9422202902, 8999857796) |
| કાકી, કાકા | : | શ્રીમતી રીતાબેન, બકુલ જયંતિલાલ સોલંકી<br>(Retired Project Manager, IOC Refinery, Vadodara) (Mo. 9428973671) |
| ભાઇ | : | ભાવિ ચંદ્રકાન્ત સોલંકી (B.E. Computer Engg.)<br>(Job at Munich City - Germany) |
| ફઇ | : | તરૂણા જયંતિલાલ સોલંકી<br>(Retired Bank Officer, Adipur) |
| ફઇ-ફુઆ | : | શ્રીમતી અમિતા, સંજય હરીરામ ટાંક (HR Manager, Adani Wilmar Co. Nagpur) |
| મામા | : | શ્રી દિપકભાઇ અમરશીભાઇ ચૌહાણ (Dipak Opticals, Korba-CG) |
| ભાભી-ભાઇ | : | શ્રીમતી પ્રાજક્તા - ગૌરવ વિનયકાંત સોલંકી |
| ભાઇ | : | પુષ્પક વિનયકાંત સોલંકી |
| ભાઇ | : | જશકુમાર બકુલ સોલંકી |
| ભાઇ | : | પુષ્પક વિનયકાન્ત સોલંકી (B.E.I.T., Job at Pune) |

# Congratulation



**Ayaan Jitesh Taunk** of Class-12, Son of **Mr. Jitesh Taunk,** Winner in C.I.S.C.E. Regional Swimming Tournament (Jharkhand & Bihar) Gold Medal in 200m Free style and Silver medal 200m Breaststroke at JRD swimming pool, Jamshedpur. He is selected for the National Swimming competition held in Bangalore in September 2022.He is also a good Badminton player and has won Bronze in CISCE Zonal Badminton Tournament held at Mohan Aahuja Stadium, Jamshedpur.

***Congratulations by***

**All Nanji Govindji & Sons**
**Family Members**
Jamshedpur (Hajapar-Kutch)

# હાર્દિક અભિનંદન



**ભંજનગર (ઓડિશા) નિવાસી**
**શ્રી કાનજીભાઇ લાલજીભાઇ ચાવડા**
ને ભંજનગર નગરપાલિકા તરફથી
૧૯૬૯ થી ૧૯૭૪ વાઇસ ચેરમેન તથા
બે વખત વોર્ડ મેમ્બર તરીકે બહુ સારી
લોકસેવાનું કામ કરેલ તેથી તેમનું ભંજનગર
નગરપાલિકા દ્વારા સન્માન કરવામાં આવેલ.
આ સેવા સન્માન બદલ
તેમને ખૂબ ખૂબ અભિનંદન....

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્યં કરવાવહૈ

## ।। દિવાળી વિશેષાંક ।।

મહાસભાની સમિતિઓ, ઘટકો, મહિલા મંડળો એવં યુવા મંડળો તેમજ સર્વે સન્માનનીય સમાજબંધુઓને વિશેષ જણાવવાનું કે, આગામી નવેમ્બર'૨૦૨૨નો 'સેતુ સમાજ સંદેશ'નો અંક ''દિવાળી વિશેષાંક'' રૂપે પ્રકાશીત થશે. આ અંકમાં દિવાળીના તહેવારને અનુલક્ષીને વિશેષ લેખો, નિબંધ, કવિતાઓ, દિવાળીની શુભેચ્છા જાહેરાતો તેમજ રેગ્લુર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળના સમાચારો, મહાસભાની સમિતિના અહેવાલો વગેરે પ્રકાશીત કરવા માંગતા હોય તેઓએ સુવાચ્ય અક્ષરોમાં અંતિમ તા. ૦૫/૧૦/૨૦૨૨ સુધી ઇ–મેલ દ્વારા મોકલી આપવા નમ્ર વિનંતી છે.

નોંધ : ક્યા લેખો, નિબંધ, કવિતાઓને સેતુ સમાજ સંદેશમાં સ્થાન આપવું તેનો નિર્ણય 'સેતુ સમાજ સંદેશ ટીમ' પાસે અબાધીત રહેશે.

**E-mail : setusamaj@gmail.com**

| | |
|---|---|
| **વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર** | **હિતેશ ભોગીલાલ ચૌહાણ** |
| માનદ્ તંત્રીશ્રી | અધ્યક્ષ સેતુ સમાજ સંદેશ |
| મો. ૯૪૦૮૨૪૪૬૪૪ | મો. ૯૯૦૯૦૬૯૦૫૭ |



# Dr. Purvik Chauhan

| | | |
|---|---|---|
| Grand Father | : | Lt. Kantilalbhai Dayabhai Chauhan |
| Father | : | Dr. Niraj Chauhan |
| Mother | : | Smt. Surbhi Chauhan |
| Date of Birth | : | 10.10.1996 |
| Time of Birth | : | 08.20 pm |
| Birth Place | : | Raipur (C.G.) |
| Height | : | 5'6" |
| Sister | : | Dr. Barkha Vishal Chauhan, Nagpur |
| Education | : | MBBS |
| Occupation | : | Own Hosiptal |
| Gotra | : | Vats |
| Kuldevi | : | Shree Brahmani Maa |
| Native Place | : | Vidi (Kutch) |
| Mosad | : | Late Damodarbhai Keshavjibhai Rathod (Nana)<br>Shri hareshbhai Damodarbhai Rathod (Mama) |
| Address | : | Dr. Niraj Chauhan<br>Chauhan Hospital<br>Po. Kharoa, Dist. Raipur (C.G.) |
| Mo. | : | 9424212381 Dr. Niraj Chauhan |
| Mo. | : | 9977251277 Surbhi Chauhan |



## Aditi A. Solanki

| | |
|---|---|
| Date of Birth | : 7 May 1997 |
| Time of Birth | : 7:03 am |
| Place of Birth | : Bhuj |
| Height | : 5 Feet |
| Weight | : 57 |
| Education | : MscIT |
| Hobbies | : Travelling, Photograhpy |
| Gotra | : Kashyap |
| Kuldevi | : Shri Momay Maa |
| **Father** | **: Ashvin Dharamsinh Solanki (Business)** |
| **Mother** | **: Sunita Ashvin Solanki (Housewife)** |
| **Siblings** | **: Elder Sister (Married)**<br>**Ygr. Brother (Study)** |
| **Mosad** | **: V.K. Patel (Khodiyaar)**<br>Jaipur (Rajasthan), Mo. 9413300481<br>**H.K. Patel - Bombay**<br>**Mo. 9819180433**<br>**C.K. Patel - Gandhidham**<br>**Mo. 9987197776** |
| **Contact No.** | **: 9427768734, 9426277505** |
| **Address** | **: Ashvinbhai D. Solanki**<br>17, Satyam, B/h. Sorthiya Samajvaadi,<br>Shaktinagar Street No. 5,<br>Junavaas, Madhapar (Bhuj-Kutch) |



## Komal Rathod

| | |
|---|---|
| Date of Birth | : 17/09/1995, Sunday |
| Time of Birth | : 8:45 am, Rajnandgaon (Chhattisgarh) |
| Height | : 5'-5.5" |
| Blood Group | : O+ |
| Education | : B.Voc (Interior Design) 2018 - Eng.Med.<br>(Himalayan Uni. Arunachal Pradesh) |
| Occupation | : Presently working as Interior Designer<br>in Family Business |
| Language Kn. | : Hindi, English, Gujarati |
| **Father** | **: Shri Bipinbhai Amritlal Rathod** |
| **Mother** | **: Smt. Pratibhaben Bipinbhai Rathod** |
| **Grand Father** | **: Lt. Amritlal Rachhodbhai Rathod** |
| **Grand Mother** | **: Lt. Rukhmaniben Amritlal Rathod** |
| Father's Occp. | : Complete Building Solutions and<br>Construction and Architectural<br>Consultancy Works |
| Native Place | : Khedoi, Gotra : Gautam |
| Kuldevi | : Shri Chamunda Maa |
| **Siblings-Sister** | **: Ku. Pallavi Bipin Rathod (Architect)** |
| **Mosad (Nana)** | **: Lt. Ranchhodbhai Lalji Rathod**<br>Mugalsarai |
| **Mota Papa** | **: Shri Manharbhai Rathod**<br>**Shri Mukundbhai Rathod**<br>**Shri Khushikantbhai Rathod** |
| **Elder Brothers** | **: Shri Devesh M. Rathod (Architect)**<br>**Shri Saurabh M. Rathod (Civil Engg.)** |
| Address | : "Sukh Shanti", FCI ROad, Raipur Naka,<br>Rajnandgaon (C.G.) |
| **Mobile No.** | **: 7869633500** |
| E-mail | : khushikantrathod@gmail.com |



## Hiral S. Parmar

| | | |
|---|---|---|
| Date of Birth | : | 16-04-1997 |
| Birth Time | : | 7.20 am |
| Birth Place | : | Pardi Valsad |
| Height | : | 5'3" |
| Complexion | : | Fair |
| Native Place | : | Kukma (Kutch) |
| Mataji | : | Shree Momai Maa (Kukma-Kutch) |
| Education | : | B.Pharm (K.B.Inst. of Pharma. Edu. & Res., GH6, Gandhinagar) Advanced Program in Clinical Research Ahmedabad |
| Occupation | : | Currently working as Clinical Research Cooridnator in CRO (Ahmedabad) |
| **Grand Father** | : | **Lt. Kantilal Ananda Parmar** (Kukma) |
| **Grand Mother** | : | **Kalavantiben K. Parmar** |
| **Father** | : | **Shivlal Kantilal Parmar** (PGVCL-Bhuj) |
| **Mother** | : | **Priti Shivlal Parmar** (Housewife) |
| **Ygr. Siblings** | : | **Mohini S. Parmar, Mohit S. Parmar** |
| **Nana** | : | **Lt. Kantilal Rachhhodji Yadav** (Udvada R.S.) |
| **Nani** | : | **Kanchanben K. Yadav** |
| **Mama** | : | **Rohit Kantilal Yadav, Dharmendra K. Yadav** |
| **Contact Det.** | : | **8238415912, 9909938295 (Father) 8980036250 Jitendra Kantilal Parmar-Uncle-Kukma** |
| Address | : | Moti Bazar, Navavas, Madhapar (Bhuj-Kutch) 370020 |



## Jayesh Parmar

| | | |
|---|---|---|
| **Father** | : | **Bhupendra Parmar** |
| **Mother** | : | **Chandrika Parmar** |
| **Grand Father** | : | **Late Narsibhai Parmar** |
| **Grand Mother** | : | **Late Shantaben Parmar** |
| Date of Birth | : | 24/01/1993 |
| Time of Birth | : | 2:20 am |
| Birth Place | : | Nanded (Maharashtra) |
| Native Place | : | Kukma (Kutch) |
| Height | : | 5'8" |
| Weight | : | 65 Kg |
| Education Qua. | : | Bachelor of Engineering (Mechanical) |
| Occupation | : | Working as ERP specialist in Alstom India Pvt. Ltd. (Bangalore) |
| Native Place | : | Gadpadhar |
| Kuldevi | : | Shri Momai Mataji |
| Gotra | : | Bharadwaj |
| **Mota Bappa** | : | **Dheeraj Parmar (Gulbarga)** |
| **Fai** | : | **Kalpana Jeetu Rathod (Kalyan)** |
| **Mosad** | : | **Jagdish M. Padhiar (Nanded)** |
| Address | : | Deva Nagar, Near Ram Mandir, Gulbarga (Karnataka) |
| **Contact No.** | : | **Mother - 9886318272, 8123888402** |

## Bhoomeshwari (Jainika) Chauhan




Date of Birth : 11-06-1990
Time of Birth : 7.20 pm
Place of Birth : Chhindwara (MP)
Height : 5 Feet
Education : 10th, 12th
Brother : 01
Native Place : Reha
Work : Perfect in House work
Father: : Shri Maheshbhai Arjanbhai Chauhan
Mother : Smt. Rajni Maheshbhai Chauhan
Kuldevi : Hansvahini Maa Brahmani
Gotra : Vatsa
Mosad : Rajendrakumar Jakhubhai Solanki Chhindwara (MP)
Curr. Adrs. : Maheshkumar Chauhan Near Saukat Ali Saw Mill, Ward No. 30, Saraswati Nagar, Balaghat (MP) 481001
Contact No. : 7067774784, 6268549201, 9165819991
* Note : Foot Disability by birth

## Tantu (Prince) Chauhan



Date of Birth : 19-02-1992
Time of Birth : 08.58 pm
Place of Birth : Chhindwara (MP)
Height : 5'5" Feet
Edu/Quali. : BE Mech. Engg.
Sister : 01
Native Place : Reha
Curr. Work : L & T Technology Service Ltd. Location Vadodara (Gujarat)
Father: : Shri Maheshbhai Arjanbhai Chauhan
Mother : Smt. Rajni Maheshbhai Chauhan
Kuldevi : Hansvahini Maa Brahmani
Gotra : Vatsa
Mosad : Rajendrakumar Jakhubhai Solanki Chhindwara (MP)
Curr. Adrs. : Maheshkumar Chauhan Near Saukat Ali Saw Mill, Ward No. 30, Saraswati Nagar, Balaghat (MP) 481001
Contact No. : 7067774784 (Whatsapp), 6268549201, 9165819991
Mobile No. : Prince - 7987482919, 8989525338 (Whatsapp)

## PUJA CHAWDA



D.O.B. 02/12/1991
Time 06:17 A.M.
Place Dhanbad (Jharkhand)
Height 5'2"
Complexion Fair

Father Late Sunil Jivram Chawda
Mother Smt. Damyanti Chawda
Native Place Chandiya
Kuldevi Chamunda Mataji

Qualification B.Ed.
At Present Teaching

Hobby Teaching, Reading & Travailing

Present address Behind Gijarati School Dhanbad - 8216 001 (Jharkhand)

Mosad Sri Krishna Kr. Dayaram Parmar Raipur (C.G.)

Contact No. 8051131474 6201901817

## Hemanthkumar Maru (Mangal)




Date of Birth : 28-08-1989
Birth Time : 6.45 am
Birth Place : Gondia (MS)
Height : 6'1"
Qualification : B.Tech, MBA from Manipal Uni. Bengaluru
Occupation : Product Owner at Arise Global Services, Hyderabad
Father : Lt. Yogeshbhai Maru
Mother : Premilaben Maru
Elder Brother : Vinaykumar Maru
Bhabhi : Leena Vinay Maru
Elder Sister : Deepali Jay Rathod (Married)
Kuldevi : Shri Sikotra Maa
Native Place : Devaria
Address : Vinaykumar Maru, Kalyani Saw Mill, P.W. Market, Vizianagaram (AP) 535002
Contact No. : 6281807435, 9440477006
Marital Status : Widower (Married to Akansha Priyal, Expired after 9 months of Marriage)
Preference : Looking for working women

Regd. No. S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

### માનપત્ર



સહર્ષ કરવાવહે

**આદરણીય શ્રી રણછોડભાઈ ગોવિંદભાઈ પરમાર**

બારસી (મહારાષ્ટ્ર)

મૂક સામાજિક કાર્યકર્તા તેમજ લીધેલ કાર્ય પુરૂ કરીને જ જંપવું
આવા સ્વભાવ ના છુપાયેલ વ્યકિતત્વ નો સમાજ સમક્ષ પરિચય કરાવવાનો
અવસર
આ સત્ર માં મળ્યો છે.
વસ્તી પત્રક ૨૦૧૧ ની માહિતિઓ ઘટકે-ઘટકે
તેમજ
ઘરે-ઘરે ફરીને સમજણ પુર્વક ભરવી જેવું મહેનત માગતું બીજું કયું કાર્ય હોઇ શકે છે ?
સોના માં સુગંધ રૂપે
જ્ઞાતિજનો ના પરિવારો ના વૈવિશાળ યોગ્ય પાત્રો ની માહિતિ મેળવવી
તત્પશ્ચાત
પરસ્પર આદાન-પ્રદાન કરવા જેવો શોખ ધરાવતા વ્યકિતત્વ જુજ જ જોવા મળશે.
પ્રેમાવશ માનપત્ર જેવું સંભારણું
મહાસભા ના સ્થાપના દિવસે સસન્માન અર્પણ કરતા ખુશી ની લાગણી અનુભવીએ છીએ.

**શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર**
પ્રમુખશ્રી
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા
નાગપુર ૩ જૂન ૨૦૧૧

# વડીલશ્રી આદરણીય રણછોડભાઈ ગોવિંદભાઈ પરમાર

બારસી (મહારાષ્ટ્ર)

## સામાજિકતા ના કર્મઠ પ્રહરી

શાંતિ



શાંતિ

શ્રી મોમાય માતાજી ના ઉપાસક કચ્છ કુકમા નિવાસી પરમાર ની એક શાખા વંકોજી નરબદ રામોજી પરમાર પોતાના નાનાશ્રી નો ગરાસ સાંચવવા સ્થાઇ રૂપે દેવળીયા નિવાસરત થતાં અમારૂં વતન કચ્છ દેવળીયા કહેવાયું.

**સ્વ. ગોવિંદભાઇ ખેતાભાઇ નાથાભાઇ પરમાર ના મોટા સુપુત્ર અમારા આદરણીય વડીલશ્રી રણછોડભાઇ ગોવિંદભાઇ પરમાર**

બારસી આવી વ્યવસાય અર્થે કુવા બાંધવા તેમજ બોરીંગ કામ કરતા થયા.

વર્તમાન માં તેમના સંતાનો મેડિકલ સ્ટોર્સ-કમ્પ્યુટર કાર્યો તેમજ અન્ય કામ કરતા બારસી માં જ નિવાસરત છે.

સુપુત્રો :- મહેશભાઇ | ધનેશભાઇ | ગિરીશભાઇ | હરીશભાઇ | જયેશ કુમાર | નરેશ કુમાર
પુત્રવધુ :- કવિતાબેન | ગીતાબેન | શીલાબેન | દર્શનાબેન |

## સામાજિક ક્ષેત્રે ઉપલબ્ધિ

આપણી જ્ઞાતિ પરિવારો ના વૈવિશાળ યોગ્ય કન્યા-કુમાર પાત્રો નો પરસ્પર માંગલિક પરિચય કરાવવા માં રૂચિ ધરાવતા હોવા ના કારણે ગણ્યા ગણાય નહીં-વીંણ્યા વીણાય નહીં ની રીતે અનેક પરિવારજનો ના સંતાનો ના પરસ્પર વૈવિશાળ કરાવવામાં સહયોગ કરાવનારા સંપર્ક સુત્ર રૂપે તેમની ઓળખ બની હતી.

જ્યારે પણ પ્રવાસે નિકળતા ત્યારે વ્યકિતગત રૂચિ દાખવતા સામે ચાલીને પાત્રો ની માહિતિ મેળવતા, તેમની વ્યવસ્થિત નોંધ રાખતા. પાત્રોનો પરસ્પર પરિચય કરાવતી વખતે માવિત્રશ્રીઓને યોગ્ય રીતે ખાત્રી પણ આપતા.

**રણછોડ બાપ્પા આવ્યા છે તો...**

**આપણા પાત્ર માટે યોગ્ય પાત્ર ની માહિતિ જરૂર થી મળશે ની ખાત્રીપૂર્વક વિશ્વાસ રાખતા.**

સંપર્ક સુત્ર રૂપે નું ગુમનામ વ્યકિતત્વ...

૩૦ ઓગસ્ટ ૨૦૨૨ ના પોતાની જીવન લીલા સમેટી ૮૯ વર્ષ ની વયે સ્વર્ગારોહણ કરી ગયા...

એકલા ચાલો... એકલા ચાલો... એકલા ચાલો રે... ના હિમાયતી

**સ્વ. રણછોડભાઈ ગોવિંદભાઈ પરમાર ને શતઃ શતઃ નમન...**

**શોકાકુળ પરિજનો**

**ગં.સ્વ. કસ્તુરીબેન રણછોડભાઈ ગોવિંદભાઈ પરમાર**

**મુળજીભાઈ ગોવિંદભાઈ પરમાર, હેમરાજભાઈ ગોવિંદભાઈ પરમાર, કિશોરભાઈ ગોવિંદભાઈ પરમાર**

ભીનેશભાઇ ગોપાલભાઇ પરમાર - પંઢરપુર
ચંદનભાઇ મહેશભાઇ પરમાર - બારસી
ઉમેશભાઇ ભવાનજીભાઇ ચૌહાણ - બારસી
જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર - બાલાઘાટ

# દ્વિતીય પુણ્યસ્મરણ



જન્મ તારીખ
૧૧-૦૨-૧૯૫૮

સ્વર્ગવાસ તારીખ
૦૨-૧૦-૨૦૨૦

# સ્વ. રમેશભાઇ ચત્રભુજભાઇ ચૌહાણ

દેશમાં ગામ : રેહા, હાલ મુકામ : નાગપુર (મહારાષ્ટ્ર)

સહુ પરિવારજનોને આપ હંમેશા અપાર પ્રેમભાવ અને મમતાની લાગણીથી નિરંતર ભીંજવતા રહ્યા. આપનો શાંત, સરળ, માયાળુ પરોપકારી, નિખાલસ સ્વભાવ અને ઈશ્વર પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવતું ઉચ્ચ કોટીનું જીવન અમારા હૃદય સ્થાનમાં હંમેશા અંકિત રહેશે. પરમકૃપાળુ ભોળાનાથ શિવશંકર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને પરમધામમાં સ્થાન આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

## આપના પરિવારજનો

ગં. સ્વ. પ્રતિમાબેન રમેશભાઇ ચૌહાણ (ધર્મપત્ની)

| | | | |
|---|---|---|---|
| સ્વ. ચત્રભુજભાઇ રાજાભાઇ ચૌહાણ | પિતાશ્રી | સ્વ. કેસરબેન ચત્રભુજભાઇ ચૌહાણ | માતૃશ્રી |
| પ્રદિપ ચત્રભુજભાઇ ચૌહાણ | ભાઇ | સ્વ. મીનાબેન પ્રદિપભાઇ ચૌહાણ | વહુ |
| સ્વ. સુધીર જેઠાલાલભાઇ પરમાર | જમાઇ | ગં. સ્વ. શારદાબેન સુધીરભાઇ પરમાર | બહેન |
| સ્વ. હસમુખરાય હરિલાલભાઇ બેનાણી | જમાઇ | ગં. સ્વ. હેમલતાબેન હમસુખરાય બેનાણી | બહેન |

મિનાક્ષીબેન ચત્રભુજભાઇ ચૌહાણ - બહેન

| | | | |
|---|---|---|---|
| જયંત રમેશભાઇ ચૌહાણ | પુત્ર | સૌ. રાધિકા જયંતભાઇ ચૌહાણ | પુત્રવધુ |
| વિશાલ રમેશભાઇ ચૌહાણ | પુત્ર | ડૉ. સૌ. બરખા વિશાલ ચૌહાણ | પુત્રવધુ |
| હેમંત સુધીરભાઇ પરમાર | ભાણેજ | સૌ. ખુશાલી હેમંત પરમાર | ભાણેજવહુ |
| સચિન વિમલભાઇ ચાવડા | જમાઇ | સૌ. જેસલ સચિનભાઇ ચાવડા | ભત્રીજી |
| સુશાંત સુધીરભાઇ પરમાર | ભાણેજ | સૌ. કોમલ સુશાંત પરમાર | ભાણેજવહુ |
| ચિ. ભૂવ વિશાલભાઇ ચૌહાણ | પૌત્ર | ચિ. પાર્થ જયંતભાઇ ચૌહાણ | પૌત્ર |
| | | કુ. નવ્યા હેમંત પરમાર | પૌત્રી |

**સમસ્ત ચૌહાણ પરિવાર - નાગપુર (મહારાષ્ટ્ર)**

# સાતમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ. જીવરામભાઈ ગોપાલભાઈ પરમાર





સ્વ. જયાબેન જીવરામભાઈ પરમાર

## સ્વ. જયસુખભાઈ જીવરામભાઈ પરમાર


**દેહ વિલય : તા. ૧૨/૦૯/૨૦૧૫, મુળ ગામ : ગળપાદર, હાલ : ગાંધીધામ (કચ્છ)**

*''યાદ રહેશે અમોને સદા, સદ્ સંસ્કાર તમારા, અમો સદા અગ્રેસર રહેશું, પથ પર તમારા, તમો સદા જીવંત છો, વિચારોમાં અમારા, શ્રદ્ધાસુમન અર્પિત છે ચરણોમાં તમારાં... પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...*

**:: શોકમગ્ન પરિવારજનો ::**

સ્વ. જીવરામભાઈ ગોપાલભાઈ પરમાર – પિતા
સ્વ. જયાબેન જીવરામભાઈ પરમાર – માતા
ગં.સ્વ. ગૌરીબેન જયસુખભાઈ પરમાર – પત્ની
ચંપાબેન હરીલાલભાઈ પરમાર – ભાભી-ભાઈ
શારદાબેન ખીમજીભાઈ રાઠોડ – બહેન-બનેવી
સ્વ. લીલાબેન પરસોત્તમભાઈ ચાવડા – સારેલી-સાળા
સ્વ. ધનુબેન હેમરાજભાઈ ચાવડા – સારેલી-સાળા
નયનાબેન ભદ્રેશભાઈ પરમાર – ભત્રીજાવધુ-ભત્રીજા
હેતલબેન ભાવેશભાઈ પરમાર – પુત્રવધુ – પુત્ર
તૃપ્તીબેન કલ્પેશભાઈ પરમાર – પુત્રવધુ – પુત્ર
કાજલબેન અમિત પરમાર – દોહિત્રવધુ – દોહિત્ર
સુમીતાબેન કોમલભાઈ ટાંક – પુત્રી – જમાઈ
ધર્મિષ્ઠાબેન અશોકભાઈ ચાવડા – પુત્રી-જમાઈ
ઈલાબેન અનંતભાઈ ચાવડા – પુત્રી – જમાઈ
દીપાબેન દિનેશભાઈ ચાવડા – પુત્રી – જમાઈ
લીનાબેન ધર્મેન્દ્રભાઈ ચૌહાણ – દોહિત્રી-જમાઈ
માધવીબેન ધવલભાઈ વાઢેર – દોહિત્રી – જમાઈ
ગાર્ગીબેન દર્પણભાઈ પરમાર – દોહિત્રી-જમાઈ
પાર્થ, માનસી, હર્ષ, સ્નેહ, હાર્દી – દોહિત્રા-દોહિત્રી
કૌશલ, હિદયેશ, અક્ષત – પૌત્રા
દ્વિજરાજ, આરોહી, પરમરાજ, ધ્રુવ, યુવાંશ – પરદોહિત્રા-દોહીત્રી

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. ધીરજલાલભાઈ દેવશીભાઈ ચૌહાણ

જન્મ : ૨૪-૦૩-૧૯૪૪ રામશરણ : ૦૮-૦૯-૨૦૨૨

દેશમાં ગામ : નાગોર, હાલ મુકામ : મુંબઈ (દાદર)

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

આપનું જીવન અમારી પ્રેરણા હતું, આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે આપના સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભુલીશું નહીં. આપે પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું. કાયમ બધાનું સન્માન જાળવ્યું. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શ્રદ્ધાનવત ::

| | |
|---|---|
| સ્વ. દેવસીભાઈ રાજાભાઈ ચૌહાણ | – પિતા |
| ગં.સ્વ. ભચીબેન દેવસીભાઈ ચૌહાણ | – મોટા મા |
| ગં.સ્વ. ભચીબેન દેવસીભાઈ ચૌહાણ | – નાના મા |
| નિર્મળાબેન ધીરજલાલભાઈ ચૌહાણ | – પત્ની |
| તપન ધીરજલાલભાઈ ચૌહાણ | – પુત્ર |
| પુનમ તપન ચૌહાણ | – પુત્રવધુ |
| અર્પિતા કમલ ટાંક | – પુત્રી |
| કમલ અમરશીભાઈ ટાંક | – જમાઈ |
| જાગ્રવ તપન ચૌહાણ | – પૌત્ર |
| જતન કમલ ટાંક | – દોહીત્ર |
| યશ કમલ ટાંક | – દોહીત્ર |

**સમસ્ત ચૌહાણ પરિવાર**

તપન ચૌહાણ – મો. ૯૮૨૦૮૦૦૫૫૦


How Your Today's Mistake Will Ruin Your Tomorrow's Happiness..?

कैसे आपकी आज की गलती आपके कल की खुशियों को बर्बाद कर देगी..?




Plan today for your RETIREMENT because delay can be ruining your happiness...

अपने रिटायरमेंट के लिए आज ही योजना बनाएं क्योंकि देरी आपकी खुशियों को बर्बाद कर सकती है...

When a person dies, there will be three types of deaths for women a husband dies, father dies and income dies...

The 'first two' are 'not replaceable' but the 'third' can be 'replaced' if you have - Life Insurance.




जब एक व्यक्ति की मृत्यु होती है, तो महिलाओं के लिए तीन प्रकार की मृत्यु होगी - एक पति की मृत्यु हो जाती है, पिता की मृत्यु हो जाती है और आय की मृत्यु हो जाती है, पहले 'दो' को बदला नहीं जा सकता है, लेकिन 'तीसरे' को बदला जा सकता है यदि आपके पास 'जीवन बीमा' है...

–: વધુ માહિતિ માટે સંપર્ક કરો :–









**Mitesh Jitendrabhai Khodiyar**

ENTERPRENEUR OF LIC & GENERAL INSURANCE

Plot No. 104/1, Chitrakut Society, Anjar - Kutch 370110

Website :- www.insurancebimapolicy.com

E-mail :- mitesh.khodiar@gmail.com

94298 15099

Surbhi
CLOTHING




# Inspired By Culture

Manufecturer and Retailer
of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
## અખિલ ભારતીય મહિલા મહામંડળ

# કાર્યવાહક સમિતિની સભાનો પરિપત્ર

આથી અખિલ ભારતીય મહિલા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ પેટા સમિતિના અધ્યક્ષ/મંત્રીશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા આમંત્રિત બહેનાને વિનંતી કે આ સત્રની **કાર્યવાહક સમિતિની બેઠક તા. ૩૦/૧૨/૨૦૨૨, શુક્રવારના સાંજે ૫.૩૦ કલાકે** ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી નીચેની વિગતે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી-ભુજના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા સુચના સહ નિમંત્રણ છે.

**તા. ૩૦/૧૨/૨૦૨૨, શુક્રવારના સાંજે ૫.૩૦ કલાકે**
**મીટીંગ સ્થળ : મંદિર રામદેવરાનો હોલ, રેલટોલી, ગોંદિયા (મહારાષ્ટ્ર)**

**:: કાર્યસૂચિ ::**

★ સ્વાગત, પ્રભુ પ્રાર્થના, દિપ પ્રાગટ્ય,
★ દિવંગતોને શ્રદ્ધાંજલિ
★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ હિસાબોની રજુઆત અને બહાલી
★ અ.ભા.મહિલા મહામંડળના હોદ્દેદારો તથા પેટા સમિતિઓના અધ્યક્ષોનો અહેવાલ
★ પ્રાપ્ત થયેલ સુચન-સુઝાવો ઉપર ચર્ચા-વિચારણા તથા નિર્ણય
★ આભારદર્શન, રાષ્ટ્રગીત ગાયન, સમાપન

**ખાસ નોંધ :** આ બેઠકમાં રજુ કરવાના થતાં આપના સુચન-સુઝાવો **તા. ૧૫/૧૨/૨૦૨૨** સુધી અખિલ ભારતીય મહિલા મહામંડળના મહામંત્રીઓ **શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – ભુજ (મો. ૯૪૨૬૪૫૪૯૯૯)** અથવા **શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – નાસિકરોડ (મો. ૯૯૬૦૪૭૧૪૧૧)** ને અવશ્ય મોકલી આપવા વિનંતી છે.

**વિનિત**
**શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી**
**શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – મહામંત્રી**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ
## અખિલ ભારતીય મહિલા મહામંડળ

# સામાન્ય સભાનો પરિપત્ર

આથી અખિલ ભારતીય મહિલા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ, વિવિધ પેટા સમિતિના અધ્યક્ષ/મંત્રીશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિવિધ ઘટકોના મહિલા મંડળોના પ્રમુખ/મંત્રીશ્રીઓ તથા બહેનોને વિનંતી છે કે આ સત્રની **સામાન્ય સભાની બેઠક તા. ૩૧/૧૨/૨૦૨૨, શનિવારના સવારે ૧૦.૦૦ કલાકે** ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી નીચેની વિગતે અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી-ભુજના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા સુચના સહ નિમંત્રણ છે.

**તા. ૩૧/૧૨/૨૦૨૨, શનિવારના સવારે ૧૦.૦૦ કલાકે**
**મીટીંગ સ્થળ : મંદિર રામદેવરાનો હોલ, રેલટોલી,ગોંદિયા (મહારાષ્ટ્ર)**

**:: કાર્યસૂચિ ::**

★ સ્વાગત, પ્રભુ પ્રાર્થના, દિપ પ્રાગટ્ય, દિવંગતોને શ્રદ્ધાંજલિ
★ શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ અ.ભા.મહિલા મહામંડળના આદ. પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ હિસાબોની રજુઆત અને બહાલી
★ સભાના અતિથિ મહાસભા પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ સભાના અતિથિ અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્બોધન
★ અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખો, મહામંત્રીઓ, મંત્રીઓ તથા વિવિધ સમિતિઓના અધ્યક્ષોનો કામગીરી અહેવાલ
★ પ્રાદેશિક પ્રમુખશ્રીઓ તથા ઝોનલ પ્રમુખશ્રીઓનો કામગીરી અહેવાલ
★ આવેલ સુચન-સુઝાવો ઉપર ચર્ચા-વિચારણા તથા નિર્ણય
★ આગામી સેવાકિય આયોજના વિશે ચર્ચા-વિચારણા તથા નિર્ણય
★ પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થાય તે
★ આભારદર્શન, રાષ્ટ્રગીત ગાયન, સમાપન

**ખાસ નોંધ :** આ બેઠકમાં રજુ કરવાના થતાં આપના સુચન-સુઝાવો **તા. ૧૫/૧૨/૨૦૨૨** સુધી અખિલ ભારતીય મહિલા મહામંડળના મહામંત્રીઓ **શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – ભુજ (મો. ૯૪૨૬૪૫૪૯૯૯)** અથવા **શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – નાસિકરોડ (મો. ૯૯૬૦૪૭૧૪૧૧)** ને અવશ્ય મોકલી આપવા વિનંતી છે.

**વિનિત**
**શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી**
**શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ – મહામંત્રી**

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

## અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજી ''વિરાંગના ચરિત્ર સ્પર્ધા''



અધ્યક્ષા એવં પ્રાયોજકશ્રી



મંત્રી



મંત્રી



મંત્રી

આપણા ભારતદેશને આઝાદી મળી તેને ૭૫ વર્ષ થયા. તેની ખુશીમાં સમગ્ર દેશમાં ઉજવાઇ રહેલા આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે અ.ભા.મહિલા મહામંડળ દ્વારા આઝાદીના ઇતિહાસમાં પોતાનું વિરતાભર્યું યોગદાન આપનાર વિરાંગનાઓની સ્મૃતિને ઉજાગર કરવાના હેતુથી ''વિરાંગના ચરિત્ર સ્પર્ધા''નું આયોજન કરવામાં આવેલ હતું. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા કાર્યકારી પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંકએ દેશની આઝાદીના જંગમાં અને સંસ્કૃતિના જતન માટે હિમ્મતભેર લડનાર નારીશક્તિના પાત્રોમાં સજ્જ થઇને હોંશ પૂર્વક ભાગ લેનાર બહેનોને અભિનંદન આપેલ હતા. આ સ્પર્ધાના પ્રાયોજક દાતાશ્રી તરીકે અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગતની ઉત્સવ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રીટાબેન યોગેશભાઇ પરમારે પોતાનો સહયોગ આપેલ હતો.

આ સ્પર્ધામાં વિરાંગનાના ચરિત્રોની વેશભૂષા ધારણ કરી અભિનય અને સંવાદ સાથેનો વિડિયો બનાવી મોકલવાનો હતો. ભાગ લેનાર બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ઐતિહાસીક નારી પાત્રોના વિડિયો બનાવીને મોકલેલ હતા. જેમાંથી વિજેતાઓની પસંદગી કરવાના નવતર અને લોકાભિમુખ પ્રયોગ રૂપે લોકોની પસંદગી (પબ્લીક ઓપીનીયન)ને ધ્યાનમાં લઇ ઉત્સવ સમિતિની ટીમએ નિર્ણય કરેલ હતો.

ઉત્સવ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રીટાબેન યોગેશભાઇ પરમારના માર્ગદર્શન હેઠળ મંત્રીઓ શ્રીમતી હેતલબેન દેવેન્દ્રભાઇ ચાવડા, શ્રીમતી હસ્મિતાબેન દેવેન્દ્રભાઇ પરમાર, શ્રીમતી ભાવનાબેન રાઠોડએ સ્પર્ધાનો પ્રચાર-પ્રસાર તથા વ્યવસ્થા સંભાળેલ હતી. બહોળી સંખ્યામાં ભાગ લેનાર બહેનોમાંથી નિમ્નદર્શિત બહેનો સ્પર્ધાના વિજેતા જાહેર થયેલ હતા.

''વિરાંગના ચરિત્ર સ્પર્ધા''ના વિજેતા બહેનો

પ્રથમ - ખુશ્બુ પિયુષભાઇ ચૌહાણ (ધનબાદ ઘટક) - અહલ્યાભાઇ હોલકર, દ્વિતીય - (૧) નિહારિકા નિશાંત ચૌહાણ (ગાંધીધામ ઘટક) રાણી લક્ષ્મીબાઇ) (૨) અવિશા નીલ પરમાર (ભુજ ઘટક) - રાણકદેવી, તૃતિય - વનિતા એન. ચાવડા (સિકંદરાબાદ ઘટક) - રૂદ્રમાદેવી, ચતુર્થ - (૧) રૂપલ એસ. ટાંક (કાગજનગર ઘટક) સરોજીની નાયડુ (૨) લવિના રવિન્દ્ર ચૌહાણ (અમદાવાદ ઘટક) - કાલીબાઇ, પંચમ - સૃષ્ટિ હિતેશ ચાવડા (કટક ઘટક) - રાણી ચેનમ્મા.



પ્રથમ - ખુશ્બુ પિયુષભાઇ ચૌહાણ



દ્વિતીય-નિહારિકા નિશાંત ચૌહાણ



દ્વિતીય-અવિશા નીલ પરમાર



તૃતિય-વનિતા એન. ચાવડા

પ્રોત્સાહન પુરસ્કાર : પલ્લવી રાઠોડ (ચાઇબાસા), ભૂમિ રાઠોડ (માધાપર), રૂચિ ચૌહાણ (ચાઇબાસા), ભાવિકા પરમાર (વિશાખાપટ્ટનમ), નિધી ચૌહાણ (નાસિક), પ્રિયા ટાંક (કટક), ઉમા ટાંક (રાજનાંદગાંવ), રીટા ચાવડા (કાગજનગર), જ્યોતિ રાઠોડ (જાલના), વૈશાલી ગોહિલ (કુકમા), રીમા પરમાર (ગોંદિયા), રીચા ટાંક (રાજનાંદગાંવ), જ્હાનવી મારૂ (હિંગોલી), રમિલા વેગડ (પુના), ફોરમ ટાંક (જામનગર), દિપીકા મારૂ (હિંગોલી), રેણુકા પરમાર (જામનગર).

બેસ્ટ પરફોર્મન્સ : વૈદેહી પરમાર (કુકમા), લીના પરમાર (કુકમા), ભાવિકા રાઠોડ (અંજાર), દિપીકા ચૌહાણ (વિશાખાપટ્ટનમ), નીલુ ચૌહાણ (સિકંદરાબાદ), જયશ્રી પરમાર (કોટા), ભારતી ચાવડા (સિકંદરાબાદ).

પબ્લીક રીવ્યુપ્રાઇઝ : રૂચિ રાઠોડ (ગાંધીધામ), સ્પેશીયલ પ્રાઇઝ : ચંપાબેન ચાવડા (કાગજનગર), સપોર્ટીંગ પ્રાઇઝ : કાન્તાબેન કોન્ટ્રાકટર (અમદાવાદ).

આ સ્પર્ધાની નોંધપાત્ર બાબત એ હતી કે, ભાગ લેનાર તમામ બહેનોને વિવિધ કેટેગરીમાં દાતા શ્રીમતી રીટાબેન પરમાર તરફથી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણે સ્પર્ધાના આયોજનમાં માર્ગદર્શન આપેલ હતું.



વિરાંગના ચરિત્ર સ્પર્ધામાં કાગજનગર (રેબેન્ના) ઘટકના ૯૦ વર્ષના માજી ચંપાબેન ચાવડાએ ઉત્સાહભેર ભાગ લઇ અરૂણા અસરફઅલીનું પાત્ર ભજવી અનેરું આકર્ષ ઉભું કરેલું હતું. આદરણીય ચંપાબેનને અ.ભા.મહિલા મંડળ તરફથી ખૂબ ખૂબ અભિનંદન... જય નારીશક્તિ...

– શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી ગીતાબેન ચૌહાણ – મહામંત્રીઓ

# અખિલ ભારતીય મહિલા મહામંડળે ઉજવ્યો દહીં-હાંડી ઉત્સવ












શ્રાવણ માસ એટલે આપણા હિન્દુ ધર્મનો પવિત્ર માસ. તહેવારો અને પવિત્ર દિવસોથી ભરપૂર શ્રાવણમાસમાં ભગવાન કૃષ્ણનો જન્મદિવસ એટલે જન્માષ્ટમી. આ દિવસે નટખટ કનૈયાના પૃથ્વી પ્રાગટ્ય અવસરને વધાવવા આખો દેશ આતુર બને છે ત્યારે અખિલ ભારતીય મહિલા મહામંડળ ઉત્સવ સમિતિ દ્વારા પણ તા. ૨૦/૮/૨૦૨૨ના રાજ નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલકી...ના

ભાવ સાથે કૃષ્ણ કનૈયાને વધાવવા દહી-હાંડી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભારતભરના ઘણાબધા ઘટકોના મહિલા મંડળોએ સ્થાનિકે કૃષ્ણજન્મના વધામણા કરી મટકી ફોડ, રાસ-ગરબા, વેશપરિધાન, શોભાયાત્રા, ભજન-કિર્તનનું આયોજન કરી વિડીયો અખિલ ભારતીય મહિલા મહામંડળના વોટ્સએપ ગ્રુપમાં શેર કરેલ હતો અને બહેનોએ તેનો ભરપુર આનંદ લીધો હતો. અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, સલાહકાર પ્રમુખ શ્રીમતી વેલુબેન ચાવડા, ચેરપર્સન શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, ઇન્ચાર્જ પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણ સહિતના પદાધિકારીઓએ સૌ બહેનોને કૃષ્ણજન્મની શુભેચ્છા પાઠવેલ હતી. વિવિધ મહિલા મંડળોના બહેનોએ દર્શાવેલ ઉત્સાહ બદલ અખિલ ભારતીય મહિલા મહામંડળ ઉત્સવ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રીટાબેન પરમાર તથા તેમની ટીમે આભાર માનેલ હતો.

– શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી ગીતાબેન ચૌહાણ – મહામંત્રીઓ

## આદિપુર મહિલા મંડળ

તા. ૫ ઓગષ્ટના રોજ આદીપુર મહિલા મંડળ દ્વારા શ્રીમતી હંસાબેન ટાંકના ઘરે મહિલા મંડળની મીટીંગ તેમજ કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ હતું. વરસતા વરસાદમાં પણ સારી એવી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. અર્જુન ગીતા ગાઇને મીટીંગની શરૂઆત કરેલ. ત્યાર બાદ સમાજને લગતી પ્રવૃત્તિની ચર્ચા-વિચારણા કરેલ. ત્યાર બાદ ગેમ રમાડી વિજેતાઓને પ્રોત્સાહીત કર્યા હતા. જેમાં મિતલબેન તેમજ નિશાબેનને ઇનામ આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત હાઉસી ગેમ પણ રમ્યા હતા. ત્યાર બાદ સૌને નાસ્તા-પાણી તેમજ આઇસ્ક્રીમની મોજ માણી ગ્રુપ ફોટો પડાવી સૌ છુટા પડ્યા હતા. આદીપુર મહિલા મંડળ દ્વારા મહિલા મંડળના લાભાર્થે સાતમ-આઠમના પર્વ પર ઘઉં-ચણાના લાડુ (મેઘલાડુ) બનાવવાનું આયોજન કર્યું હતું. આદીપુર ઘટકના જુદા જુદા સભ્યો દ્વારા ટોટલ ૨૦૦ કિલો લાડુના ઓર્ડર નોંધાયેલ. સમાજ ભવનમાં જ રસોઇયો રાખી લાડુ બનાવવામાં આવેલ અને નોંધાયેલ લાડુ સભ્યોને વિતરણ કરવામાં આવેલ.



## જબલપુર મહિલા મંડળ

તા. ૨૮ ઓગષ્ટના જબલપુર ઘટક પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા નવનિર્વાચીત પાર્ષદ શ્રીમતી ડિમ્પલબેન નિતેશભાઇ પરમાર અને મહાપૌર શ્રી જગત બહાદુરસિંહ તેમની પત્ની શ્રીમતી યામિનીબેનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે મહિલા મંડળ દ્વારા ફુલ, પત્તી, અનાજથી રંગોળી હરીફાઇ રાખવામાં આવી હતી. જેમાં બધી બહેનો ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં દિયા પરમાર



– પ્રથમ, રીના સોલંકી – દ્વિતીય, યામિની પરમાર – તૃતિય સ્થાન મેળવ્યું હતું. જજ રૂપે શ્રીમતી ચિત્રાબેન ખોડિયાર હતા તેમના તરફી બધી બહેનોને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ. સ્વલ્પાહાર લઇ બધા છુટા થયા હતા.

## મરાઠવાડા પ્રાદેશિ મહિલા મંડળ






મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા મરાઠવાડામાં આવેલ બધા જ ઘટકના બધા મહિલાઓનું એક વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવેલ છે. આ ગ્રુપ બનાવવા પાછળનો ઉદ્દેશ બધા નાના-મોટા ઘટકના બહેનો એકબીજાને ઓળખે, બધાની છુપી પ્રતિભા બહાર આવે, એમણે પોતાના અંગત ગુણો બતાવવાનો મોકો મળે એ જ છે. આ ગ્રુપમાં આઠ ઘટકની બહેનો શામિલ છે. બધા બહેનાએ વોટ્સએપ પર પોતાના પરિચયનો વિડિયો અથવા ઓડિયો બનાવીને મૂક્યો જેથી બધા એકબીજાને ઓળખી શકે. મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા સમય સમયર પર વિભિન્ન કાર્યક્રમ ઓનલાઇન ચર્ચા, મીટીંગ લેવામાં આવે છે. આ ઓગષ્ટ મહિનામાં ઔરંગાબાદ ઘટક તરફથી રૂની વાટના દાગીના બનાવવાની પ્રતિયોગીતા લેવામાં આવી હતી. ઔરંગાબાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન સોલંકી અને એમટી ટીમએ આ ઓનલાઇન પ્રતિયોગીતા લીધી હતી. આમાં સર્વે ઘટકની મહિલા મંડળના બહેનોએ સક્રિય ભાગ લીધો હતો. જેમાં વિજેતા બહેનોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. પ્રથમ – શ્વેતાબેન ચૌહાણ – ઔરંગાબાદ, દ્વિતીય ને મળ્યું હતું. દ્વિતીય – કુમારી હિરલ આનંદભાઇ ચૌહાણ – શ્રીરામપુર, તૃતિય – ડિમ્પલબેન ચાવડા – ઔરંગાબાદ અને દીપાલીબેન મારૂ – ઔરંગાબાદ રહ્યા હતા. ૧૫મી ઓગષ્ટના ૭૫ વર્ષના અમૃત મહોત્સવ વર્ષના અવસર પર હર ઘર તિરંગાના ઉપક્રમ હેઠળ બધી મહિલાઓએ તિરંગા સાથે ફોટો પડાવીને મોકલ્યો હતો. ઓગષ્ટ મહિનાની ૭મી તારીખના મહિલાઓના સ્વાસ્થ્ય માટે ચર્ચા સત્ર રાખવામાં આવેલ હતું. આ ચર્ચા સત્રમાં ડૉ. નેહા મકવાણા એ સુવાવડી સ્ત્રીનું ખ્યાલ કેમ રાખવું, એમના પથ્ય, ખોરાકના બારામાં બહુજ સરસ માહિતિ આપી હતી. આ ઓનલાઇન ચર્ચા સત્રમાં અ.ભા.મ. મહામંડળના આદ. પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મેરેજ બ્યુરો પ્રમુખ આદ. શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, મહિલા ઉત્કર્ષ સમિતિ પ્રમુખ આદ. શ્રીમતી મીતાબેન રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. જન્માષ્ટમીની ઉજવણીના ફોટા પણ બધા ઘટકની બહેનોએ ગ્રુપમાં નાખીને શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી હતી. મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન વરૂ અને એમની ટીમના માર્ગદર્શનમાં આ બધા કાર્યક્રમો લેવામાં આવ્યા હતા.

## રાયગઢ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયગઢ મહિલા મંડળની સામાન્ય સભા તા. ૧૩-૮-૨૦૨૨ના રાખવામાં આવેલ હતી. આ બેઠક નૂતનબેન, ચેતનાબેન, રચનાબેન અને સુસ્મિતાબેન ખોડિયાર દ્વારા રાખવામાં આવેલ હતી. જેમાં લડુ ગોપાલને શણગારવાની પ્રતિયોગીતા રાખવામાં આવેલ. છ બહેનોએ ભાગ લીધો હતો. જેમને મહિલા મંડળ દ્વારા પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ હતું. આઝાદીનું અમૃત મહોત્સવ રાયગઢ



ઘટકની બંને પાંખો દ્વારા આયોજીત કરવામાં આવ્યું હતું. સવારે ધ્વજવંદન પછી સાંજે ચાર કલાકથી સાંસ્કૃતિક કાર્યક્રમ દેશભક્તિ ગીત, કવિતા, ફેન્સી ડ્રેસનું આયોજન મહિલા મંડળ દ્વારા આયોજીત હતું.

જેમાં ઘટકના ભાઇ-બહેનોએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફેન્સી ડ્રેસ માટે સર્વેને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવેલ હતું. અંતમાં રાષ્ટ્રગાન પછી સ્વલ્પાહાર કરી સર્વે પોત-પોતાના ઘેર માટે પ્રસ્થાન કર્યું હતું.

## વિદર્ભ પ્રાદેશિક મહિલા મંડળ





તા. ૨૧-૦૮-૨૦૨૨ના રોજ મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના નિવાસ સ્થાને વિદર્ભ પ્રાદેશિકની ઓફલાઇન બેઠક રાખવામાં આવેલ હતી. જેમાં વિદર્ભ પ્રાદેશિક સમિતિ, વિદર્ભ પ્રાદેશિક ટ્રસ્ટ તથા વિદર્ભ પ્રાદેશિક મહિલા મંડળની સંયુક્ત બેઠક રાખવામાં આવેલ. જેમાં અ.ભા.મ. મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી મીનાબેન યોગેશભાઇ ચાવડા, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર શ્રીમતી રેખાબેન તેમજ ગોંદિયા મહિલા મંડળ પ્રમુખ, ચંદ્રપુર મહિલા મંડળ શ્રીમતી સંજાલીબેન, નાગપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ચંપાબેન તેમજ મંત્રી શ્રીમતી વિણાબેન, પુષદ નિવાસી શ્રીમતી હેમલતાબેન પધારેલ હતા. જ્યાં હમણાં જ મહિલા મંડળની સ્થાપના કરવામાં આવેલ તેમજ વિદર્ભ પ્રાદેશિક મહિલા મંડળના કાર્યવાહક સભ્ય શ્રીમતી કૃષ્ણાબેન પણ પધારેલ. સહમંત્રી શ્રીમતી હેમાબેન ગુંજનભાઇ જેઠવા દ્વારા મીટીંગનું સંચાલન કરવામાં આવેલ. આવેલ પદાધિકારીઓના સ્વાગત કરવા બાદ તેઓથી દીપ પ્રજ્વલન કરી પ્રભુ પ્રાર્થના કરી વિદર્ભ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નંદિનીબેન દ્વારા મીટીંગની શરૂઆત કરેલ. ઘણા મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. દરેક મહિલા મંડળ એકટીવ રહે અને કાર્યક્રમની જાણ જે તમને ગ્રુપમાં આપવામાં આવે છે તેની જાણ પોત-પોતાના ઘટકોમાં એકટીવલી કરીને તેઓને પાર્ટીસીપેટ કરવા માટે પ્રેરીત કરે. અંતમાં સર્વેનો આભાર માની મહાસભા પ્રમુખ શ્રી યોગેશભાઇ તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન અને સમસ્ત ચાવડા પરિવાર દ્વારા ભાવપૂર્ણ રીતે જમાડીને મીટીંગનું સમાપન કરેલ.

## ગાંધીધામ મહિલા મંડળ





ગાંધીધામ મહિલા મંડળની મીટીંગ ઓગષ્ટ મહિનામાં કરવામાં આવી. મીટીંગની શરૂઆત આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુલાબ ગ્રુપ લીડર અનુપમાબેનના ગ્રુપ દ્વારા વંદે માતરમ દેશભક્તિ ગીતથી કરવામાં આવી. ત્યાર બાદ શ્રાવણ મહિનો હોતાં જન્માષ્ટમીના તહેવારને અનુરૂપ કાન અને ગોપીના પ્રેમની અભિવ્યક્તિએ વિષય પર સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં આશરે ૧૨ થી ૧૪ જેટલી બહેનોએ ભાગ લીધો. ખુબજ સુંદર સુંદર પ્રસ્તુતીઓ દ્વારા સ્પર્ધકોએ સૌના દિલ જીતી લીધા અને સંપૂર્ણ

વાતાવરણ ભક્તિમય બનતાં ભાવ-વિભોર બની સૌએ આનંદ માણ્યો તેમજ રાસલીલાના ઉપક્રમે સૌ બહેનોએ ગોપીઓની જેમ રાસની રમઝટ જમાવી આનંદ કર્યો. કાન-ગોપીના પ્રેમની સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ શીતલબેન ચૌહાણ, દ્વિતીય દીપ્તીબેન સી. ટાંક, તૃતિય દિનિશાબેન ચૌહાણ અને રીતીશાબેન ચૌહાણ રહ્યા તે જ રીતે રાસની રમઝટમાં પલ્લવીબેન ચૌહાણ અને નીતાબેન પરમાર બંને અનુક્રમે રહ્યા હતા. મહિલા મંડળ દ્વારા સૌને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા અને આરોગ્ય અધ્યક્ષ નયનાબેન આર. ચૌહાણ તરફથી અલગથી તમામ સ્પર્ધકોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા. આ રીતે ગ્રુપ દ્વારા અને દાતાઓ દ્વારા ઉત્સાહવર્ધન થતું રહે છે અને બહેનો પણ બધી પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લે છે. આ મીટીંગમાં ટોટલ ૬૫ થી ૬૦ જેટલી બહેનોની ઉપસ્થિતિ રહી. આ મહિનાથી એક નવી શરૂઆત આધ્યાત્મિક ગોષ્ઠીની કરવામાં આવી. જેમાં જે-તે ગ્રુપના કોઇપણ એક બહેન આધ્યાત્મિક વિષય પર તેમના વિચારો રજુ કરે. આ મીટીંગમાં આધ્યાત્મિક મંત્રી ચંદ્રીકાબેન ટાંકએ કાના અને ગોપીના પ્રેમ અને ગોપી એટલે કોણ ? શું ? એ અંગે ખુબ સરસ વકતવ્ય આપ્યું હતું. ચાલુ મહિનામાં પ્રવાસ મંત્રી નયનાબેન પરમાર અને વર્ષાબેન ચૌહાણ દ્વારા ખુબ સુંદર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેથી શ્રાવણ મહિનામાં બહેનો સતત પ્રવૃત્તિમય રહ્યા. આ ઉપરાંત ૧૫મી ઓગષ્ટના ગાંધીધામ ઘટક દ્વારા યોજાયેલ ભવ્ય વાર્ષિક મિલનના કાર્યક્રમમાં સરસ્વતી સન્માનની તમામ જવાબદારી મહિલા મંડળને યુવા મંડળને સોંપવામ) આવેલ જે ઉપપ્રમુખ મોનાબેન પરમાર, મંત્રી હીનાબેન પરમાર અને યુવા મંડળના મંત્રી સુનિતાબેન ટાંકની રાહબરીમાં રૂચીબેન, જલ્પાબેન, ભુમિબેનએ પણ ખુબ જહેમત લઇ સૌ કારોબારી સભ્યોએ ઉત્સાહથી સફળતાપૂર્વક નિભાવી હતી.

## જામનગર-સિક્કા મહિલા મંડળ





તા. ૨૧-૦૮-૨૦૨૨ના રોજ જામનગર-સિક્કા મહિલા મંડળ દ્વારા સમુહ પિકનીકનું આયોજન દેવાંગી આશ્રમ જામનગર-લાલપુર રોડ ખાતે કરવામાં આવેલ. સવારના ૯ વાગ્યે સૌ જામનગરથી સમુહમાં પિકનીક સ્થળે જવા નિકળેલ. પિકનીક સ્થળે પહોંચીને સૌ એકબીજાને હળ્યા-મળ્યા અને ચા-પાણી પીધા હતા. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા ઘટકના સર્વે હોદ્દેદારોને કુ. યશ્વી ઉમેશ ટાંક દ્વારા કંકુ-ચાંદલો કરી સ્ટેજ ઉર સ્થાન આપ્યું. ત્યાર બાદ ઘટક પ્રમુખશ્રી અને સર્વે ઘટકના તથા મહિલા મંડળના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યાર બાદ મહિલા મંડળના શારદાબેન ટાંક દ્વારા ગણેશ વંદના કરવામાં આવી અને નેહા હિતેશભાઇ ચૌહાણ દ્વારા સ્વાગત ગીત ''અધરમ-મધુરમ'' રજુ રવામાં આવેલ. ત્થ્યાર બાદ ઘટક પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ ચૌહાણ દ્વારા સમગ્ર સભાને સંબોધન કર્યું પછફી ઘટકના ઉપપ્રમુખ શ્રી સંજયભાઇ ટાંક, મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણ, ખજાનચી શ્રી ઉમેશભાઇ ટાંક અને ઘટકના અન્ય હોદ્દેદારો દ્વારા પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું. ત્યાર બાદ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન ટાંક, ઉપપ્રમુખ કવિતાબેન યાદવ, ઉપપ્રમુખ ગીતાબેન ચૌહાણ અને મંત્રી શ્રીમતી નયનાબેન ટાંક દ્વારા પ્રસંગ અનુસાર સંબોધન કર્યું.

ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા ઘટકના સર્વે હોદ્દેદારોને તુલસીના રોપા આપીને સ્વાગત કર્યું. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા ૩ વર્ષથી ૭ વર્ષના તથા ૮ થી ૧૫ વર્ષના બાળકોને ગેમ રમાડવામાં આવી પછી યુવાનોની ગેમ, કપલ ગેમ, સિંગલ પર્સન ગેમ રમાડવામાં આવી. જેમાં પ્રથમ અને દ્વિતીય આવનારને ઇનામ આપવામાં આવેલ. પછી સ્વરૂચી ભોજન લીધું. ભોજન બાદ સૌ સાથે મળીને એકબીજા સાથે અવનવી વાતો કરી આ દરમિયાન મહિલા મંડળની વાર્ષિક ફી લીધી અને દાતાઓ પાસેથી સ્વૈચ્છીક ભેટ સ્વીકારવામાં આવી. ત્યાર બાદ હાઉસીની ગેમ રમી અને લક્કી ડ્રો કરેલ અને મહિલા મંડળની મહિલાઓ જમણવારની અલગ અલગ આઇટમોનો ખર્ચ સ્વેચ્છાએ આપેલ. અંતે ભારતના આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાષ્ટ્રગીત ગાયું અને ઘટકના મંત્રી શ્રી દ્વારા આભારવિધિ કરવામાં આવેલ અને સૌ છુટા પડ્યા હતા.

## રાયપુર મહિલા મંડળ





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ટીમ રાયપુર મહિલા મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં તા. ૨૨-૦૮-૨૦૨૨, સોમવારે અગ્યારસના દિવસે સામુહિક પાર્થિવ શિવપૂજન અને મહારૂદ્રાભિષયેકનું આયોજન કરવામાં આવેલ. આ ધાર્મિક અનુષ્ઠાનના મુખ્ય યજમાનશ્રી ઘટક પ્રમુખ શ્રી આદ. ભરતભાઇ ચાવડા સાથે ૩૧ દંપતિ પરિવારએ ખુબજ આનંદ સાથે જોડાઇને પુણ્ય લાભ મેળવેલ. શ્રીમતી મીતાબેન શામજીભાઇ વાઘેલા દ્વારા રૂપીયા અગ્યાર હજારની અનુદાન રાશી મહિલા મંડળને ભેટ આપેલ. શિવપૂજન પુર્ણાહુતિ બાદ ફલાહાર પ્રસાદીની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ. ટીમ રાયપુર ઘટક સેવા સમિતિ, યુવા મહિલા મંડળ, યુવક મંડળનો પણ ખુબજ સારો સાથ સહકાર મળેલ. તા. ૭-૯-૨૦૨૨ના મહિલા મંડળ દ્વારા ગણેશચતુર્થીના ઉપલક્ષમાં મોદક બનાઓ પ્રતિયોગીતા રાખવામાં આવેલ હતી. બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ હર્ષિદાબેન વરૂને પુરસ્કાર આપવામાં આવેલ.

## કેંજોરગઢ મહિલા મંડળ





તા. ૪-૯-૨૦૨૨, રવિવારે સાંજે ૩.૩૦ કલાકે સમાજવાડીમાં મહિલા મંડળના સહયોગથી યુવા મહિલા મંડળ દ્વારા અનેકો સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. ૩ વર્ષથી ૮ વર્ષના બાળકો માટે ડ્રોઇંગ બનાવવાની સ્પર્ધા, ૯ વર્ષથી ૧૫ વર્ષના બાળકો માટે માટલી સજાવવાની સ્પર્ધા તથા ૧૬ વર્ષથી ઉપરના બાળકો તથા બાળાઓ માટે તોરણ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવેલ હતી.

જેમાં બધાએ સારી સંખ્યામાં ભાગ લઇ પોતાની અંદર છુપાયેલી કળાનું પ્રદર્શન કર્યું હતું. ડ્રોઇંગ બનાવવાની સ્પર્ધામાં પહેલું ઇનામ બીના, બીજું કેશકા મારૂ, માટલી સજાવવાની સ્ર્ધામાં પહેલું ઇનામ જાન્હવી ચાવડા, બીજું કર્તવ્ય ચાવડા તથા તોરણ બનાવવાની સ્પર્ધામાં પહેલું ઇનામ શ્વેતા પઢિઆર, બીજું હંસાબેન રાઠોડ, ત્રીજું ભુમીબેન ચાવડા તથા ખુશ્બુબેન ચાવડાને મળ્યું હતું. તા. ૫-૯-૨૦૨૨ સોમવારે સમાજવાડીમાં રામદેવપીર જયંતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે પાંચ વાગ્યે શ્રી પરસોત્તમભાઇ કાનજીભાઇ ટાંકના નિવાસ સ્થાને ભજન-કિર્તન તથા આરતી કર્યા બાદ રામેદવપીરનો વરઘોડો નિકળી સમાજવાડી પહોંચ્યો હતો.

ત્યાં સાંજે ૬.૩૦ વાગ્યાથી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી ભજન મંડલી તથા મહિલા મંડળના સદસ્યો દ્વારા ભજન કરવામાં આવ્યા હતા. રાત્રે ૧૧ વાગ્યે આરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘટકના સૌ સદસે સારી સંખ્યામાં ઉપસ્થિત રહી ભજન-કીર્તન તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## કોરબા મહિલા મંડળ






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કોરબા મહિલા મંડળ દ્વારા તા. ૨૪-૦૮-૨૦૨૨ બુધવારના દિવસે શ્રી જલારામબાપાના મંદિર પ્રાંગણમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પ્રસંગે લાલાની છઠ્ઠી અને છપ્પનભોગ પ્રસાદીનું આયોજન રાખવામાં આવેલ. જેમાં સર્વપ્રથમ ગણપતિ વંદનથી સમારોહની શરૂઆત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ વિષયે ઘટકની સમસ્ત મહિલા બહેનો દ્વારા ખુબજ ઉત્સાહથી ભાગ લીધેલ અને પ્રસાદીરૂપે વિવિધ વાનગીઓ બનાવીને લઇ આવ્યા હતા. કાર્યક્રમમાં લાલાના માટે ઝુલો સજાવી અને તેમાં શ્રી બાલગોપાલ (કાન્હા)ને વિરાજીત કરવામાં આવેલ અને પ્રસાદીરૂપે મહિલાઓ દ્વારા લાવેલ સમસ્ત પ્રકારની છપ્પનભોગને સજાવી પ્રસાદીરૂપે ભોગ લગાવવામાં આવેલ.

ત્યાર બાદ કુ. કનુશ્રી ટાંકને બાલકૃષ્ણ બનાવી તેમના હસ્તે મટકીફોડની શાનદાર પ્રસ્તુતિ કરવામાં આવેલ તેમજ કનુશ્રીના હસ્તે પ્રસાદી રૂપે આવેલ કેકને પણ વધાવામાં આવેલ તથા ઉપસ્થિત મહિલા સભ્યો દ્વારા કૃષ્ણજન્મની વધામણીને ગીત અને ગરબામાં ગાઇ, નૃત્ય રૂપે પ્રસ્તુતિ કરવામાં આવેલ. સમાજની બાલિકા કુ. હીર જીતેશભાઇ રાઠોડ એવં કુ. ઇશિકા દીપેશભાઇ વેગડ અને પૂર્વી દીપેશ વેગડ દ્વારા સુંદર કૃષ્ણ ભજન



પ્રસ્તુત કરવામાં આવેલ.

બાલકૃષ્ણ બનેલ કુ. કનુશ્રી અને બીજા બાલગોપાલોને સુંદર ભજન પ્રસ્તુતિ કરવા બદલ ઘટક પ્રમુખશ્રીના હસ્તે પ્રોત્સાહન રાશી આપવામાં આવેલ. શ્રીમતી દીપીકાબેન કૈલાશભાઇ ટાંક દ્વારા સરપ્રાઇઝરૂપે એક રમત રમાડવામાં આવેલ. જેમાં બીનાબેન કમલેશભાઇ ટાંકને પ્રથમ પુરસ્કાર આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે રાસગરબાની રમઝટ સાથે છપ્પનભોગની પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ





હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળની મીટીંગ તા. ૬-૮-૨૦૨૨, શનિવારના મહિલા મંડળ મંત્રી શ્રીમતી નમિતાબેન જે. ચૌહાણના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. ૫૦ બહેનોએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆત ગાયત્રી મંત્ર, હનુમાન ચાલિસાથી કરવામાં આવી. આઝાદીના અમૃત મહોત્સવને ધ્યાનમાં રાખીને ભારતના કોઇપણ રાજ્યની વેશભૂષા પહેરવાની થીમ રાખવામાં આવી હતી. ૨૦ બહેનોએ સુંદર વેશભૂષામાં તૈયાર થઇને પોતાના પ્રાંતનો પરિચય આપી કાર્યક્રમની શોભા વધારી હતી. સુંદર સેલ્ફી ફોટોફ્રેમ સાથે ફોટો બહેનોએ લીધા. નમિતાબેન ચૌહાણએ બે ગ્રુપ ગેમ અને તંબોલા રમાડ્યા હતા. સ્વાદિષ્ટ છોલેપૂરીનું આનંદ ઉઠાવી

પુરસ્કાર વિતરણ પછી બધાએ વિદાય લીધી હતી. અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા દહી-હાંડી ઉત્સવમાં હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ મીટીંગમાં ઉપસ્થિત સર્વે બહેનોએ આનંદપૂર્વક ભાગ લીધો હતો.

## અંજાર મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અંજાર મહિલા મંડળની મીટીંગ દર મહિનાની પહેલી તારીખે પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પ્રભુલાલ ચાવડાના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતી. તેમની આગેવાની હેઠળ દરેક કાર્યો થાય છે. શુભ શરૂઆત ગણેશ વંદના તથા શ્રી હનુમાન ચાલિસાથી કરવામાં આવે છે. બહેનોની ઉપસ્થિતિ સારી સંખ્યામાં હોય છે. તા. ૬-૮-૨૨ના રોજ અંજાર મહિલા મંડળ આયોજીત ત્રણ દિવસીય પ્રવાસ સારંગપુર, ગઢડા, રાજપરા, બગદાણા વગેરે ધાર્મિક સ્થળોએ આયોજન કરેલ. જેમાં ૬૦ બહેનોએ ભાગ લઇ પ્રવાસનો આનંદ માણેલ હતો. નિર્મળાબેન ચાવડા, જયશ્રીબેન જેઠવા, ગૌરીબેન જેઠવા, સવિતાબેન ચૌહાણ, સંગીતાબેન રાઠોડ આ બધી બહેનોએ પ્રવાસને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

રાષ્ટ્રીય તહેવાર ૧૫મી ઓગષ્ટને અનુલક્ષીને તા. ૧૩-૮-૨૦૨૨ના રોજ ઘટક પ્રમુખ શ્રી બલરામભાઇ જેઠવા, યુવા મંડળ પ્રમુખ શ્રી કિશોરભાઇ જેઠવા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન તથા સમગ્ર ટીમના હોદ્દેદારો અને કારોબારી સભ્યો સાથે રહી હર ઘર તિરંગા યોજના હેઠળ સમાજવાડીના પ્રાંગણમાં ભારતમાતા કી જયના નારા સાથે ધ્વજવંદન કરી સમાજની એક્તાનું દર્શન કરાવેલ હતું.

તા. ૧૯-૮-૨૦૨૨ના કૃષ્ણ જન્મોત્સવના યુવા મંડળ આયોજીત ઘટક અને મહિલા મંડળના સાથ-સહકારથી મટકી ફોડ અને બાલગોપાલ હરીફાઇ રાખવામાં આવેલ હતી. જેમાં યુવા અને યુવતીની ટીમ દ્વારા મટકી ફોડ સ્પર્ધા રાખેલ હતી. જેમાં ત્રણ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં દબડા વાડીલાલ ગ્રુપના ભાઇઓ અને બહેનોનો પ્રથમ ક્રમ વિજેતા થયેલ અને બાલગોપાલ સ્પર્ધામાં પણ ૫૦ જેટલા કાનુડાને અને વિજેતા ટીમને ઇનામો આપેલ હતા. જેમાં બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધેલ હતો. શ્રીમતી કંચનબેન જેઠવા, પુષ્પબેન ટાંક, હંસાબેન ટાંક, મીનાબેન વેગડ, ઇલાબેન ચાવડા વગેરે બહેનોએ હાજરી આપેલ હતી. ત્યાર બાદ પ્રસાદી અને અલ્પાહાર લઇ સૌ છુટા પડેલ હતા.

તા. ૩૦-૮-૨૦૨૨ના રોજ ઋષિ પાંચમના દિવસે મહિલા મંડળની બહેનો દ્વારા નાના એવા એક દિવસ પ્રવાસનું આયોજન કરેલ હતું. સામા પાંચમ નિમિત્તે કુંભારીયા પાસે આવેલ ડેમ પાસે ઋષિ સ્નાન કરેલ હતું અને ત્યાં જ રસોઇ બનાવીને ફરાળ કરેલ હતો. ત્યાં પણ બહેનોએ આનંદ માણેલ હતો. શંકર ભગવાનનું મંદિર હતું જ્યાં ભજન-કિર્તન કરેલ હતા.

તા. ૧-૯-૨૦૨૨ના બહેનોને મનોરંજન મળે તે હેતુથી ગેમ રમાડેલ હતી. શ્રીમતી વંદનાબેન ખોડિયાર, શ્રીમતી ઇલાબેન, શ્રીમતી તૃપ્તિબેન પરમારે ગેમ રમાડેલ હતી. મીટીંગનું સંચાલન વંદનાબેન ખોડિયારે કરેલ હતું. શ્રીમતી દીપાબેન જેઠવા, શ્રી શીલાબેન જેઠવાએ હાઉઝી ગેમ રમાડી હતી અને ઇનામો પણ આપેલ. અંજાર મધ્યે આગામી સંસ્કાર શિબિર યોજાનાર છે તેની ચર્ચા કરેલ અને વધુ માહિતિ શ્રીમતી ઇલાબેન ચાવડાએ સર્વે બહેનોને આપી હતી.


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

## રાજનાંદગાંવ મહિલા મંડળ



રાજનાંદગાંવ ઘટક દ્વારા રામદેવપીરનો જન્મઉત્સવ તા. ૦૫-૦૯-૨૦૨૨, સોમવારના દિવસે ઉજવવામાં આવ્યો હતો. શોભાયાત્રામાં સમાજના વડીલો, ભાઇ-બહેનો, બાળકો



શંકરભગવાનના મંદિરથી સમાજ ભવન સુધી વાજતે-ગાજતે આવ્યા અને નાગપુરથી ભજન મંડળી આવી હતી તેમના



સંગીતના સાથે સાંજે મહાઆરતી પણ કરી હતી. રાત્રે ૧૨.૦૦ કલાકે ભગવાનનો જન્મોત્સ ઉજવી બધાએ ઉત્સવનો આનંદ લીધો હતો.

## ઉદયપુર મહિલા મંડળ



ઉદયપુર મહિલા મંડળ દ્વારા વન-ડે પીકનીકનું આયોજન કરવામાં આવેલ હતું. તા. ૨૪-૦૭-૨૦૨૨ના રોજ કાલીકા રીસોર્ટ ઉમરડા રાખવામાં આવેલ. પિકનીકમાં ભાઇઓ-બહેનો બાળકો બધાની ઉપસ્થિતિ રહેલ. બધાએ પુલમાં ન્હાવાનો આનંદ લીધો અને ખુબ જ આનંદ માણ્યો. ગેમ રમ્યા, હાઉઝી રમ્યા, બધાએ સાથે મળીને ભોજનનો આનંદ લીધો. અંતાક્ષરી રમ્યા અને ઘટકના ભાઇઓના સહકારથી પિકનીકનો બધાએ ખૂબજ આનંદ લીધો હતો.

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૩ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com



**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંચ

**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ**

4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

**મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**

**શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક**

એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com



Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal



## માધાપર યુવા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ માધાપર દ્વારા ગરબા વર્કશોપ-૨૦૨૨નું આયોજન કરવામાં આવેલ. જે વર્કશોપ ૭ દિવસનું રાખેલ હતું. જેમાં દિપ પ્રાગટ્યમાં 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તથા નટરાજ ડાન્સ એકેડમીના રાધીકાબેન તથા યુવા મંડળની ટીમ સાથે રહી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. નટરાજ ડાન્સ એકેડમી દર વર્ષે યુવા મંડળના નેતૃત્વમાં વર્કશોપનું આયોજન કરે છે. આ વર્ષે આશરે ૭૦ જેટલા બાળકો તથા બહેનો એ આ વર્કશોપમાં હાજર રહી અને અવનવા ગરબાના સ્ટેપ્સ શીખ્યા હતા. વર્કશોપના ૭મા દિવસે હરિફાઇનું આયોજન કરવામાં આવેલ જેમાં વિજેતાઓને આકર્ષક ગીફ્ટ આપી અને સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, કચ્છ પ્રાદેશિક યુવા મંડળ પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ, યુવા મંડળ માધાપરના પ્રમુખ ભરતભાઇ રાઠોડ તથા સમસ્ત યુવા મંડળની ટીમ તથા નટરાજ ડાન્સ એકેડમીના ફાઉન્ડર રાધીકાબેન ટાંક તથા તેમની ટીમ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવેલ. કાર્યક્રમનું સંચાલન યુવા મંડળના મંત્રી શ્રી પરાગભાઇ ચાવડાએ કરેલ હતું.




# રાઉરકેલા યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા યુવા મંડળ દ્વારા તા. ૧૫-૮-૨૦૨૨, સોમવારના સ્થાનીય સમાજ ભવનમાં આપણા ભારત દેશની ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. રાઉરકેલા ઘટક પ્રમુખ શ્રી દિનેશભાઇ ખેમરાજભાઇ પરમારના શુભ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતું. આ શુભ અવસરે મહાસભા મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંક, અ.ભા.યુવા મહામંડળ ઓડિસા પ્રા. પ્રમુખ શ્રી હાર્દિકભાઇ રાજેશભાઇ ચાવડા, રાઉરકેલા મંડળ મંડળના પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર,યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશભાઇ ભરતભાઇ રાઠોડ, યુવા મંડળ મંત્રી કુ. કિંજલબેન હિરેનભાઇ વાઘેલા, શ્રીમતી પુષ્પાબેન ભરતભાઇ ટાંક, શ્રી વસંતભાઇ ભગવાનલાલ ટાંક, શ્રી દિલેરભાઇ કિશોરભાઇ રાઠોડ તથા તુલસીભાઇ વિશનજીભાઇ ચાવડા ઉપસ્થિત રહી રાષ્ટ્રધ્વજને સલામી આપેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વે સભ્યોએ યુવા મંડળ દ્વારા કરાવેલ સ્વાદિષ્ટ અલ્પાહારની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

# સમાજ ગૌરવ



બોકારો ઘટક નિવાસી શ્રી ચેતનભાઇ નરભેરામભાઇ પરમાર તથા જાગૃતિબેન પરમારની સુપુત્રી દૃષ્ટિ પરમારએ સંસ્કૃત ઓલમ્પિયાડ માં પૂરા ઝારખંડ પ્રદેશમાં પ્રથમ સ્થાન તથા સીબીએસઇ દસમી બોર્ડની પરીક્ષામાં ૯૬.૬% અંક મેળવીને સમાજ તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવલ ભવિષ્યની હાર્દિક શુભકામના....

★★★★★



ગુલબર્ગા નિવાસી શ્રી કમલેશભાઇ વી. ચાવડા તથા ભારતીબેન કે. ચાવડાના પુત્ર ચિ. કુશલ કે. ચાવડાએ બી.ઇ. ઇલેક્ટ્રોનિક્સ ઇન્સ્ટ્રુમેન્ટેશનમાં સીજીપીએ-૭.૯૭, એસજીપીએ-૮.૮૬ અંક પ્રાપ્ત કરી પાસ થઇ પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવલ ભવિષ્યની હાર્દિક શુભકામના....

★★★★★



ગુલબર્ગા નિવાસી શ્રી જયંતભાઇ કે. ચૌહાણ તથા રૂપાબેન જયંત ચૌહાણની સુપુત્રી કુમારી આરૂષી જે. ચૌહાણે ધો. ૧૨માં ૭૯% માર્કસ મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધી બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવલ ભવિષ્યની હાર્દિક શુભકામના....

★★★★★



ગુલબર્ગા નિવાસી શ્રી પરેશભાઇ વાઘેલા તથા રાધીકાબેન વાઘેલાની સુપુત્રી કુ. મુસ્કાન વાઘેલાએ ઇન્ફર્મેશન સાયન્સ ઇન્જીનિયરીંગ ફાઇનલ વર્ષમાં ૮.૯૦ સીજીપીએ મેળવેલ છે અને વિપ્રો આઇટી કંપનીમાં પ્રોજેક્ટ ઇન્જીનિયર તરીકે જોબ કરે છે. તેમને આ સિદ્ધી મેળવી ગુલબર્ગા ઘટક તથા પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને

ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવલ ભવિષ્યની હાર્દિક શુભકામના....

★★★★★



માધાપર ઘટક નિવાસી શ્રી રાજેશભાઇ જગમાલભાઇ ચૌહાણ અને શ્રીમતી હર્ષદાબેન ચૌહાણની સુપુત્રી દિયા ચૌહાણે અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડલ, મુંબઇ દ્વારા આયોજીત શાસ્ત્રીય નૃત્ય કથક 'વિશારદ'ની પરીક્ષા ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તિર્ણ કરી કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની શુભેચ્છા...

★★★★★



ગળપાદર ઘટક નિવાસી શ્રી દિનેશભાઇ પરમાર અને નીતાબેન પરમારની સુપુત્રી કુ. નિરાલી પરમાર શ્રી એસ.ડી. શેઠીયા બી.એડ. કોલેજના છેલ્લા વર્ષમાં ૮૭.૫૫/ સાથે ઉત્તીર્ણ થઇ સમાજ અને પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદનસહ ઉતરોત્તર પ્રગતિની શુભેચ્છા...

# માં જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ



માહી સમરેશ સોલંકી,



મયુરી મનોજ ચાવડા



કપિલા કમલેશ ચૌહાણ,



રુપલ ટાંક,

માં જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ તરફથી ૭૫માં સ્વાતંત્ર દિવસ, પૂર્તિ તથા આઝાદીનો અમૃત મહોત્સવના ઉપલક્ષમાં એક હરીફાઇ રાખવામાં આવેલ હતી. ભારતના સૌથી પ્રખ્યાત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્ર માટે તેમના યોગદાનની યાદમાં બે મિનિટનું વકતવ્ય (સ્પીચ) આપવાનું હતું. જેમાં નાના-મોટા લગભગ ૧૬ પ્રતિસ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિડિયો મોકલવાની અંતિમ તારીખ ૧૪-૦૮-૨૦૨૨ રાખેલ હતી અને ૧૫-૮-૨૦૨૨ના રોજે પરિણામ મુજબ નિમ્નલિખિત વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ. પ્રથમ - કપિલાબેન કમલેશભાઇ ચૌહાણ - કેંજોર, દ્વિતીય - કુમારી માહી સમરેશભાઇ સોલંકી - અંગુલ, તૃતિય - રૂપલ ટાંક - કાગજનગર, પ્રોત્સાહન - મયુરી મનોજ ચાવડા - કેંજોર. કોવિડ-૧૯ દરમ્યાન ૨૦૨૦-૨૦૨૧માં પણ ટ્રસ્ટ તરફથી ૨૦ જેટલી વિવિધ પ્રતિસ્પર્ધાઓ રાખવામાં આવેલ હતી.

# સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ



તા. ૧૩-૮-૨૦૨૨, શનિવારના આદીપુર સમાજ ભવન મધ્યે સિનીયર સિટીઝન ક્લબ ગાંધીધામની બેઠક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમારના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં આગામી પ્રવૃત્તિઓ વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બીજી મીટીંગ તા. ૨૯-૦૮-૨૦૨૨, સોમનારના સાંજે ચાર વાગે મળેલ હતી. જેમાં સોવેનિયર 'વડીલ' વિષે ચર્ચા અને બધા હોદ્દેદારોની પ્રેસ મુલાકાત, હોદ્દેદારોના સુચનો/સુઝવો, પ્રમુખશ્રી તરફથી જુના-નવા પ્રોગ્રામની ચર્ચા તથા મીટીંગ બાદ જમવાની વ્યવસ્થા સમાજ ભવનમાં રાખવામાં આવેલ હતી. ઉપરોક્ત મીટીંગાં પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમાર, ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી, મંત્રી શ્રી યશવંતભાઇ એ. પરમાર, સહમંત્રી શ્રી જેભાઇ વિશનજીભાઇ રાઠોડ, ખજાનચી શ્રી નિતિનભાઇ હેમરાજભાઇ વેગડ, સહખજાનચી શ્રી લીલાધરભાઇ વી. રાઠોડ, રમતગમત મંત્રી શ્રી હરસુખભાઇ એન. ચૌહાણ તથા પ્રવાસ મંત્રી શ્રી પ્રવિણભાઇ વી. ચૌહાણ હાજર રહ્યા હતા.

# શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયની સામાન્ય સભામાં તેજસ્વી છાત્રાઓનું સન્માન કરાયું




શિક્ષણ ક્ષેત્રે સમાજની કન્યાઓને વધુને વધુ પ્રોત્સાહિત કરી તેમના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવાનો શુભ સંકલ્પ શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયની અત્રે યોજાયેલ સામાન્ય સભા તથા તેજસ્વી વિદ્યાર્થીની સન્માન સમારોહમાં ઉપસ્થિત શિક્ષણપ્રેમી સમાજબાંધવો તથા દાતાશ્રીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલ હતો. સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને આયોજીત કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય તેમની સાથે સંસ્થાના હોદ્દેદારો જેઠાલાલભાઇ પી. પરમાર, પ્રફુલ્લભાઇ કે. ટાંક, વિનોદભાઇ એલ. ચૌહાણ, વિનોદભાઇ કે. પઢિઆર, પ્રભુલાલ પી. પરમાર, મોહનભાઇ કે. ચૌહાણ, અનિલભાઇ ચૌહાણ, સમાજની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો લાધુરામભાઇ રાઠોડ બાબુભાઇ ચૌહાણ, ભુજ બાર્ડીંગના પ્રમુખ શ્રી દિલીપભાઇ ચૌહાણ,પુષ્પાબેન ટાંક, કંચનબેન જેઠવા, અનસુયાબેન પરમાર, ઇલાબેન ચાવડા, હરગોવિંદભાઇ ચૌહાણએ કરેલ હતું.

વિદ્યાર્થી સન્માન અંતર્ગત છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી ધો. ૫ થી કોલેજ કક્ષાની પ્રથમ ત્રણ ક્રમે આવનાર છાત્રાઓ ઉપરાંત ધો. ૧૦, ૧૨ તથા અન્ય ઉચ્ચ અભ્યાસમાં કચ્છ પ્રાદેશિક ક્ષેત્રે પ્રથમ આવનાર સમાજની છાત્રાઓને મોમેન્ટો તથા ભેટ, ઇનામોના દાતાશ્રીઓ સવિબેન ચૌહાણ, કાન્તિભાઇ પરમાર, દયાબેન ચૌહાણ દ્વારા આપીને સન્માનિત કરવામાં આવી હતી. દાતા શ્રીમતી કાન્તાબેન કનકસિંહ પઢિઆર તરફથી એસ.એસ.સી.માં પ્રથમ ત્રણ ક્રમે આવનાર છાત્રાઓને રોકડ પુરસ્કાર તથા દાતાશ્રી જેઠાલાલભાઇ પરમાર અને કલાબેન પ્રભુલાલ પરમાર તરફથી પેનસેટ, નોટબુક અને વોટરબેગ છાત્રાલયની વિદ્યાર્થીઓને આપવામાં આવેલ હતા. વિશેષ સન્માન અંતર્ગત કુકમા ગ્રામ પંચાયતના નવનિયુક્ત સરપંચ શ્રીમતી રસીલાબેન રાઠોડ, સરકારી સેવામાંથી નિવૃત થયેલા છાત્રાલયના સેવાભાવી અને નિષ્ઠાવાન હોદ્દેદારશ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ – મંત્રી તથા શ્રી અનિલભાઇ ડી. ચૌહાણ – કોષાધ્યક્ષ તેમજ કાર્યક્રમના ભોજનના દાતાશ્રી નૌતમભાઇ દેવરામભાઇ વાઢેરનું સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે દાતાઓ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીના રૂા. ૭૫૦૦૦, શ્રીમતી હંસાબેન ભગવતસિંહ રાઠોડ, શ્રી દિલખુશભાઇ વરજાંગભાઇ પરમાર તથા શ્રી અરૂણભાઇ રણછોડભાઇ પરમાર દરેકના રૂા. ૫૧,૦૦૦, શ્રી ગજેન્દ્રભાઇ ભીમજીભાઇ વાઘેલાના રૂા. ૧૫,૦૦૦, શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલાના રૂા. ૧૨,૦૦૦, શ્રી નૌતમભાઇ દેવરામભાઇ વાઢેરના રૂા. ૧૨,૫૦૦, શ્રી ભરતભાઇ રણછોડભાઇ પરમારના રૂા. ૧૧,૦૦૦ તથા અન્ય દાતાશ્રીઓ દ્વારા ૩ લાખનું દાન સંસ્થામાં નોંધાયું હતું. સન્માનિત



વિદ્યાર્થીની ક્રિષ્ના રમેશભાઇ ટાંકને સંસ્થા તરફથી મળેલ પ્રોત્સાહન બદલ ખુશી વ્યક્ત કરી આભાર માનેલો હતો.

ત્યાર બાદ યોજાયેલ સામાન્ય સભામાં ગત બેઠકની મિનિટ્સ તથા વાર્ષિક હિસાબોને બહાલી આપવા માટે છાત્રાલયના સંચાલન, વિકાસ અને સુવિધાઓ બાબતે નિર્ણય કરી વધુમાં વધુ વિદ્યાર્થીનીઓ સંસ્થાનો લાભ લે તેવા પ્રયત્નો કરવાનું નક્કી થયેલ હતું.

અધ્યક્ષસ્થાને ઉદ્‌બોધન આપતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ વર્ષો પહેલા કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજે કન્યા કેળવણીના ક્ષેત્રે દર્શાવેલ જાગૃતિનો ચિતાર આપી સમાજની કન્યાઓને આધુનિક તથા વ્યાવસાયીક શિક્ષણના ક્ષેત્રે વધુને વધુ પ્રોત્સાહન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન મંત્રી શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણે કરેલ હતું. રસિકભાઇ ચૌહાણ, અનસુયાબેન પરમાર, ગૃહમાતા ઇન્દુબેન વ્યાસ અને વિદ્યાર્થીનીઓએ વ્યવસ્થા સંભાળી હતી.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસ નાગપુર ની સભા યોજાઇ



તારીખ ૨૧-૦૮-૨૦૨૨ રવિવારના દિવસે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસ નાગપુરના કાર્યવાહક સમિતિની બેઠક નાગપુર મુકામે મહાસભા તથા નાગપુર ઘટક પ્રમુખ આદરણીય શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાના નિવાસ સ્થાને સવારે ૧૧:૦૦ વાગે આયોજીત કરવામાં આવેલ હતી.



સર્વપ્રથમ શ્રી ક.ગુ.ક્ષ સાર્વજનિક ન્યાસ નાગપુરના સહસચિવ શ્રી કમલેશભાઈ હરિલાલભાઈ રાઠોડ દ્વારા મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડાને મંચ ઉપર સ્થાન ગ્રહણ કરવા આમંત્રિત કરેલ તેમજ શ્રી સાર્વજનિક ન્યાસના આદરણીય પ્રમુખશ્રી અમૃતલાલભાઈ કેશવજીભાઈ ટાંક અને મંત્રી શ્રી મિતેશભાઈ કરસનભાઈ પરમાર અપરિહાર્ય કારણસર હાજર ન થઈ શક્યા માટે સાર્વજનિક ન્યાસના ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમારને મંચ ઉપર પોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરેલ. મહાસભાના આદ.ઉપપ્રમુખશ્રી નિખીલભાઈ ધનજીભાઈ ચૌહાણ, મહાસભાના સહસચિવ શ્રી રમણીકભાઈ હિરજીભાઈ ચૌહાણ, મધ્ય ઝોનના ઝોનલ પ્રમુખ શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક, અખિલ ભારતીય મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી મીનાબેન યોગેશભાઈ ચાવડા, ઝોનલ પ્રમુખ શ્રીમતી મીનાબેન ચાવડા, પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નદીની બેન કમલેશભાઈ ચૌહાણ તેમજ ગોંદિયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ રાઠોડ, તુમસર ઘટક પ્રમુખ શ્રી ગોવર્ધનભાઈ ટાંક, વર્ધા ઘટક પ્રમુખ શ્રી હરિશભાઈ પરમાર, ચંદ્રપુર બલારસા ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઈ ચૌહાણ, પુસદ ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ચાવડાને મંચ ઉપર પોતાનું સ્થાન ગ્રહણ કરવા આમંત્રિત કરેલ. સર્વપ્રથમ સહસચિવ શ્રી કમલેશભાઈ રાઠોડ દ્વારા મંચસ્થ ઉપસ્થિત સર્વે મહાનુભાવોને દીપ પ્રજ્વલિત કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યું. શ્રી કમલેશભાઈ રાઠોડ દ્વારા શ્રી ગણેશ સ્તુતિ પ્રસ્તુત કરવામાં આવી તથા શ્રીમતી મીનાબેન ચાવડા શ્રીમતી નલીનીબેન ચૌહાણ તથા તનુજાબેન રાઠોડ દ્વારા પ્રભુ પ્રાર્થના કરવામાં આવી. મંચસ્થ વિરાજમાન સર્વે મહાનુભાવોનું પુષ્પ

ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું .

સહસચિવ દ્વારા ગત સભાની કાર્યવાહીનું વાંચન કરવા માટે ન્યાસ ના કોષાધ્યક્ષ શ્રી જયંતીભાઈ વેગડ ને આમંત્રિત કરેલ શ્રી જયંતીભાઈ વેગડે અહેવાલ વાંચી સર્વે સભ્યો સમક્ષ રજૂ કર્યો સર્વે સભ્ય દ્વારા અહેવાલને બહાલી આપવામાં આવી. સહમંત્રી શ્રી કમલેશભાઈ રાઠોડે ૧-૪-૨૦૨૧ થી ૧-૩- ૨૦૨૨ નું ઓડિટેડ આય - વ્યય તથા સરવૈયા નું વાંચન કરેલ સભ્યો દ્વારા કોઈપણ સુધારા વધારા નું સૂચન ન આવ્યા ના કારણે સાદર આય વ્યય અને સરવૈયાને એક મતે બહાલી આપવામાં આવી.

સહમંત્રી શ્રી દ્વારા સભાને ઘટક દ્વારા આર્થિક મદદ શૈક્ષણિક અને તબીબી સહાયની માહિતી વાંચીને સંભળાવી કોઈપણ સૂચન ન આવવાના કારણે યાદીને એક મતથી બહાલી આપવામાં આવી. પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય વિષયમાં મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાએ પોતાના ઉદબોધનમાં સમાજના મુખ્ય બે મુદ્દાઓ પર ધ્યાન આકર્ષિત કરતા કહ્યું કે આપણા સમાજની ઇ -ડિજિટલ વસ્તી પત્રક પ્રમાણે આપણા સમાજની જન સંખ્યા દિવસો દિવસ ઘટે છે અત્યારે ૫૦,૦૦૦ ની અંદર પહોંચી ગયેલ છે તેનું મુખ્ય કારણ આપણા નાતની કન્યાઓનું પર નાતમાં સગપણ થવું છે પુત્ર પુત્રીઓના માટે વાલીઓને નિવેદન છે કે તેઓ પોતાના સંતાનોને ધ્યાન આપે તથા સમાજમાં જ તેમનું સગપણ સુનિશ્ચિત થાય તેવા પ્રયત્નો તથા સંસ્કાર આપવા જોઈએ.

અંતમાં આભાર માટે મંત્રી શ્રી દવારા ચંદ્રપુર બલ્લારસા ઘટકના પ્રમુખ શ્રી દિલીપભાઈ ચૌહાણ ને આમંત્રિત કરેલ શ્રી દિલીપભાઈ ચૌહાણ એ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો આટલો સુંદર સરસ આયોજન કરવા બદલ હૃદયથી શ્રી યોગેશભાઈ ચાવડા નો આભાર વ્યક્ત કરેલ અને સર્વેને ભોજન ગ્રહણ કરવા માટે વિનંતી કરેલ અંતમાં સર્વે ઉપસ્થિત સભ્ય દ્વારા રાષ્ટ્રગીત રજૂ કરવામાં આવ્યું અંત પ્રમુખશ્રીના અનુમતિથી સભા સમાપ્ત કરવામાં આવી.

## સગપણ-લગ્ન નોંધ

દુર્ગ : વિનાયકપુર (નાગલપર) નિવાસી ગં.સ્વ. નીતાબેન રમણીકભાઇ ટાંકના સુપુત્ર ચિ. વિપુલકુમારનું સગપણ સેલુદ (ખંભરા) નિવાસી ગિરીશભાઇ ધારશીભાઇ રાઠોડની સુપુત્રી કુ. વાણી સાથે તા. ૪-૯-૨૦૨૨ના રોજ સંપન્ન થયેલ છે.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસ નાગપુર (વિદર્ભ પ્રાદેશિક ટ્રસ્ટ)

# પ્રતિભાવાન વિદ્યાર્થીઓનું સન્માન

આથી વિદર્ભ પ્રાદેશિક અંતર્ગત આવતા નાગપુર, ગોંદિયા, અમરાવતી, ચંદ્રપુર-બલ્લારશાહ, અકોલા, તુમસર, વર્ધા તથા યવતમાલ ઘટકોમાં વસતા વિદ્યાર્થીઓ તથા તેમના અભિભાવકોને સૂચિત કરવામાં આવે છે કે ન્યાસ માધ્યમિક (S.S.C), ઉચ્ચ માધ્યમિક (H.S.S.C ) તથા શ્રીમતી મૃદુલાબેન હિંમતભાઈ રાઠોડ ના સૌજન્યથી અભિયાંત્રિકી (B.E) ની પરીક્ષા ૨૦૨૨ માં ૭૫% અથવા તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર ત્રણ વિદ્યાર્થીઓને સુવર્ણ, રજત, તથા કાંસ્ય ચંદ્રક આપીને સન્માનિત કરવા જઈ રહ્યું છે માટે જે વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ પરીક્ષામાં ૨૦૨૨ માં ૭૫% અથવા તેથી વધુ ગુણાંક પ્રાપ્ત કર્યા હોય તેને પ્રમાણિત ગુણ પત્રિકા તથા એક ફોટો તથા સરનામું ઘટક મારફત ન્યાસના સહમંત્રીના સરનામા પર મોકલવા વિનંતી કરવામાં આવે છે.

૧. માધ્યમિક પરીક્ષા (S.S.C) માર્ચ/એપ્રિલ-૨૦૨૨

૨. ઉચ્ચ માધ્યમિક પરીક્ષા (H.S.S.C)
માર્ચ/એપ્રિલ - ૨૦૨૨ (પ્રત્યેક શાખા માટે જુદા જુદા)
A. વિજ્ઞાન (Science)
B. વાણિજ્ય (Commerce)
C. કલા ( Arts)

૩. અભિયંત્રિકી ( B.E)

તેવી જ રીતે ડો અશોકભાઈ હેમરાજભાઈ ટાંક નાગપુરના સૌજન્ય થી ચિકિત્સા શાસ્ત્ર (M.B.B.S ) તથા સુશ્રુષાં (nursing) ૨૦૨૨ માં પ્રથમ ક્રમાંક ના ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને સ્વર્ણ ચંદ્રક તથા સ્વર્ગીય જીવરામભાઈ કુંવરજીભાઈ ટાંક ગોંદિયા ના સ્મૃતિ અર્થે વાણિજ્ય સ્નાતક (B.COM) ૨૦૨૨ ની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકના ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપી સન્માન કરવામાં આવશે.

સન્માન માટે ચયન થયેલ વિદ્યાર્થીને પોતાના એક અવિભાવક સાથે સન્માન સ્થળે આવવા જવાનું પ્રવાસ ખર્ચ આપવામાં આવશે. આ બાબતની આવશ્યક માહિતી ન્યાસ ના સહમંત્રી શ્રી ને ૩૦ નવેમ્બર ૨૦૨૨ સુધી મળી જાય એવીરીતે મોકલાવવાની છે. ઘટક મારફત માર્ફત માહિતી મોકલાવવાનું સરનામું.

**Kamlesh.H.Rathod**
Near Rathod Tall, Gaddha Toli,
Post. Dis.GONDIA (M.H)Pin. 441614 Mo. 9404075510

વિનીત
મિતેષ ક.પરમાર- મંત્રી, શ્રી ક.ગુ.ક્ષ.સા.ન્યાસ

# અનંતની યાત્રાએ...



નાગલપર નિવાસી શ્રી ધરમશીભાઇ ભચુભાઇ વરૂ (ઉ.વ.૭૫)નું તા. ૦૭-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રીમતી નિર્મળાબેન કૃષ્ણકુમાર ચાવડા (ઉ.વ.૭૦)નું તા. ૨૩-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (દેવળીયા) નિવાસી દેવકુમાર કેવલભાઇ રાઠોડ (ઉ.વ.૨)નું તા. ૧૩-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર નિવાસી શ્રી નિલયભાઇ કાંતિલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૩૭)નું તા. ૨૩-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (કુંભારીયા) નિવાસીશ્રી શાંતિલાલભાઇ જીવરામભાઇ રાઠોડ (ઉ.વ.૬૬)નું તા. ૧૮-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી શ્રીમતી મનિષાબેન સુનિલભાઇ રાઠોડ (ઉ.વ.૪૯) નું તા. ૨૩-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



જગદલપુર (દેવળીયા) નિવાસી શ્રીમતી ત્રિવેણીબેન મુળજીભાઇ ચાવડા (ઉ.વ.૭૭)નું તા. ૧૩-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



હૈદ્રાબાદ (ચંદીયા) નિવાસી ડૉ. ઉત્તમલાલ માધવજીભાઇ ચાવડા (ઉ.વ.૭૮)નું તા. ૨૬-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (કુંભારીયા) નિવાસી શ્રી દયારામભાઇ નારાયણભાઇ રાઠોડ (ઉ.વ.૮૮)નું તા. ૦૩-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી પ્રવિણભાઇ જીવરામભાઇ પરમાર (ઉ.વ.૫૨)નું તા. ૩૦-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



ભુજ (સિનુગ્રા) નિવાસી શ્રી બલરામભાઇ માવજીભાઇ ગોહિલ (ઉ.વ.૮૦) માજી પ્રમુખશ્રી ભુજ ઘટકનું તા. ૨૧-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



બારસી (દેવળીયા) નિવાસી શ્રી રણછોડભાઇ ગોવિંદભાઇ પરમાર (ઉ.વ.૮૮) બારસી-લાતુર-ઉસ્માનાબાદ ઘટકના માજી પ્રમુખનું તા. ૩૦-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




ચિરમીરી (કુંભારીયા) નિવાસી ડૉ. શ્રી પંકજભાઇ ત્રંબકલાલભાઇ સાવરીયા (ઉ.વ.૬૦) મંત્રી શ્રી ચીરમીન ઘટકનું તા. ૨૦-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



શિવની (કુકમા) નિવાસી શ્રી ચીમનભાઇ નારાયણભાઇ ટાંક (ઉ.વ.૬૨)નું તા. ૦૭-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.

# અનંતની યાત્રાએ...



મુંબઇ (નાગોર) નિવાસી શ્રી ધીરજલાલ દેવસી રાજા ચૌહાણ (ઉ.વ.૭૮)નું તા. ૦૮-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (કુકમા) નિવાસી શ્રી નિશાંતભાઇ અમૃતલાલભાઇ રાઠોડ (ઉ.વ.૩૩)નું તા. ૦૮-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર નિવાસી શ્રી સુનિલભાઇ જયંતિલાલ ચાવડા (મોનુ)નું તા. ૦૮-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (અંજાર) નિવાસી શ્રી દીલીપભાઇ હરીભાઇ ટાંક તે વેલુબેન ચાવડા-પૂર્વ પ્રમુખ અ.ભા.મ.મંડળ તથા જયંતભાઇ ટાંકના ભાઇનું તા. ૯-૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અમદાવાદ (સિનુગ્રા) નિવાસી શ્રી મોહનભાઇ ખીમજીભાઇ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૦૧-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અમદાવાદ (કુકમા) નિવાસી ગં.સ્વ. રંભાબેન પરસોત્તમભાઇ પરમાર (ઉ.વ.૭૫)નું તા. ૦૪-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગોર નિવાસી શ્રી મેઘજીભાઇ લધાભાઇ ચૌહાણ (ઉ.વ.૭૬)નું પૂર્વ પ્રમુખ નાગોર ઘટકનું તા. ૧૪-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



માધાપર (કુકમા) નિવાસી શ્રી કાંતિલાલ શીવજીભાઇ ટાંક (ઉ.વ.૬૮)નું તા. ૧૧-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




માધાપર નિવાસી શ્રી અરૂણભાઇ ખીમજીભાઇ રાઠોડનું તા. ૧૨-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી શિવજીભાઇ હરજીભાઇ પરમાર (ઉ.વ.૯૩)નું તા. ૧૨-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (ખેડોઇ) નિવાસી શ્રી ધર્મેન્દ્રભાઇ હિરેનભાઇ પરમાર (ઉ.વ.૩૦)નું તા. ૨૫-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



ગળપાદર (કુકમા) નિવાસી શ્રી દામોદરભાઇ કરમણભાઇ ચૌહાણ (ઉ.વ.૯૯)નું તા. ૧૬-૦૯-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



ગોંદિયા (હાજાપર) નિવાસી શ્રી કૌશિકભાઇ ચંદુભાઇ પરમાર (ઉ.વ.૪૩)નું તા. ૩૦-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (સિનુગ્રા) નિવાસી શ્રીમતી પ્રેમીલાબેન ચંદુલાલ ટાંક (ઉ.વ.૬૬)નું તા. ૧૯-૦૮-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫–૦૧–૨૦૨૩ પહેલા અરજી કરવી.**

**:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::**

**SHRI BHARAT KANTILAL SAWARIA**

Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com

***With Best Compliments from...***

# Er. Keval B. Rathod

DCE, B.Tech Civil

**DEV CONSULTANT**
BUILD UNIQUE

**Consulting Civil Engineer**

*(Anjar Area Development Aurthority "AADA" Approved)*

*Bhoomi Complex, Ground Floor, Shop No. 3, In front of Vijay Card & Gift Shop, Turiya vad, Anjar (Kachchh) 370110*

- Architectural Planning
- Structural Design
- Building Permission
- Estimation
- 2D and 3D view
- Site Supervision
- Billing
- Interior Design
- Land Survey
- Any type of Civil Engineering Work

*Mo. +91 9428065623 E-mail : kbrathod92@gmail.com*

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.


ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

**Hemraj Damji Solanki**
**Ketan H. Solanki (B.Arch.)**
**Samir H. Solanki (B.E.)**

**098221 17126**
**098226 67940**
**097654 82266**

# M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)



# M/s. SAMEER TRADERS (Agencies House)
# 3rd DIMENSION (Architect & Engineers)

**D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365**



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

પ્રમુખશ્રી, કચ્છ પ્રાદેશિક સમિતિ


Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)

## માધવ સ્વીમીંગ – કુકમા











આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)



**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**

બસ સ્ટેશન પાસે, કુકમા

શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮





Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



YOGESH CHAWDA

vedbhumi

# VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
# VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works

Urja Engineering Company

Perfect Power Systems

Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009



*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric — AVOCAB WIRES & CABLES — HPL The Power of Technology — connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**UNITRON**

*The Instrumentation People*

**Vipin Rathod**
Managing Director

## UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.



**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in    unitron@vsnl.net    Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on October - 2022
Postal Registration No. G-KCH-185/2020-2022 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સિયારામ ||



## 'સમાજરત્ન'
## શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી

(પ્રમુખશ્રી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક)
(પ્રમુખશ્રી કન્યા છાત્રાલય, કુકમા)
(પ્રમુખશ્રી, નૂતન કેળવણી મંડળ, માધાપર)
(પ્રમુખશ્રી ધોરાવા મંદિર ટ્રસ્ટ, માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, માતાના મઢ જાગીર ટ્રસ્ટ)
(આજીવન ટ્રસ્ટીશ્રી, આશાપુરા માતાજી ભંડાર અને અતિથિગૃહ ટ્રસ્ટ)
(ઉપપ્રમુખશ્રી, હરિહર ટ્રસ્ટ, વાંઢાય)
(પ્રમુખશ્રી, સીતારામ સત્સંગ સેવા સમિતિ, રેહા)
(પ્રમુખશ્રી, રામબાઈ સેવા સમિતિ (અન્નક્ષેત્ર) માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, હાથ મિલાવો શક્તિ વિકાસ ટ્રસ્ટ, ઘમડકા)



SHREE RAM GROUP OF INDUSTRIES

Mohit V. Solanki
9925233580

- M/s. Vinod P. Solanki
- Shree Ram Processors
- Shree Ram Kaolin
- Shree Ram China Clay
- M/s. N.V. Solanki

# SHREE RAM GROUP OF INDUSTRIES

Mines Owner, Supplier & Exporter of Crude China Clay Levigeted China Clay, Kaolin Powder & Silica Sand

Junavas Main Bazar, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
Tel No. 02832-242326, 293137, Fax : 242295 E-mail : info.shreeramgroup@gmail.com

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૬,૦૦૦/- નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.)
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
PAN NO. AABTS 4600 B

આપના વિનમ્ર

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી કાંતીલાલ આર. પરમાર - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.